Monday 31, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૯૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડમાં 'એવરેસ્ટ' હીંગ પર FSSAIનો સપાટો

**પાલગામના યુનિટમાંથી આવતી હીંગના વેચાણ અને વિતરણ પર પ્રતિબંધ : અન્ય મસાલાના વેચાણ પર કોઈ રોક નહીં**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** દેશની જાણીતી મસાલા બ્રાન્ડ 'એવરેસ્ટ' સામે FSSAI દ્વારા ઉમરગામ તાલુકાના પાલગામ માં આવેલા એવરેસ્ટ કંપનીના પ્રોડક્શન યુનિટમાંથી લેવાયેલા હીંગના નમૂના ગુણવત્તાના ધોરણોમાં નિષ્ફળ સાબિત થતાં તંત્રએ તેની કમ્પાઉન્ડેડ હીંગના વેચાણ અને વિતરણ પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે.

દેશની જાણીતી મસાલા બ્રાન્ડ 'એવરેસ્ટ' સામે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા મોટી લાલ આંખ કરવામાં આવી છે. વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના પાલગામ ખાતે આવેલા એવરેસ્ટ કંપનીના પ્રોડક્શન યુનિટમાંથી લેવાયેલા હીંગના નમૂના ગુણવત્તાના ધોરણોમાં નિષ્ફળ સાબિત થતાં તંત્રએ તેની કમ્પાઉન્ડેડ હીંગના વેચાણ અને વિતરણ પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે.


ગુજરાત રાજ્ય ખાદ્ય વિભાગ અને FSSAI દ્વારા સંયુક્ત રીતે પાલગામ સ્થિત યુનિટ પર તપાસ હાથ ધરીને હીંગના વિવિધ સેમ્પલ લેબ ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યા હતા.

લેબોરેટરીના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે એવરેસ્ટની કમ્પાઉન્ડેડ હીંગમાં સરકારી નિયમ મુજબ હોવું જોઈએ તે અસલી હીંગનું પ્રમાણ ૩૦ થી ૪૦ ટકા જેટલું ઓછું જોવા મળ્યું હતું.

આ પ્રોડક્ટ માં હલકી ગુણવત્તા સાબિત થતાં FSSAI એ ગ્રાહકોના હિતને ધ્યાને રાખી આ કડક પગલું ભર્યું છે.

ખાદ્ય વિભાગે તમામ વેપારીઓ અને ડિસ્ટ્રીબ્યુટર્સને આ ચોક્કસ બેચના માલનું વેચાણ તાત્કાલિક બંધ કરવા આદેશ આપ્યો છે. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ પ્રતિબંધ ફક્ત અને ફક્ત 'એવરેસ્ટ'ની કમ્પાઉન્ડેડ હીંગ પર જ લગાવવામાં આવ્યો છે.

કંપનીના અન્ય ઉત્પાદનો જેવા કે ગરમ મસાલા, ચિકન મસાલા, એગ કરી મસાલા વગેરે પર કોઈ પ્રતિબંધ નથી અને તેનું વેચાણ રાબેતા મુજબ ચાલુ રહેશે.



## જીરવલનું 'વન ટ્રી' યુવાનો માટે સેલ્ફી પોઈન્ટ બન્યું

કપરાડા, નાનાપોંઢા તાલુકા અને દાદરા નગર હવેલી વિસ્તારમાં વન ટ્રી નામે પ્રસિદ્ધ પામેલું આ સ્થળે મોટી સંખ્યામાં યુવાઓનો ધસારો જોવા મળે છે. સેલ્ફી માટે ઉત્તમ સ્થળમાનું આ સ્થળ એક હોવાનું યુવાઓ જણાવી રહ્યા છે. આ ડુંગર પર એક માત્ર વૃક્ષ સાથે આજુબાજુના વિસ્તારનું આહલાદક અને મનમોહક વાતાવર મોજ માંણતા યુવાઓ માટેનું કેન્દ્ર બની ગયું છે.

## વાપી મનપાના ટાઉન અને ગ્રામ્ય વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજ્ય

**ડોર ટુ ડોર કચરા કલેક્શન પણ છેલ્લા કેટલાક દિવસોથી ખોરવાતા નગરજનોમાં રોષ**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી અનેક સ્થળોએ સાફ-સફાઈની કામગીરી ખોરવાઈ જતાં તેમજ ડોર ટુ ડોર કચરો કલેક્શનની કામગીરી નિયમિત ન થતાં નગરજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ટાઉન વિસ્તાર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઠેર-ઠેર કચરાના ઢગલા જોવા મળતા ગંદકીનું સામ્રાજ્ય ઊભું થયું હોવાની ફરિયાદો ઉઠી રહી છે. વાપી ટાઉન તેમજ અન્ય વિસ્તારોમાં ડોર ટુ ડોર કચરો કલેક્શન માટે અલગ વાર્ષિક ટેન્ડર કરવામાં આવ્યું છે. તેવી જ રીતે સાફ-સફાઈની કામગીરી માટે પણ અલગ વાર્ષિક ટેન્ડર કરી આશરે ત્રણ જેટલી એજન્સીઓને જુદા જુદા વિસ્તારોની જવાબદારી સોંપવામાં આવી છે. પરંતુ છેલ્લા કેટલાક મહિનાઓથી ટેન્ડર હેઠળ કામગીરી સંભાળતી એજન્સીઓ દ્વારા તેમને સોંપાયેલા વિસ્તારોમાં નિયમિત સાફ-સફાઈ કરવામાં આવતી ન હોવાની ફરિયાદો ઉઠી રહી છે. જેનું મુખ્ય કારણ સફાઈ કામદારોને એજન્સી દ્વારા નિયમિત પગાર નહીં કરતા હોવાની ચર્ચા પણ સંભળાઈ રહી છે.

કેટલાક વિસ્તારોમાં તો મહિનામાં માત્ર એકાદ વખત જ સફાઈ માટે કર્મચારીઓ આવતા હોવાની બૂમ નગરજનો દ્વારા ઉઠાવવામાં આવી રહી છે. પરિણામે રસ્તાઓ, જાહેર સ્થળો અને રહેણાંક વિસ્તારોમાં કચરો એકત્ર થવાથી લોકોની હાલાકી વધી રહી છે. સ્થાનિકોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે આરોગ્ય વિભાગના સેનેટરી ઈન્સ્પેક્ટર અને તેમની ટીમના કર્મચારીઓ દ્વારા નગરજનોની તમામ ફરિયાદોને સમાન ગંભીરતાથી ધ્યાને લેવાને બદલે કેટલાક મળતિયાઓ અને કહેવાતા બની બેઠેલા નેતાઓની ફરિયાદોને જ પ્રાધાન્ય આપવામાં આવે છે. તેવી ફરિયાદ કરનાર નગરજનો માં ચર્ચા ચાલી રહી છે.

સફાઈ અને કચરા કલેક્શન જેવી મૂળભૂત નાગરિક સુવિધાઓમાં બેદરકારીને કારણે નગરજનોમાં નારાજગી વધી રહી છે. ત્યારે વાપી મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના ચેરમેન સંદીપભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશ્નર તેમજ મનપાના પ્રમુખ દક્ષાબેન પટેલ, ઉપપ્રમુખ મિતેશભાઈ દેસાઈ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ દ્વારા સમગ્ર મામલે તાત્કાલિક તપાસ હાથ ધરી જવાબદાર એજન્સીઓ સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. સાથે જ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં રોજેરોજ ડોર ટુ ડોર કચરો કલેક્શન થાય અને દરરોજ નિયમિત સાફ-સફાઈ થાય તેવી કડક વ્યવસ્થા ગોઠવવામાં આવે, તેવી પણ નગરજનો દ્વારા માંગ કરવામાં આવી રહી છે. જોકે વાપી મહાનગરપાલિકાના મુખ્ય બજાર નહેરુ સ્ટ્રીટ ગીતા નગર મુખ્ય માર્ગ તેમજ વાપી કોપરલી રાજમાર્ગ ઉપર જ સફાઈ કરવામાં આવે તેમ દેખાઈ રહ્યું છે જોકે જે એજન્સીઓને સાફ-સફાઈ નો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે તેઓની પાસે સફાઈ કામદારો ની સંખ્યા ખૂબ જ ઓછી હોવાની ચર્ચા પણ જણાઈ રહી છે.

## નવસારીમાં વડાપ્રધાન મોદી 'કમલમ'નું લોકાર્પણ કરશે

**વડાપ્રધાનની નવસારી પ્રવાસને લઈને કેન્દ્રીય જળશકિતમંત્રી સી.આર. પાટીલના અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૩૦ :** આગામી ૮ સપ્ટેમ્બર ૨૦૨૬, મંગળવારના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નવસારી જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાન બપોરે ૨:૦૦ વાગે ગ્રીડ હાઈવે ખાતે નવનિર્મિત 'કમલમ' કાર્યાલયનું ભવ્ય લોકાર્પણ કરશે.

આ પ્રવાસની આયોજનબદ્ધ તૈયારીઓ અંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા કલેક્ટર અને પોલીસ પ્રશાસન સાથે સુરક્ષા વ્યવસ્થા, હાઈવેની સ્વચ્છતા, સભા ડોમ, પાર્કિંગ અને કાર્યક્રમ નિર્માણ અંગે ઝીણવટભરી ચર્ચા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન 'સ્વચ્છતા હી સેવા' અને 'જળ સંચય' ને લગતા જનકલ્યાણકારી કાર્યક્રમો પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. કેન્દ્રીયમંત્રી સી.આર. પાટીલે વડાપ્રધાનના ભવ્ય સ્વાગત સહિત સમગ્ર લોકાર્પણ કાર્યક્રમ સહિત સુચારુ રીતે સંપન્ન થાય તે માટે જરૂરી સુચનાઓ આપી હતી. આ બેઠકમાં નાણાં મંત્રી અને પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ તથા ખાદી-ગ્રામોદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલ, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ તથા સંગીતાબેન પાટીલ, સંગઠન પ્રમુખ ભુરાભાઈ તેમજ જિલ્લા કલેક્ટર મનીષ ગુરુવાની, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, પોલીસ અધિક્ષક રાહુલ પટેલ તેમજ અન્ય ઉચ્ચ કક્ષાના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લામાં ગણેશોત્સવ માટે સિંગલ વિન્ડો સિસ્ટમ અમલી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** વલસાડ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ગણપતિ ઉત્સવ-૨૦૨૬માં આયોજકોની સુવિધા માટે સભા, સરઘસ અને લાઉડસ્પીકરની પરવાનગીઓ આપવા સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરવાનો હુકમ કરાયો છે. આ વ્યવસ્થા હેઠળ, અરજદારોને વિવિધ પરવાનગીઓ માટે અલગ-અલગ જગ્યાએ જવાને બદલે સિંગલ વિન્ડો સિસ્ટમના માધ્યમથી એક જ સ્થળેથી તમામ મંજૂરીઓ મળી રહેશે.

આ કામગીરી માટે સંબંધિત સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટના માર્ગદર્શન હેઠળ જે તે વિસ્તારના મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને અધિકૃત કરવામાં આવ્યા છે. પોલીસ સંકલન જાળવવા નાયબ પોલીસ અધિક્ષક દ્વારા દરેક મામલતદાર કચેરી ખાતે સંબંધિત પોલીસ સ્ટેશનના એક કર્મચારીની નિયુક્તિ કરવામાં આવશે. દરેક કચેરીમાં આ સમગ્ર કામગીરીના સંકલનની જવાબદારી નાયબ મામલતદાર કક્ષાના કર્મચારીને સોંપવાની રહેશે.

અરજદાર દ્વારા પરવાનગીની માંગણી થયેથી રજાના દિવસો સિવાય ૩ (ત્રણ) દિવસની અંદર જ પરવાનગી અપાઈ જાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે. આ હુકમ માત્ર આગામી ગણપતિ ઉત્સવ-૨૦૨૬ પૂરતો જ અમલી રહેશે અને આ સમયગાળા દરમિયાન સરકારના પ્રવર્તમાન નીતિ-નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવાનું રહેશે.

## અતુલ ગ્રા.પં.માં સરપંચ-ઉપસરપંચની હકાલપટ્ટી બાદ વહીવટ ઠપ્પ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** વલસાડ તાલુકાની મહત્વની ગણાતી અતુલ ગ્રામ પંચાયતમાં વિવાદો અને વહીવટી અવ્યવસ્થાને કારણે ગામનો વિકાસ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે. અગાઉ પંચાયતમાં વિવિધ બિલોના ચૂકવણા બાબતે થયેલી ફરિયાદોના આધારે વલસાડ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કડક કાર્યવાહી હાથ ધરીને સરપંચ વિક્રમ નાયકાને તેમના હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા હતા.

છેલ્લા કેટલાક મહિનાઓથી સરપંચ અને ઉપસરપંચ બંનેના પદ ખાલી હોવા છતાં તંત્ર દ્વારા અન્ય કોઈ સભ્યને ચાર્જ સોંપવામાં આવ્યો નથી કે નવી કોઈ નિમણૂક કરવામાં આવી નથી. પંચાયતનું સુકાન સંભાળનાર કોઈ ન હોવાથી વહીવટ સંપૂર્ણપણે ખોરંભે પડ્યો છે.વિવિધ એજન્સીઓ દ્વારા કરવામાં આવેલા કામોના બિલો મંજૂરી વિના પંચાયત દફતરે પેન્ડિંગ પડ્યા છે. અન્ય સભ્યોના વોર્ડ વિસ્તારમાં ચાલતા અને મંજૂર થયેલા વિકાસ કામો અટકી પડ્યા છે. રોજિંદા ગ્રામીણ કામકાજ માટે અરજદારોને મુશ્કેલી વેઠવી પડી રહી છે. ગામનો વિકાસ રુંધાતો અટકાવવા માટે વલસાડ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તાત્કાલિક હસ્તક્ષેપ કરવામાં આવે અને પંચાયતના સક્ષમ સભ્યોમાંથી કોઈને ચાર્જ સોંપી વહીવટ પુનઃ ધમધમતો કરવામાં આવે તેવી પ્રબળ લોકમાગ અતુલ પંથકમાં ઉઠી છે.

## વાપી પંથકમાં રક્ષાબંધનની પરંપરાગત ઉજવણી થઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** વાપી પંથકમાં રક્ષાબંધનનો પવિત્ર તહેવાર ધાર્મિક અને શ્રદ્ધાપૂર્વક ઉજવાયો હતો. બહેનોએ ભાઈના કપાળે તિલક કરી, રાખડી બાંધી તથા મીઠાઈ ખવડાવી ભાઈ-બહેનના પવિત્ર સંબંધને વધુ મજબૂત બનાવ્યો હતો. તહેવારને લઈ સમગ્ર પંથકમાં ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. સમગ્ર દેશમાં રક્ષાબંધન તરીકે ઉજવાતા આ તહેવારને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં બળેવ તરીકે પણ ઉજવવામાં આવે છે. ખાસ કરીને આદિવાસી તેમજ માછીમાર સમાજ માટે પણ આ દિવસનું વિશેષ મહત્વ છે. અનેક માછીમાર અને આદિવાસી પરિવારો દ્વારા પરંપરા મુજબ રક્ષાબંધનના દિવસથી દરિયા તથા નદીમાં માછીમારીના કામકાજની શરૂઆત કરવામાં આવતી હોય છે.

વાપી પંથકમાં રક્ષાબંધનને લઈ છેલ્લા કેટલાક દિવસોથી જ બજારોમાં ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો. તહેવારના દિવસે રાખડી બજારમાં વિવિધ પ્રકારની રાખડીઓની સાથે મીઠાઈનું પણ ધૂમ વેચાણ થયું હતું. વેપારીઓમાં પણ સારો વેપાર થતાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તહેવારને કારણે વાપીના રસ્તાઓ પર પણ લોકોની ભારે અવરજવર જોવા મળી હતી. મોટી સંખ્યામાં લોકો એસટી બસ તથા રેલવે મારફતે વાપી પહોંચ્યા હતા અને ત્યાંથી દમણ તરફ જવા રવાના થયા હતા. જેના કારણે વાપીના મુખ્ય માર્ગો તથા બસ અને રેલવે સ્ટેશન વિસ્તારમાં દિવસ દરમિયાન લોકોની ભીડ જોવા મળી હતી.

**આજે ડાંગ કલેક્ટર કચેરી ખાતે વિશાળ રેલી અને આવેદનપત્ર પાઠવશે**

## ડાંગના સીતાવનમાં ધાર્મિક મૂર્તિઓ ખંડિત થતા પંથકમાં ચકચાર

**ડાંગ જિલ્લાનાં ગારખડી-ઝરી ગામ નજીક સીતાવનમાં મૂર્તિ ખંડિત થતા સ્થાનિકોમાં વિરોધનો વંટોળ,ડાંગ ધારાસભ્ય વિજયભાઈ પટેલ અને પોલીસ કાફલો સ્થળ પર પોહચી નિરીક્ષણ કર્યું**







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૩૦ :** ડાંગ જિલ્લાના સુબિર તાલુકાનાં ગારખડી અને ઝરી ગામ વિસ્તારમાં પૌરાણિક મહત્વ ધરાવતા સીતાવન વિસ્તારમાંથી એક અત્યંત સંવેદનશીલ અને આઘાતજનક ઘટના સામે આવી છે. અજ્ઞાત અસામાજિક તત્વો દ્વારા ધાર્મિક મૂર્તિઓને ખંડિત કરવામાં આવતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. પૌરાણિક અને ધાર્મિક આસ્થા સાથે જોડાયેલા આ પવિત્ર સ્થળે મૂર્તિઓને નુકસાન પહોંચાડવાના કૃત્યથી સ્થાનિક શ્રદ્ધાળુઓ અને આદિવાસી સમાજની ધાર્મિક આસ્થાને ઊંડી ઠેસ પહોંચી છે,જેના કારણે લોકોમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે અને ભારે રોષનો માહોલ સર્જાયો છે. આ ઘટનાની જાણ થતાં જ આજુબાજુના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં સ્થાનિક લોકો સીતાવન ખાતે એકઠા થઈ ગયા હતા અને આ નિકૃષ્ટ કૃત્ય કરનારા દોષિતો સામે તાત્કાલિક ધોરણે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સાથે વિરોધ દર્શાવ્યો હતો. આ બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ પણ ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને વિશાળ પોલીસ કાફલા સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. ધારાસભ્યએ સ્થળ પરની પરિસ્થિતિનો તાગ મેળવીને દોષિતોને વહેલી તકે ઝડપી પાડવા નિર્દેશ આપ્યા હતા. પોલીસ કાફલાએ સમગ્ર ઘટનાસ્થળને કોર્ડન કરી ફોરેન્સિક અને ટેકનિકલ ટીમોની મદદથી પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરી છે. પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.સુબિર પંથકમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે સીતાવન અને આસપાસના વિસ્તારોમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે. તંત્ર દ્વારા સ્થાનિકોને શાંતિ અને અફવાઓથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે, જ્યારે પોલીસે ખાતરી આપી છે કે આ અસામાજિક તત્વોને શોર્ટ સમયમાં શોધીને કાયદાનું ભાન કરાવવામાં આવશે. વધુમાં આ સંદર્ભે હિન્દૂ સંગઠનનાં આગેવાનોની આજે ગારખડી ખાતે બેઠક મળી હતી. જેઓએ ૩૧મી ઓગષ્ટનાં રોજ આહવા ખાતે વિશાળ રેલીમાં સૌ કોઈને હાજર રહેવા અનુરોધ કર્યો હતો.

**જોઈએ છે**

૧ વાપી ખાતે છરવાડા ગામે આવેલ શંકર ભગવાન ના મંદિર માટે પુજારીની જરૂર છે જેમેને રહેવાની સગવડ પણ આપવામાં આવશે. ઈચ્છુક વ્યક્તિ એ સંપર્ક કરવો

૨ વાપી છરવાડા ગામ ખાતે આવેલ ઓફિસ માટે લાયઝોનીંગ અને કલાર્કનુ કામ કરી શકે એવા માણસની જરૂર છે જેને લાયઝોનીંગના કામનો ઓછામાં ઓછો પાંચ વર્ષ નો હોવો જોઈએ. ઈચ્છુક વ્યક્તિ એ સંપર્ક કરવો

**વેચવાનું છે**

વાપી મહાનગર પાલીકા ના છરવાડા રહેણાંક વિસ્તારમાં NA 2500 Sqf નો પ્લોટ જેમાં લાઈટ, પાણીની તથા રોડની સુવિધા સાથે વેચવાનો છે ઈચ્છુક વ્યક્તિ એ ઉપર સંપર્ક કરવો

સંપર્ક નં : 8140977999

**નેમિનાથ ટ્રેડર્સ**




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

Email : neminathtradersvapi@gmail.com


CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S

**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**

unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount — Till 31st March
FREE Textbooks — From Nursery to Std 10
Special Concession — On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

દમણગંગા ટાઇમ્સ

DAMANGANGA TIMES


## બીલીમોરા પોલીસ મથકે રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૩૦ :** રક્ષાબંધન પર્વ નિમિત્તે બીલીમોરા વી.એસ. પટેલ કોલેજમાં અભ્યાસ કરતી તથા રાષ્ટ્રીય સેવા યોજના (NSS) સાથે જોડાયેલી દીકરીઓ દ્વારા બીલીમોરા પોલીસ મથકે અનોખી રીતે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજની દીકરીઓએ બીલીમોરા પોલીસ મથકના પીઆઈ કે એન સોલંકી સહિત પોલીસ જવાનોને રક્ષાસૂત્ર બાંધી તેમના દીર્ઘાયુ અને સુખી જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. પોલીસ જવાનો દ્વારા પણ બહેનો ત્યેનો સ્નેહ વ્યક્ત કરતાં દરેક દીકરીને ભેટ આપી રક્ષાબંધન પર્વની ખુશીમાં સહભાગી બન્યા હતાં.

આ પ્રસંગે પોલીસ અને દીકરીઓ વચ્ચે ભાઈ-બહેનના સ્નેહ અને લાગણીસભર સંબંધનું સુંદર દૃશ્ય સર્જાયું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રોગ્રામ ઓફિસર અજય મજેઠીયા તથા અરુણાબેન સોલંકીએ ભારે જહેમત ઉઠાવી હતી. રક્ષાબંધન પર્વે યોજાયેલા આ અનોખા કાર્યક્રમથી પોલીસ જવાનો અને NSS ની દીકરીઓ વચ્ચે આત્મીયતા અને ભાઈ-બહેનના સ્નેહનો સંદેશ પ્રસર્યો હતો.

## વાંસદાના સરા આદિવાસી વિકાસ સેવા મંડળના પ્રમુખ-મંત્રીની બિનહરીફ વરણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૩૦ :** વાંસદા તાલુકાના સરા, આદિવાસી વિકાસ સેવા મંડળ ની વાર્ષિક સાધારણ સભા માં શેઠ શ્રી સી. પી. દેસાઈ હાઈસ્કૂલ સરામાં રાખવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે વિનોદભાઈ ડી. ચૌધરી (ખરજઈ )અને મંત્રી પદે વજેસિંગભાઈ ડી. ભગરીયા (ધરમપુરી )ની સર્વાનુમતે બિન હરીફ વરણી કરવામાં આવી હતી.સાથે મંડળના સભ્ય જીનિતકુમાર એ. ગામીત (નવનિયુક્ત તાલુકા




પંચાયત સદસ્ય ) ને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરી અભિનંદન પાઠવ્યા હતા. શાળા અને છાત્રાલયની શૈક્ષણિક અને ભૌતિક પ્રગતિ થાય એ માટે ખભે ખભા મિલાવી કામ કરવાની સૌ એ સહમતી દર્શાવી હતી.

## ખેરગામ નવા રોડની કચરા યુક્ત દુર્ગંધ સંસ્કૃત ગૌરવ યાત્રાના બીજા દિવસ દૂર થઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૩૦ :** ખેરગામ નવા રોડ ખાતે ગિરધારી ચેમ્બર પહેલા ડાબી બાજુ દરરોજ બેફામ કચરો નંખાય છે જેના માટે પંચાયતે સીસીટીવી કેમેરો પણ લગાવેલો છે પણ પંચાયત આજ દિન સુધી દુર્ગંધ ફેલાવતો કચરો ફેકનારને પકડી શકી નથી કે અટકાવી શક્યા નથી. તાલુકા વિકાસ અધિકારી તરીકે મહેશ વિરાણીનું પણ ગંદકી અંગે ધ્યાન દોરતા બીજા દિવસે રેલી હોવાથી તેમણે રાતો રાત ગંદકી તલાટી કેમ મંત્રીને કહીને બે બે જેસીબી લગાડી દૂર કરાવી હતી. આ વખતે પણ સંસ્કૃત ગૌરવ યાત્રાના દિને આ ગંદકી સૌ કોઈ મહાનુભાવોએ જોઈ અને તેને બીજા દિવસે તંત્રાને દૂર કરવાનું સુઝતા જેસીબી અને બે ટ્રેક્ટર દ્વારા સાફ સુફી થઈ હતી.

## કછોલીમાં મેગા મેડિકલ કેમ્પમાં ૩૦૨ ગ્રામજનોએ આરોગ્ય સેવાનો લાભ લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૩૦:** ગણદેવીની અમૃતમ હોસ્પિટલ, રોટરી ક્લબ ઓફ ગણદેવી, ગાંધીઘર કછોલી, શ્રી કછોલી આર્ય સમાજ ટ્રસ્ટ, અમલસાડ વિ. વિ. કા. સ. મંડળી લી. અને રોટરી આઈ હોસ્પિટલ,નવસારીના સંયુક્ત ઉપક્રમે રવિવારે ગાંધીઘર કછોલી ખાતે ફ્રી મેડિકલ ચેકઅપ, કેન્સર નિદાન અને જનસેવા શિબિર યોજાઈ હતી. માનદ દાતા અપર્ણાબેન ઠક્કરના હસ્તે ખુલ્લા મુકાયેલા આ કેમ્પનો ૩૦૨ દર્દીઓએ ઘરઆંગણે લાભ મેળવ્યો હતો. જેમાં અમૃતમ હોસ્પિટલના હાડકાં, જનરલ મેડિસિન, ચામડી, બાળરોગ અને બહેરાશના નિષ્ણાત તબીબો દ્વારા ૭૭ દર્દીઓની તપાસ કરી મફત દવાઓ આપવામાં આવી હતી. જ્યારે રોટરી આઈ હોસ્પિટલ દ્વારા ૧૨૫ દર્દીઓની આંખની તપાસ કરી ૪૫ જરૂરિયાતમંદોને વિનામૂલ્યે ચશ્મા અપાયા હતા તેમજ ૧૩ દર્દીઓની મોતિયાબિંદની નિઃશુલ્ક શસ્ત્રક્રિયા નક્કી કરાઈ હતી.

કેમ્પ દરમિયાન ૬૩ મહિલાઓની સ્તન અને ગર્ભાશયના મુખના કેન્સરની તપાસ કરવામાં આવી હતી, જેમાં સ્થાનિક બહેનોએ જાગૃતિ માટે સુંદર ભૂમિકા ભજવી હતી, ઉપરાંત ૩૭ નાગરિકોએ સરકારી જનસેવા યોજનાઓનો લાભ લીધો હતો. આ પ્રસંગે રોટરી ક્લબના પ્રમુખ ફાલ્ગુનીબેન નાયક, મંત્રી દિપકભાઈ નાયક, અમૃતમ ટ્રસ્ટના પ્રમુખ રાકેશ નાયક, સેક્રેટરી અમિતભાઈ નાયક, નવસારી રોટરી આઈ હોસ્પિટલના સેક્રેટરી યોગેશ નાયક, અમલસાડ મંડળીના પ્રમુખ મિનેષ નાયક, ઉપપ્રમુખ હેમંતભાઈ નાયક, આર્ય સમાજ ટ્રસ્ટના પ્રમુખ મનોજ દેસાઈ અને ગાંધીઘરના ટ્રસ્ટી જીતેન્દ્ર નાયક સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અમૃતમ ચેરીટેબલ ટ્રસ્ટના સેક્રેટરી અમિત નાયકે સેવા- સાથ સહકાર આપનાર તમામ સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વાંસદામાં રખડતા ઢોરો પાકને નુકસાન કરતા ખેડૂતોમાં રોષ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૩૦ :** વાંસદા સહિત તાલુકાના હનુમાનબારી, ભમતી વિસ્તારમાં રખડતા ઢોર-ઢાંખર ખેતરોમાં ઘૂસી જઈ પાકને વ્યાપક નુકસાન પહોંચાડતા ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. ખેડૂતો દ્વારા વાંસદા પોલીસ મથકે પહોંચી નુકસાન અંગે રજૂઆત કરી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગ કરી હતી.

વાંસદાના પાટા ફળિયા, વડલી, હનુમાનબારી અને ભમતી વિસ્તારમાં રખડતા ઢોર ખેતરોમાં ઘૂસી જઈ પાકને વ્યાપક નુકસાન પહોંચાડતા ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. મોંઘવારીના સમયમાં ખેડૂતો મોંઘા ભાવે બિયારણ અને ખાતર લાવી ખેતી કરતા હોય છે. પાક તૈયાર થતાં સારી આવકની આશા સાથે ખેડૂતો ખેતરોમાં દિવસ-રાત મહેનત કરી પાકની જરૂરી કાળજી રાખે છે. પરંતુ આ વિસ્તારમાં રખડતા ઢોર-ઢાંખર ગમે ત્યારે ખેતરોમાં ઘૂસી જઈ પાકને નુકસાન પહોંચાડતા ખેડૂતોને મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવે છે. એટલું જ નહીં, રખડતા ડુક્કરોના ત્રાસથી પણ ખેડૂતો પરેશાન છે. પાકને બચાવવા અનેક ખેડૂતોને રાત્રિના આશરે ૧૧ વાગ્યા સુધી ખેતરોમાં રોકાઈ ઢોર અને ડુક્કરોને ભગાડવાની ફરજ પડે છે. આ સમસ્યા અંગે ખેડૂતો એકત્ર થઈ વાંસદા પોલીસ મથકે પહોંચ્યા હતા અને રખડતા ઢોર તથા ડુક્કરોના ત્રાસથી પાકને થતા નુકસાન અંગે રજૂઆત કરી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગ કરી હતી. ખેડૂતોના જણાવ્યા મુજબ, ખેતીના પાકને રખડતા પશુઓથી બચાવવા તંત્ર દ્વારા તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.

## બીલીમોરા પશ્ચિમમાં ખોદકામમાં કેબલ કપાતાં ૫ દિવસથી સ્ટ્રીટ લાઈટો ગુલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૩૦ :** બીલીમોરા પશ્ચિમ વિસ્તારના મુખ્ય માર્ગોની શોભા વધારતી નવી સ્ટ્રીટ લાઈટો છેલ્લા પાંચ દિવસથી બંધ હાલતમાં હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. મેંગુશી જનરલ હોસ્પિટલને ટાટા સ્કૂલ પાછળ આવેલા કોમ્યુનિટી હોલમાં શિફ્ટ કરવાની કામગીરી ચાલી રહી છે, જ્યાં જેસીબી મશીન દ્વારા ખોદકામ કરતી વખતે ટાટા સ્કૂલ સ્થિત વીજ મીટર સાથે જોડાયેલો મુખ્ય કેબલ કપાઈ જતાં આ સમગ્ર વિસ્તારમાં અંધારપટ છવાયો છે. હાલ પવિત્ર શ્રાવણ માસ ચાલતો હોવાથી પ્રસિદ્ધ સોમનાથ મહાદેવના દર્શનાર્થે બહારગામથી આવતા શ્રદ્ધાળુઓ અને સ્થાનિક વાહનોની રાત્રિ



દરમિયાન ભારે અવરજવર રહે છે. તેવામાં રસ્તા વચ્ચે અડીંગો જમાવીને બેસતા રખડતા પશુઓ અંધારામાં નજરે ન પડતાં ગંભીર અકસ્માત સર્જાવાની પૂરેપૂરી સંભાવના ઊભી થઈ છે, જેથી આ લાઈટો તાબડતોબ શરૂ કરવાની લોકમાંગ ઉઠી છે.

આ ગંભીર સમસ્યા સંદર્ભે બીલીમોરા નગરપાલિકાના પ્રમુખ મનીષભાઈ પટેલનો ટેલિફોનિક સંપર્ક સાધતાં તેમણે જણાવ્યું હતું કે હોસ્પિટલ શિફ્ટિંગ દરમિયાન જરૂરી ફેરફારોની કામગીરી વેળાએ અકસ્માતે સ્ટ્રીટ લાઈટનો કેબલ કપાઈ ગયો હતો. જોકે આ પ્રોજેક્ટની કામગીરી સંભાળી રહેલા પી.આઈ.યુ. (પ્રોજેક્ટ ઈમ્પલીમેન્ટેશન યુનિટ) દ્વારા સમારકામ હાથ ધરી લેવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં કેબલનું જોડાણ કરી સ્ટ્રીટ લાઈટો પૂર્વવત કાર્યરત કરી દેવામાં આવશે.

## ગણદેવી જલારામ મંદિરે અખંડ ધૂન સપ્તાહમાં ૧૪ મંડળે ભજનની રમઝટ બોલાવી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૩૦ :** ગણદેવી જલારામ મંદિરે જન્માષ્ટમી ઉત્સવ ઉજવણી ભાગરૂપે તડામાર તૈયારી સાથે ૨૪ કલાકની અખંડ ધૂન સપ્તાહનું આયોજન માં ભકતજનો ભાવવિભોર બન્યા કાનાને મનાવો કોઈ મથુરામાં જાઓ ભજનો સહિતના ભક્તિરસમાં લીનબન્યા હતાં. જેમાં જલારામ મંદિર ખાતેના મંડળ તેમજ નગર આજુબાજુ જય જલારામ યુવક મંડળ, ગાયત્રી પરિવાર વડસાગળ, કલવાચ મહિલા મંડળ, ગડત મહિલા ભજન મંડળ, વી કે યુવક મંડળ (સિંધવાઈ માતા), નવયુવક મંડળ વડસાગળ, જય જલારામ મહિલા મંડળ, ધીમ્મર શેરી યુવક મંડળ ગણદેવી, રાધે કૃષ્ણ ભજન મંડળ નવસારી, રાધે કૃષ્ણ ભજન મંડળ દેવસર, બાલ ગણેશ મંડળ વડસાંગલ, જય અંબે ભજન મંડળ બીલીમોરા, જય જલારામ મંડળ, સહિતના તમામ મંડળોની અખંડ ધૂનની સાથે ભજન કિર્તનની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે દરેક મંડળોને બાપાની તસવીર સ્મૃતિ ભેટ આપી હતી. સાથે પવિત્ર શ્રાવણ માસમાં ગણદેવી તાલુકાના વિખ્યાત પાંચ પ્રાચીન મહાદેવ ધામ કામેશ્વર મંદિર ગડત, ગંગેશ્વર મહાદેવ મંદિર કછોલી, ગંગેશ્વર મહાદેવ મંદિર અમલસાડ, સોમનાથ મહાદેવ મંદિર બીલીમોરા, મલ્લિકાર્જુન મહાદેવ મંદિર મજીગામ મોટી સંખ્યામાં પગપાળા દર્શને જતાં શ્રદ્ધાળુઓને બાપાના મંદિરે ચા પાણીની સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

## ગણદેવી લાયન્સ ક્લબ ઓફ દ્વારા દેશના જવાનો માટે રાખડી અને સ્નેહપત્ર મોકલાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૩૦ :** દેશની સરહદો પર અવિરત ખડેપગે રહી દેશવાસીઓની સુરક્ષા કાજે રાત-દિવસ ફરજ બજાવતા વીર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાના ભાગરૂપે લાયન્સ ક્લબ ઓફ ગણદેવી દ્વારા એક સરાહનીય પહેલ કરવામાં આવી છે. ક્લબ તરફથી રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે સરહદ પર તૈનાત સૈનિકો માટે ૧૦૧ વિશેષ રાખડીઓ મોકલવામાં આવી હતી. પરિવારથી હજારો કિલોમીટર દૂર રહીને પણ જવાનોને પોતાના ઘર અને બહેનના સ્નેહની કમી ન વર્તાય તેવા ઉમદા આશયથી આ રાખડીઓ સાથે હિન્દી ભાષામાં લખાયેલો ભાવપૂર્ણ સ્નેહપત્ર પણ




મોકલવામાં આવ્યો હતો. આ પત્ર દ્વારા ફૌજી ભાઈઓના દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે શુભકામનાઓ તથા આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા. લાયન્સ ક્લબ ઓફ ગણદેવીની આ રાષ્ટ્રપ્રેમી પહેલની સમગ્ર પંથકમાં ભારે પ્રશંસા થઈ રહી છે.

## વાંસદાના રાણી ફળિયાથી ૮ ફૂટ લાંબો અજગર પકડાયો

**વાંસદા, તા.૩૦ :** વાંસદા તાલુકાના રાણી ફળિયા ગામના સારીયા ફળિયામાં રહેતા વિશાલ છનાભાઈ ગરાસીયાના ઘર નજીક ખેતરમાંથી ફ્રેન્ડ ઑફ એનિમલ ગ્રુપ દ્વારા આશરે ૮ ફૂટના અજગરને સુરક્ષિત રેસ્ક્યું કરી નજીકના જંગલમાં છોડી દઈ ગ્રામજનોને ભયમુક્ત કર્યા હતાં.



## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૩૧-૦૮-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** શ્રાવણ, ત્રીજ, **સૂર્યોદય :** ૦૬ : ૨૫ **સૂર્યાસ્ત** ૦૬ :૫૪, **ચંદ્રોદય** - ૦૮:૪૯ **ચંદ્રાસ્ત** - ૧૦:૦૧ **ચંદ્ર રાશિ :** મીન, **નક્ષત્ર** - રેંવતી

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજનો દિવસ તમારા માટે મિશ્રિત ફળદાયી રહેશે. વેપારમાં અટકેલા કાર્યો પૂરા થવાની સંભાવના છે. વિદ્યાર્થીઓ માટે મહેનતનો સમય છે.

**વૃષભ (બ, વ, ઉ) :** તમારા અટવાયેલા કાર્યો પૂર્ણ થશે અને ધનલાભના યોગ બનશે. જૂના મિત્રો સાથે મુલાકાતથી મન પ્રસન્ન રહેશે.

**મિથુન (ક, ઘ, ચ) :** બુધના ગોચરના પ્રભાવથી આવકના નવા સ્રોત ખુલશે, પરંતુ ખર્ચ પર નિયંત્રણ રાખવું. વેપારીઓ માટે આર્થિક પ્રગતિની તકો મળશે.

**કર્ક (ડ, હ) :** તમારા પારિવારિક જીવનમાં ખુશીઓ આવશે અને વડીલોનું સ્વાસ્થ્ય સારું રહેશે વેપાર અને નોકરીમાં ભાગદોડ રહેશે પરંતુ યોગ્ય પરિણામ મળશે.

**સિંહ (મ, ટ) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે અને પરિવારમાં કોઈ માંગલિક કાર્યનું આયોજન થઈ શકે છે.

**કન્યા (પ, ઠ, ણ) :** કોઈપણ મહત્વપૂર્ણ નિર્ણય લેતા પહેલાં વડીલો કે અનુભવી વ્યક્તિની સલાહ લેવી. ધાર્મિક કાર્યોમાં તમારી રુચિ વધશે.

**તુલા (ર, ત) :** નોકરી અને વેપારમાં પ્રગતિના નવા માર્ગ ખુલશે. અવિવાહિત જાતકો માટે સારા સંબંધોની વાત આવી શકે છે.

**વૃશ્ચિક (ન, ય) :** તમારા બિનજરૂરી ખર્ચ પર કાબૂ રાખી શકશો, જેથી ભવિષ્ય માટે બચત થઈ શકે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે ચંદ્ર તમારા જ ઘરમાં ભ્રમણ કરી રહ્યો છે. લાંબા સમયથી અટકેલા કામો પૂરા થશે. આર્થિક સ્થિતિમાં સુધારો થશે.

**મકર (ખ, જ) :** આજના દિવસે ધીરજ અને સંયમથી કામ લેવું. સ્વાસ્થ્યમાં નાની-મોટી સમસ્યાઓ આવી શકે છે. મુસાફરી દરમિયાન સાવધાની રાખવી.

**કુંભ (ગ, સ, શ, ષ) :** વિદ્યાર્થીઓ માટે સમય ઉત્તમ છે. વેપારમાં યોગ્ય સમયે લીધેલા નિર્ણયોથી મોટું આર્થિક નુકસાન અટકાવી શકાશે નવા લોકો સાથે સંપર્ક વધશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** આર્થિક રીતે દિવસ મજબૂત રહેશે અને અભ્યાસ માટે ઉત્તમ સમય છે. પારિવારિક મતભેદો દૂર થશે.

## દમણ રેડિયો

**102.3 FM**

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | 2 |
| 6 | 1 | | | 8 | | 4 | | 7 |
| | | 3 | | | 4 | | 6 | 5 |
| 3 | | 5 | | 6 | | . | | |
| | | 9 | 2 | | 5 | 3 | | |
| | | | | 4 | | 2 | | 8 |
| 1 | 5 | | 9 | | | 7 | | |
| 9 | | 6 | | 7 | | | 8 | 3 |
| 2 | | | | | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૬૨ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 1 | 7 | 2 | 6 | 8 | 9 | 3 |
| 9 | 6 | 2 | 1 | 3 | 8 | 4 | 7 | 5 |
| 8 | 7 | 3 | 4 | 9 | 5 | 1 | 6 | 2 |
| 1 | 2 | 8 | 5 | 6 | 3 | 7 | 4 | 9 |
| 7 | 3 | 9 | 8 | 1 | 4 | 5 | 2 | 6 |
| 4 | 5 | 6 | 2 | 7 | 9 | 3 | 8 | 1 |
| 3 | 9 | 7 | 6 | 4 | 1 | 2 | 5 | 8 |
| 2 | 1 | 5 | 9 | 8 | 7 | 6 | 3 | 4 |
| 6 | 8 | 4 | 3 | 5 | 2 | 9 | 1 | 7 |

# રક્ષાબંધનના પર્વે વાપી એસટી ડેપોને બમ્પર આવક થઈ

**વિભાગીય નિયામક દ્વારા નવસારી, વલસાડ, બીલીમોરા અને વાપી ડેપોને રૂ. ૧૫ લાખની આવકનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો : વાપી એસટી ડેપોએ રૂ. ૧૫ લાખનો ટાર્ગેટ પૂર્ણ કરી વલસાડ વિભાગમાં આવકમાં પ્રથમ સ્થાન મેળવ્યું**




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને વલસાડ એસટી વિભાગ દ્વારા મુસાફરોની સુવિધા માટે વિવિધ ડેપોમાં એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું. વિભાગીય નિયામક દ્વારા નવસારી, વલસાડ, બીલીમોરા અને વાપી ડેપોને રૂા. ૧૫ લાખની આવકનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો. જેમાં વાપી એસટી ડેપોએ રૂા. ૧૫ લાખનો ટાર્ગેટ પૂર્ણ કરી વલસાડ વિભાગમાં આવકમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

વાપી ડેપો દ્વારા રક્ષાબંધન દરમિયાન દરરોજ સુરત માટે ૧૦, દાહોદ માટે ૩, અમદાવાદ માટે ૨ અને આહવા માટે ૧ એક્સ્ટ્રા બસ ઉપરાંત વાપી - દમણ રૂટ પર અંદાજે ૬૪ જેટલી વધારાની ટ્રિપો દોડાવવામાં આવી હતી. મુસાફરોને સમયસર તેમના ગંતવ્ય સુધી પહોંચાડવા માટે ડેપોના અધિકારીઓ, ડ્રાઈવરો અને કંડક્ટરોએ ભારે મહેનત કરી હતી.

ધરમપુર અને આહવા ડેપોને રૂા. ૧૦ લાખનો ટાર્ગેટ આપવામાં આવ્યો હતો, જેમાં ધરમપુર ડેપો ટાર્ગેટની નજીક પહોંચ્યો હતો. સમગ્ર વલસાડ વિભાગમાં વાપી ડેપો આવકમાં પ્રથમ ક્રમે રહ્યો છે, જ્યારે ગુજરાત એસટી નિગમમાં વાપી ડેપો આવકની દૃષ્ટિએ ચોથા ક્રમે રહ્યો હોવાનું જણાવાયું છે. પ્રથમ ક્રમે અમદાવાદનો બારેજા ડેપો રહ્યો હતો.

વિભાગીય પરિવહન અધિકારી સ્નેહલ પટેલ દ્વારા તમામ ડેપોનું સુપરવિઝન કરવામાં આવ્યું હતું અને રક્ષાબંધન પર્વ દરમિયાન વલસાડ વિભાગે એક દિવસમાં આશરે રૂા.૭૦ લાખની આવક મેળવી હતી. વાપી ડેપો મેનેજર જયદીપ માંહલા, અરુણભાઈ પટેલ અને આસિસ્ટન્ટ ટ્રાફિક ઈન્સ્પેક્ટર ધનસુખ પટેલના માર્ગદર્શન હેઠળ ટીમવર્કથી કામગીરી કરવામાં આવી હતી. મુસાફરોને શ્રેષ્ઠ સેવા પૂરી પાડવા બદલ વિભાગીય નિયામક દ્વારા વાપી ડેપોના તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. વધુ આવક લાવનાર ડ્રાઈવર-કંડક્ટરોનું સન્માનપત્ર આપી પ્રોત્સાહિત કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

**શૌર્ય રક્ષા ચેરીટેબલ ટ્રસ્ટે વાપી-દમણ-સેલવાસમાંથી રાખડીઓ એકત્ર કરી**

# વાપીથી ૬૦ હજાર રાખડીઓ કાશ્મીર બોર્ડર પર મોકલી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** રક્ષાબંધન પર્વ નિમિત્તે વાપી સ્થિત શૌર્ય રક્ષા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૧ વર્ષથી અનોખી પરંપરા જાળવી રાખવામાં આવી છે. ટ્રસ્ટ દ્વારા વાપી, દમણ, સેલવાસની વિવિધ સ્કૂલો અને સામાજિક સંસ્થાઓ પાસેથી રાખડીઓ એકત્ર કરી કાશ્મીર બોર્ડર પર ફરજ બજાવતા જવાનો સુધી પહોંચાડવામાં આવે છે અને તેમના હાથે રાખડી બાંધવામાં આવે છે. દર વર્ષની જેમ આ ૧૧ માં વર્ષે પણ ટ્રસ્ટના અશ્વિની તાઈ રાણે સહિત ૧૬ થી વધુ સભ્યો અંદાજે ૬૦ હજારથી વધુ રાખડીઓ લઈ કાશ્મીર બોર્ડર પર જવાનોને રક્ષાબંધનની શુભેચ્છા પાઠવવા રવાના થયા છે.

ટ્રસ્ટના અશ્વિની રાણેએ જણાવ્યું હતું કે ૧૧ વર્ષ પહેલા ૫૦૦ રાખડીથી શરૂ કરેલી આ સફર આજે ૬૦ હજારને પાર પહોંચી છે. દેશની રક્ષા માટે ફરજ બજાવતા માત્ર ૧૫ ટકા જવાનોને જ તહેવારોમાં રજા મળે છે. મોટાભાગના જવાનો તહેવારોમાં પણ ફરજ પર હોય છે. ત્યારે જવાનોને એકલતા ન લાગે અને બહેનની ખોટ ન સાલે તે માટે ટ્રસ્ટ ત્યાં પહોંચે છે. રાખડી બાંધતી વખતે અનેક ભાવુક દ્રશ્યો સર્જાય છે, જવાનોની આંખો ભીની થઈ જાય છે. ટીમમાં અશ્વિની રાણે, દીપાલી કણિતકર, યશ રાણે, સંપદા સિનકર, પ્રદીપ સિનકર, રઘુબીર સિંહ સહિતના જોડાયા છે.

# દમણમાં નારિયેળી પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણમાં બોટ રેસ અને હેલિકોપ્ટર રેસ્કયુ ડેમો આકર્ષણનું કેન્દ્ર બન્યું**

**દમણ, તા. ૩૦ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણના દમણ જેટી ખાતે રાજ્યસ્તરીય નારિયાળી પૂર્ણિમા મહોત્સવ ભવ્ય રીતે યોજાયો હતો. લાયન્સ પરિવાર અને વહીવટીતંત્ર દ્વારા ઘણા વર્ષોથી આયોજિત, આ વર્ષે પ્રશાસક પ્રફુલ્લ પટેલના નેતૃત્વમાં વિકાસના ૧૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આ ઉત્સવ ખાસ ઉત્સાહપૂર્ણ રહ્યો હતો. નારિયાળી પૂર્ણિમાના અવસરે, સમુદ્ર દેવની પૂજા કરવામાં આવી હતી અને સમુદ્રમાં નારિયેળ ચઢાવવામાં આવ્યું હતું. જેમાં માછીમાર સમુદાય માટે સારા વ્યવસાય, સુખ, સમૃદ્ધિ અને સલામત દરિયાઈ સફરની કામના કરવામાં આવી હતી. આ મહોત્સવ દરમિયાન બોટ રેસ અને સ્વિમિંગ સહિત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. એક ખાસ હેલિકોપ્ટર રેસ્ક્યુ ઓપરેશન ડેમો પણ રજૂ કરવામાં આવ્યો હતો, જેના કારણે દમણ જેટીમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નાયબ કલેક્ટર આરતી અગ્રવાલ, વહીવટી અધિકારીઓ, લાયન્સ પરિવારના સભ્યો, માછીમાર સમુદાય અને મોટી સંખ્યામાં સ્થાનિક રહેવાસીઓ હાજર રહ્યા હતાં.

**૭૦મી એસ.જી.એફ.આઈ. જિલ્લા કક્ષાની કરાટે ટુર્ના.માં ડિવાઈન સ્પોર્ટસના ખેલાડીઓ ઝળકયા**

# વલસાડ જિલ્લામાં સૌથી વધુ ૬૩ મેડલો મેળવ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** વલસાડ ડી.આર. પટેલ હાઈસ્કૂલ, દાંડી, વલસાડ જિલ્લા અંડર - ૧૪ / ૧૭ તથા અંડર - ૧૯ ગૃપ કરાટે ટૂર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં સમગ્ર વલસાડ જિલ્લા માંથી ૨૫૦ વધુ કરાટેકાઓએ ભાગ લીધો હતો. આ કરાટેકાઓએ ટુર્નામેન્ટ મા પોત પોતાની આગવી શૈલીમાં કૌવત બતાવ્યું હતું. આ સ્પર્ધામાં ડિવાઈન સ્પોર્ટ્સ એન્ડ શોતોકન કરાટે એસોસિએશન ઈન્ડિયા (DSSKA)ના ૮૫ જેવા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ તમામ ખેલાડીઓએ રમતનું શાનદાર પ્રદર્શન કરી મેડલો પ્રાપ્ત કર્યા હતાં. જેમાં ૨૭ પ્રથમ સ્થાન, ૨૧ દ્વિતીય સ્થાન અને ૧૫ એ તૃતિયા સ્થાન મેળવ્યા છે. ૨૭ ખેલાડી જેઓં પ્રથમ સ્થાન આવ્યા છે, ૭૦મી એસ.જી.એફ.આઈ. રાજ્યકક્ષાની કરાટે ટુર્નામેન્ટમાં ભાગલેશે. પ્રથમ સ્થાન વિજેતા ખેલાડીઓમાં દિવ્યા પટેલ, ભવ્ય પટેલ, દિવ્યમ પટેલ, ધ્યેય પટેલ, જય પટેલ, રાગ વિચારે, જલ મારવાડી, સ્નેહ ભંડારી, અભય દુબે, દિત્ય સાલ્વે, સોનુ સુનાર, જય રાય, રેક્ષ જોગી, કરણ ગુપ્તા, વૃષભ ઠાકુર, જયવી પટેલ, જિંકલ પટેલ, નીરજા પટેલ, ક્રિષા રાણા, ધ્યાના રાઠોડ,ભક્તિ પટેલ, જેન્શી પટેલ, શ્રેયા પટેલ, સાન્વી પટેલ, સ્તુતિ પટેલ, મિહિકા ચોપડે, અંશિકા સિંહ.ડિવાઈન સ્પોર્ટ્સ એન્ડ શોતોકન કરાટે એસોસિએશન ઈન્ડિયા (DSSKA)ના પ્રમુખ શિહાન વિગ્નેશ પટેલ અને જનરલ સેક્રેટરી શિહાન હિતેશ પટેલને તથા સિનિયર ઈન્સ્ટક્ટર સેન્સેઈ પૂર્વગ પટેલ, સેન્સેઈ કેવિન પટેલ, સેમ્પાઈ જાહન્વી ગવલી, સેમ્પાઈ ચેતન પટેલ તથા,કોચ શૌર્ય પરમાર, કોચ ક્રીસ્સા પટેલ, કોચ આર્યન હીર્વાની અને તમામ ક્લબના માતાપિતા ઓયે મેડલ પ્રાપ્ત કરનારા તમામ રમતવીરોને અભિનંદન પાઠવ્યાં હતાં.

# ઉમરગામમાં સમૂહ યજ્ઞોપવિત ધારણ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૩૦ :** રક્ષાબંધન (બળેવ)ના પવિત્ર પર્વ નિમિત્તે ઉમરગામ જીઆઈડીસી ખાતે આવેલા યુઆઈએ કમ્યુનિટી હોલમાં શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, ઉમરગામ દ્વારા સમૂહ યજ્ઞોપવિત ધારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉમરગામ તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભૂદેવો ઉપસ્થિત રહ્યા હતાં. ભાગવત આચાર્ય પૂજ્ય સુનિલભાઈ યાજ્ઞિક દ્વારા શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને મંત્રોચ્ચાર સાથે ભૂદેવોને યજ્ઞોપવિત (જનોઈ) ધારણ કરાવવામાં આવી હતી.

સમૂહ યજ્ઞોપવિત ધારણ કાર્યક્રમ અંતર્ગત પૂજા, હવન તથા આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ધાર્મિક વિધિ પૂર્ણ થયા બાદ શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, ઉમરગામના સભ્યો દ્વારા પ્રીતિ ભોજનનો લાભ લેવામાં આવ્યો હતો. રક્ષાબંધનના પવિત્ર દિવસે યોજાયેલા આ ધાર્મિક કાર્યક્રમથી સમાજમાં ધાર્મિક સંસ્કાર અને એકતાનો સંદેશ પ્રસર્યો હતો.

# દાનહની હોસ્પિટલોમાં નવજાત શિશુઓ માટે બેબી કીટ વિતરણ સમારોહ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૩૦ :** ૧૦ વર્ષ બેમિસાલજ્ઞ અભિયાન અંતર્ગત સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વિવિધ જનકલ્યાણકારી આરોગ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત ત્રણેય જિલ્લામાં માતા અને શિશુ આરોગ્ય, સ્વૈચ્છિક રક્તદાન તેમજ બાળકોના નિયમિત આરોગ્ય પરીક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. વિવિધ આરોગ્ય કેન્દ્રો અને હોસ્પિટલોમાં નવજાત શિશુઓ માટે બેબી કિટ વિતરણ સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બેબી કિટમાં નવજાત શિશુની પ્રાથમિક સંભાળ માટે જરૂરી સામગ્રી આપવામાં આવી હતી.

સિલવાસાના કલા કેન્દ્ર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આરબીએસકે સિલવાસાના ડૉ. અમિત કુમાર, સિલવાસા નગરપાલિકાના અધ્યક્ષ શ્રી સોમનાથ દેવરે, ઉપાધ્યક્ષ કવિતા સિંહ, તથા અન્ય અધિકારીઓ, આરોગ્યકર્મીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. મહેમાનોના હસ્તે લાભાર્થી માતાઓને બેબી કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને માતા તથા શિશુના આરોગ્ય અંગે જાગૃતિ આપવામાં આવી હતી. આ ઉપરાંત ૧૦ વર્ષ બેમિસાલ અભિયાન હેઠળ પ્રદેશના વિવિધ સ્થળોએ સ્વૈચ્છિક રક્તદાન શિબિરોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. આજે ઉપ-જિલ્લા હોસ્પિટલ, ખાનવેલ ખાતે યોજાયેલા રક્તદાન શિબિરમાં મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ માનવતાની સેવા અને જીવન બચાવવાનો સંદેશ આપ્યો હતો.

અભિયાન અંતર્ગત બાળકોના આરોગ્યની તપાસ પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. વિવિધ સ્થળોએ યોજાતી આરોગ્ય તપાસ શિબિરોમાં બાળકોની તપાસ, જરૂરી પરામર્શ, આરોગ્ય સંબંધિત સમસ્યાઓની સમયસર ઓળખ તેમજ યોગ્ય સારવાર અને આરોગ્ય સેવાઓ સાથે જોડવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમો દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પ્રદેશના દરેક નાગરિક સુધી ગુણવત્તાયુક્ત અને જનહિતકારી આરોગ્ય સેવાઓ પહોંચાડવા, આરોગ્ય અંગે જાગૃતિ વધારવા અને લોકોને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

**સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત ત્રીજા દિવસે**

# પારડીમાં 'સંસ્કૃત સાહિત્ય દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરાઈ





**ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ જેવા વેદો તેમજ રામાયણ, ગરુડ પુરાણ સહિત ૭૨ સંસ્કૃત પુસ્તકોનું - દર્શન કરાયું**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**વલસાડ, તા. ૩૦ :** ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર તથા વલસાડ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના માર્ગદર્શન હેઠળ અને પ્રાંત અધિકારી તથા મામલતદાર, પારડીના સહયોગથી તાલુકા કક્ષાના સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત ત્રીજા દિવસે 'સંસ્કૃત સાહિત્ય દિવસ'ની ઉજવણી સરકારી વિજ્ઞાન કોલેજ, પારડી ખાતે ઉત્સાહભેર કરવામાં આવી હતી. કાર્યક્રમનું ઉદ્ઘાટન પારડી તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

૭૨ સંસ્કૃત પુસ્તકોનું પ્રદર્શન યોજાયું હતું. જેમાં સંસ્કૃત પુસ્તકોમાં શ્રીમદ્ ભાગવદ્ ગીતા, શિવ મહાપુરાણ અને રામાયણ જેવા મહાકાવ્યો તેમજ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ જેવા વેદો તેમજ મત્સ્ય પુરાણ, માર્કંડેય પુરાણ, નારદ પુરાણ, ગણેશ પુરાણ, સ્કંદ પુરાણ, ગરુડ પુરાણ સહિત ૪૨ સંસ્કૃત સાહિત્ય અને ભારતીય જ્ઞાનપરંપરાના વિવિધ ગ્રંથો રજૂ કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત સંસ્કૃતનાં ૨૦ જેટલા અન્ય પાઠ્યપુસ્તકો અને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા આપવામાં આવેલી ૧૦ માર્ગદર્શિકા સહિત કુલ ૭૨ પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે તાલુકા કક્ષાની નિમાયેલી સમિતિના સભ્ય સરકારી વિજ્ઞાન કોલેજનાં આચાર્ય હેતલબેન ટંડેલ, જે.પી. પારડીવાલા આર્ટ્સ-કોમર્સ કોલેજનાં આચાર્ય ફાલ્ગુની જી. દેસાઈ, સંસ્કૃત નોડલ અધિકારી એન.કે. દેસાઈ કોલેજના આચાર્ય તપનસિંહ પરમાર, સંસ્કૃત નોડલ તૃપ્તિ જે. મહેર, બી.આર.જે.પી. ઈંગ્લિશ સ્કૂલનાં આચાર્યા ચંચલાબેન ભટ્ટ, ડી.સી.ઓ. સ્કૂલ, પારડીના આચાર્ય સુનિલભાઈ પટેલ સહિત તાલુકાના સંસ્કૃત શિક્ષકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે તાલુકા પંચાયત ઉપપ્રમુખ હિરેનભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ હેમલતાબેન ટંડેલ, જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલ દ્વારા નિયુક્ત સભ્ય સચિવ તથા શિક્ષણ સેવા વર્ગ-૨ અધિકારી કુ.જાગૃતિબેન એમ. પટેલ, સી.આર.સી. કો-ઓર્ડિનેટર ચેતનભાઈ પટેલ, બી.આર.પી. શીતલબેન પટેલ, બી.આર.પી. પન્નાબેન પટેલ સહિત શિક્ષણ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# વાપીમાં ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ દ્વારા બળેવની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ, વાપી દ્વારા દર વર્ષની પરંપરા મુજબ બળેવ તથા રક્ષાબંધનના પાવન પર્વની ધાર્મિક અને સામાજિક કાર્યક્રમ સાથે ઉજવણી કરવામાં આવી હતી. વંકાછ ખાતે આવેલા શ્રી તૃપ્તેશ્વર મહાદેવ મંદિર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સમાજના પરિવારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમ દરમિયાન સમાજના પ્રમુખ જીગ્નેશભાઈ ભટ્ટે વર્ષ દરમિયાન સમાજ દ્વારા યોજવામાં આવેલા વિવિધ કાર્યક્રમોની વિગતવાર માહિતી આપી હતી. ત્યારબાદ ભોજન દાતાનું સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વીઆઈએના માજી પ્રમુખ મહેશભાઈ પંડ્યાએ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. તેમણે સમાજના સભ્યોને બળેવ અને રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી હતી તથા સમાજની એકતા અને સંગઠન જળવાઈ રહે તે માટે સૌને સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં સમાજના સભ્યો ચૈતન્ય ભટ્ટ, ચંદ્રકાંત પંડ્યા, શૈલેષ ઉપાધ્યાય, જીગ્નેશ પાઠક, સમીર ભટ્ટ, કૌશલ પંડ્યા, મહેશભાઈ ભટ્ટ સહિત મોટી સંખ્યામાં સમાજના પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. સૌના સહયોગથી ધાર્મિક કાર્યક્રમ આનંદ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# વાપીમાં આરોગ્ય જાગૃતિ શિબિર યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૩૦ :** હાલમાં ફેલાતા મોસમી રોગોના નિવારણ અને સારવાર અંગે જાગૃતિ લાવવા માટે રવિવારે રાજસ્થાન ભવન ખાતે એક આરોગ્ય જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજસ્થાન પ્રગતિ મંડળ ચેરિટેબલ ટ્રસ્ટની આરોગ્ય અને કલ્યાણ સમિતિ દ્વારા આયોજિત, શિબિરમાં ખુલાસો થયો કે આપણા સ્વાસ્થ્યની ચાવી આપણા પોતાના હાથમાં છે. ટ્રસ્ટ દ્વારા સંચાલિત હોમિયોપેથિક ક્લિનિકના ઈન્ચાર્જ ડૉ. તનુ છાબરા એ સમજાવ્યું કે આ ઋતુ દરમિયાન આપણા આહાર અને દિનચર્યામાં સાવચેતી રાખીને, વાયરલ તાવ, ગળામાં દુખાવો, કફ, ઉધરસ અને શરીરમાં દુખાવો જેવી ઘણી બીમારીઓથી બચી શકાય છે. તેમણે હોમિયોપેથિક દવાઓ વિશે પણ માહિતી આપી, જે કોઈપણ આડઅસર વિના સારવાર આપી શકે છે. ટ્રસ્ટ દ્વારા શિબિરમાં ભાગ લેનારાઓને તાવ, શરીરના દુખાવા અને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે મફત દવાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું. શિબિરના બીજા તબક્કામાં, મહિમા વિનય મહેશ્વરીએ એક્યુપ્રેશરના સિદ્ધાંતો, ફાયદા અને ઉપયોગો વિશે માહિતી આપતાં વિગતવાર સમજાવ્યું કે આપણી હથેળીઓ અને પગના તળિયા શરીરની બધી સિસ્ટમોની ચાવી ધરાવે છે. એક્યુપ્રેશરના જ્ઞાનથી, દબાણ અને અન્ય પદ્ધતિઓ દ્વારા તમામ રોગોની સારવાર કરી શકાય છે. શિબિરના સંયોજક સાજન સિંઘલે સૌનો આભાર વ્યક્ત કર્યો. શિબિરના લાભાર્થીઓએ તેમની પ્રશંસા વ્યક્ત કરી અને તેને અત્યંત ફાયદાકારક ગણાવી અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમોનું આયોજન કરવા વિનંતી કરી.



**રાતા શ્રી અજીત સેવા ટ્રસ્ટ દ્વારા**

# વાપી ટાઉનમાં ત્રણ દિવસથી ઈજાગ્રસ્ત ગાયને સારવાર આપી જીવદયાનું કામ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** વાપીના શ્રી ભૈરવ ધામ જૈન દેરાસર પાછળ આવેલા ગૌતમ લબ્ધી એપાર્ટમેન્ટ સામે છેલ્લા ત્રણ દિવસથી બીમાર અને ગંભીર હાલતમાં એક ગાય પડી રહી હતી. સ્થાનિક લોકો દ્વારા ગાયની સારવાર અને તેને સલામત સ્થળે લઈ જવા માટે વાપી મહાનગરપાલિકામાં જાણ કરવામાં આવી હતી, પરંતુ ફરિયાદ છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા સ્થાનિકોમાં નારાજગી જોવા મળી હતી. આ દરમિયાન સમગ્ર ઘટનાની જાણ શ્રી અજીત સેવા ટ્રસ્ટ સંચાલિત રાતા જીવદયા કેન્દ્રને કરવામાં આવી હતી. જાણ મળતા જ રાતા પાંજરાપોળના ડોક્ટર તથા તેમની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પશુ એમ્બ્યુલન્સ લઈને પહોંચી હતી. અને ગયેલ અવસ્થામાં રહેલ બીમાર ગાયને ત્યાંથી સુરક્ષિત રીતે લઈ જઈ તેની સારવાર શરૂ કરવામાં આવી હતી. સ્થાનિક લોકોએ પણ રાતા જીવદયા કેન્દ્રની ટીમ દ્વારા કરવામાં આવેલી તાત્કાલિક કામગીરીને બિરદાવી હતી. ત્રણ દિવસથી બીમાર હાલતમાં પડેલી ગાયની સમયસર સારવાર થતાં ગૌસેવા અને જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.

# દમણમાં ભાજપા દ્વારા કાર રેલી યોજાઈ



**દમણ, તા. ૩૦ :** સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ્લભાઈ પટેલના વહીવટી કાર્યકાળના સફળ ૧૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભારતીય જનતા પાર્ટી દ્વારા ભવ્ય કાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાજપ પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ અગરિયા અને પ્રદેશ મહામંત્રી જિગ્નેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલી કાર રેલીમાં મોટી સંખ્યામાં ભાજપના હોદ્દેદારો, જનપ્રતિનિધિઓ અને કાર્યકરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર રેલી દરમિયાન કાર્યકરોએ 'વિકાસના ૧૦ વર્ષ, પ્રગતિનો નવો સંકલ્પના સંદેશ સાથે પ્રદેશના વિકાસ અને જનકલ્યાણની કામગીરીને લોકો સુધી પહોંચાડી હતી.

આ પ્રસંગે ભાજપ પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ અગરિયાએ જણાવ્યું હતું કે, છેલ્લા દસ વર્ષમાં પ્રદેશે વિકાસની નવી ઊંચાઈઓ હાંસલ કરી છે. આ દસ વર્ષ વિકાસ, સુશાસન અને જનસેવાના સમર્પણના વર્ષો રહ્યા છે. ભાજપ પ્રદેશના વિકાસની આ યાત્રાને આગળ પણ સતત જારી રાખવા પ્રતિબદ્ધ છે.

# ચીન સાથે સંબંધ સુધારવાના પ્રયાસ થાય છે

**ચીન પણ મહાસત્તા છે અમેરિકા માટે પડકાર છે તેથી તેને એકલું પાડવા માગે છે અને ચીન જાણે છે કે એશિયાઇ દેશોનો સહકાર તેના માટે અનિવાર્ય છે. ભારતની શક્તિ વધી રહી છે. વિશ્વમાં વગ વિસ્તરી રહી છે. રશિયા સાથે પણ ગાઢ સંબંધ છે તેથી ભારત સાથેના સંબંધ સુધારવા તૈયાર છે. રશિયા પણ ભારતની તેલ જરૂરિયાત પૂરી પાડવા તૈયાર છે.**

વિશ્લેષણ
કુન્દન વ્યાસ



આવ્યો છે અને વિશ્વની ભૌગોલિક સ્થિતિ - રાષ્ટ્રો વચ્ચેના સંબંધ પણ બદલાઈ રહ્યા છે. યુક્રેન-રશિયાની લડાઈ અને ઈરાન ઉપર અમેરિકાના આક્રમણ પછી વિશ્વમાં આર્થિક સ્થિતિ કપરી બની છે. સંબંધિત દેશોનાં અર્થતંત્રો માટે કટોકટી ઊભી થઈ છે અને હવે વધુ ગંભીર બનવાની શક્યતા છે. નોંધપાત્ર બાબત એ છે કે યુક્રેન જેવો નાનો દેશ રશિયા સામે ઝીંક ઝીલે છે અને રશિયાને ઘાયલ કરે છે ! અમેરિકા છેલ્લા છ મહિનાથી ઈરાનમાં શાસન બદલવાના પ્રયાસ કરે છે પણ સફળ થયું નથી અને હવે ઈરાનના અર્થતંત્રને ગૂંગળાવવાની ધમકી આપી છે. ઈરાન સાથે વ્યાપાર સંબંધ રાખતા દેશોને પણ ધમકી આપી છે. ટ્રમ્પના ટેરિફ આક્રમણ પછી હવે વધુ પગલાં માટે તૈયાર રહેવું પડશે. અમેરિકા અને રશિયા બંનેની પ્રતિષ્ઠા ખરડાઈ છે. નાક કપાયા છે! ત્યારે ચીનનો હાથ ઉપર રહ્યો છે. ટ્રમ્પ સાહેબ ધમકી આપ્યા કરે છે પણ ચીનના પેટનું પાણી હાલતું નથી! ઈરાનને ભરપૂર શસ્ત્રસહાય - ડ્રૉન પૂરાં પાડે છે! યુક્રેનને યુરોપના દેશોની શસ્ત્રસહાય મળે છે. રશિયા અન્ય દેશોના ભાડૂતી સૈનિકોને લડવા મોકલે છે!

અમેરિકાના રાજદ્વારી સંબંધ પાડોશી દેશ કૅનેડા સાથે પણ બગડ્યા છે છતાં ટ્રમ્પ બમણું રમવા માર્ગ છે, અર્થતંત્ર દબાણમાં છે તેથી વિઝા ફી વધારા અને નિયંત્રણમાં વધારો થઈ રહ્યો છે. ડૉલરનું વર્ચસ્વ ટકાવી રાખવાની ચિંતા છે. હવે ટ્રમ્પ અમેરિકાને ફરીથી ગ્રેટ કેવી રીતે બનાવશે તે જોવાનું ?.

યુક્રેને રશિયાની તેલ રિફાઈનરીઓ ઉપર હુમલા કર્યા છે. ગંભીર નુકસાન થયું હોવાથી રશિયા હવે ભારતથી પેટ્રોલ આયાત કરશે! જોકે, રશિયાએ ભારતને ક્રૂડતેલનો પુરવઠો જાળવી રાખવાની ખાતરી આપી છે.

અત્યારે અલગ આર્થિક વ્યાપારી વિશ્વયુદ્ધના ભણકારા સંભળાય છે. ઈરાનના મિત્રદેશોના અર્થતંત્ર ઉપર દબાણ વધશે. મધ્યપૂર્વનું યુદ્ધ શરૂ થયું અને તેલની કટોકટી શરૂ થઈ ત્યારે ભારત સરકારે થોડા મહિના ખેંચી કાઢયા પછી ભાવવધારા કરવા પડ્યા. પેટ્રોલ, ડીઝલ અને ખાતરની તંગી થાય. ભાવવધારા થાય તો સરકાર માટે ગંભીર સ્થિતિ સરજાય. અત્યારે અર્થતંત્ર સલામત છે અને રશિયાએ ખાતરના પુરવઠા વધારવાની પણ ખાતરી આપી છે. વિશ્વમાં આવી અનિશ્ચિત સ્થિતિ છે.

ત્યારે ભારત સરકારે દૂરંદેશીથી રશિયા, જાપાન, ચીન અને કૅનેડા સાથે વ્યાપાર સંબંધ વધારવાની શરૂઆત કરી છે. સંખ્યાબંધ દેશો સાથે મુક્ત વ્યાપારના કરાર - સમજૂતી કરી છે.

ચીન સાથે સંબંધ સુધરી રહ્યા છે - અને આપણા સુરક્ષા સલાહકાર અજિત ડાંભાલે ચિીનની મુલાકાત લીધી છે. ત્યાંના પ્રમુખને મળવા ઉપરાંત સ્પેશિયલ પ્રતિનિધિ વાંગ સાથે સરહદી અઠ મુદ્દાની સમજૂતી કરી છે. બારમી સપ્ટેમ્બરે ભારતમાં બ્રિક્સ શિખર પરિષદ મળનાર છે તેમાં પ્રમુખ શી જિનપિંગ હાજરી આપશે એવી ધારણા-અપેક્ષા છે. શિખર પરિષદ ઉપરાંત તાજેતરમાં અરુણાચલ - દેશની સરહદે ચીને લશ્કરી હિલચાલ કરીને મથકો સ્થાપ્યાં છે તેની તંગદિલી ચીન પ્રમુખની ભારત મુલાકાતથી હળવી થશે એમ મનાય છે. બંને પક્ષો હવે સરહદ ઉપર શાંતિ અને સૌહાર્દનું વાતાવરણ રહે એમ ઈચ્છે છે. ૨૦૨૪ના ઑક્ટોબરમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને શી જિનપિંગની મુલાકાત પછી સરહદ ઉપર સામાન્ય - નોર્મલ સ્થિતિ રહી છે. આ પછી ૨૦૨૫માં મુલાકાત થઈ અને સ્થિતિ સુધરતી રહી છે. બંને દેશોના વિશેષ પ્રતિનિધિઓ વખતોવખત મળે અને સરહદી બાબતોની વાટાઘાટ કરે એવી વ્યવસ્થા સાથે વિદેશ ખાતાં તથા સેનાના અધિકારીઓ પણ જોડાયા છે તેથી છેલ્લાં બે વર્ષમાં સરહદ ઉપર શાંતિ રહી છે.

અમેરિકાએ ઈરાનની આર્થિક નાકાબંધીની જાહેરાત કરી અને ઈરાનના ભાગીદાર દેશાને પણ ધમકી આપી છે પણ ચીન ઈરાનનું સૌથી મોટું વ્યાપારી ભાગીદાર છે. ઈરાનનું ૯૦ ટકા તેલ એકમાત્ર ચીન ખરીદે છે. વર્ષ ૨૦૨૫માં ચીને સરેરાશ ૧૩.૮ કરોડ બેરલ (ડ્રમ) તેલની આયાત કરી છે. ચીનની રિફાઈનરીઓ ઈરાનથી તેલની આયાત કરે છે અને તે મલેશિયાથી ખરીદ થયાનું બતાવે છે. આ તેલની ખરીદી વચેટિયા મારફત થાય છે અને લિસમાં ચુકવણી થતી નથી. ચીની ચલણમાં થાય છે તેથી અમેરિકાએ ચીનની રિફાઈનરી ઉપર નિયંત્રણ મૂકવાની ધમકી આપી હતી. ચીને તો ઈરાન ઉપરના અમેરિકી નિયંત્રણોનો વિરોધ કરીને સાફ કહ્યું છે કે અમારા હિતની રક્ષા પ્રથમ થશે ! હવે ભારતમાં બ્રિક્સ શિખર પરિષદમાં

હાજરી આપ્યા પછી ૨૩મી સપ્ટેમ્બરે શી જિનપિંગ વૉશિંગ્ટનની મુલાકાતે જાય એવી શક્યતા છે. અમેરિકા ચીન પાસેથી દુર્લભખનિજો મેળવવાના પ્રયાસમાં છે પણ આજની સ્થિતિ એવી છે કે ચીન પણ મહાસત્તા છે. અમેરિકા માટે પડકાર છે તેથી તેને એકલું પાડવા માગે છે અને ચીન જાણે છે કે એશિયાઈ દેશોનો સહકાર તેના માટે અનિવાર્ય છે. ભારતની શક્તિ વધી રહી છે. વિશ્વમાં વગ વિસ્તરી રહી છે. રશિયા સાથે પણ ગાઢ સંબંધ છે તેથી ભારત સાથેના સંબંધ સુધારવા તૈયાર છે. રશિયા પણ ભારતની તેલ જરૂરિયાત પૂરી પાડવા તૈયાર છે.

ભારત-ચીન સંબંધ સુધારવા માટે સરહદ ઉપર શાંતિ અને સુમેળ જરૂરી છે પણ બ્રિટિશ શાસન દરમિયાન ખેંચાયેલી સરહદ રેખાનો અર્થ નથી. આ પછી વાસ્તવિક સરહદ લાઇન ઑફ એક્ચુઅલ કન્ટ્રોલ કઅઈનો વિવાદ છે. ૨૦૧૫માં વડા પ્રધાન મોદી ચીનની પ્રથમ મુલાકાતે ગયા ત્યારે એમણે કઅઈ વાસ્તવિક અંકુશ રેખા બાબત સ્પષ્ટતા કરવા માટે પ્રક્રિયા શરૂ કરવાનું સૂચન કર્યું હતું પણ ચીનની વલણ એવી હતી કે સ્પષ્ટતા કરવામાં વધુ ગૂંચવાડો થશે અને સરહદની સમજૂતી મુશ્કેલ બનશે !

આ પછી ૨૦૨૦ના એપ્રિલમાં લદાખમાં જે તંગદિલી અને સંઘર્ષ થયો તે ૧૯૬૨ના ચીન આક્રમણ પછી પહેલી વખત ગંભીર ઘટના હતી. ૧૯૯૬માં એક સમજૂતી થઈ હતી કે બંને દેશોએ એકબીજામાં વિશ્વાસ જાગે તેવા પ્રયાસ કરવા જોઈએ. આ માટે સ્પેશિયલ - વિશેષ પ્રતિનિધિઓની મુલાકાત થવી જોઈએ. આવી મુલાકાતો થઈ છે. તાજેતરમાં અજિત ડોભાલ અને ચીનના વિદેશપ્રધાનની બેઠક બીજિંગમાં યોજાઈ અને આઠ મુદ્દામાં મુખ્ય મુદ્દો હતો સરહદ ઉપરની સ્થિતિની સમીક્ષા ડિપ્લોમેટિક અને મિલિટરી લેવલ ઉપર તાત્કાલિક વિનાવિલંબે થવી જોઈએ. ઉપરાંત સરહદ નક્કી કરવા માટે નિષ્ણાંતોનું ગ્રુપ આગોતરી તૈયારી કરે. અને તે માટે બંને પક્ષો ગ્રુપની શરતો કાર્યવાહીની સમજૂતી કરે - અલબત્ત, આ માટે કોઈ સમયમર્યાદાનો ઉલ્લેખ નથી!

૨૦૨૪ના ઑક્ટોબર અને ઑગસ્ટ ૨૦૨૫માં મોદી શી જિનપિંગની મુલાકાતમાં સંબંધ સુધારવા ઉપર ભાર મુકાયો અને કૈલાસ- માનસરોવર યાત્રા માર્ગ ફરીથી શરૂ થયો. ડાયરેક્ટ ફ્લાઈટ અને સરહદ ઉપર વ્યાપારની છૂટ થઈ જે સાચી દિશામાં પ્રગતિ ગણાય છે. આમ છતાં સરહદ - અંગે સમજૂતી હજુ દૂર છે. આસાન નથી. અરુણાચલ અને સિક્કીમના પ્રશ્નો છે તેનું નિરાકરણ થાય તો મોટી સિદ્ધિ ગણાય.

આ સમજૂતી છતાં સરહદની આંકણી - લાઈન દોરી કેવી રીતે થશે તે નક્કી નથી. ૨૦૦૫માં સમજૂતી થઈ હતી અને 'વિશેષ પ્રતિનિધિઓ મળે તેમ નક્કી થયું હતું તેમાં હવે કોઈ ફેરફાર થશે કે નહીં તે જોવાનું છે. બંને દેશો વચ્ચે ૧૯૧૪માં બ્રિટિશર મેકમહોને સરહદ નક્કી કરી હતી તે પછી સરહદી વિવાદ ચાલ્યા કરે છે. તિબેટ અને અરુણાચલ વચ્ચેની ૮૯૦ કિમીની સરહદ સ્વીકારવા ચીન તૈયાર નથી. પણ હવે વિશ્વની સ્થિતિ અને સંબંધ બદલાઈ રહ્યા છે. અમેરિકાનાં નિયંત્રણો માથા ઉપર ગાજે છે ત્યારે ભારત - ચીનના સહકારનું મહત્ત્વ છે. ચીન જાણે છે કે અમેરિકા તેને એકલું પાડવાના પ્રયાસ કરે છે તેથી એશિયાના દેશોની એકતા જરૂરી છે. ભારત સાથેને વ્યાપાર - બંને માટે લાભદાયક છે - અને તે વધારવા માટે સરહદનું સમાધાન અનિવાર્ય છે પ્રશ્ન એ છે કે ફરીથી હિન્દી-ચીની ભાઈભાઈ? પણ ચીનનો ભરોસો થાય ?

## પિતૃસત્તાત્મક માનસિકતા

# પુરુષોનું પ્રભુત્વ કે સામાજિક માનસિકતાનો સહિયારો વારસો?

પૌરુષ

અંકિત દેસાઇ,
ટુકવાડા

સમાજમાં જ્યારે પણ પિતૃસત્તા એટલે કે પેટ્રિયાર્કી શબ્દનો પ્રયોગ થાય છે, ત્યારે સામાન્ય રીતે ચિત્ર એવું ઊભું કરવામાં આવે છે કે જાણે એક બાજુ શોષક પુરુષ વર્ગ છે અને બીજી બાજુ માત્ર શોષિત સ્ત્રી વર્ગ છે. તાજેતરમાં રાજકીય અને સામાજિક સ્તરે આ મુદ્દે નવી ચર્ચાઓ શરૂ થઈ છે, પરંતુ જો રાજકારણ અને પક્ષીય માનસિકતાથી ઉપર ઊઠીને તટસ્થતાથી વિચારવામાં આવે, તો એક બહુ જ ઊંડો અને સંવેદનશીલ પ્રશ્ન ઊભો થાય છે શું પિતૃસત્તાત્મક માનસિકતાનું વહન માત્ર પુરુષો દ્વારા જ થયું છે? કે પછી પુરુષોના નામે સામાજિક વ્યવસ્થાનો એક મોટો હિસ્સો પોતાની જવાબદારીઓમાંથી છટકી રહ્યો છે? આ વિષયને કોઈ એક જાતિનો વિરોધ કર્યા વગર કે કોઈને નીચા દેખાડ્યા વગર, કેવળ માનવશાસ્ત્રીય અને સામાજિક દૃષ્ટિકોણથી સમજવો અત્યંત જરૂરી છે.

ઐતિહાસિક રીતે જોઈએ તો પિતૃસત્તા એ કોઈ એક પુરુષ દ્વારા કે રાતોરાત ઘડી કાઢવામાં આવેલી કોઈ ષડયંત્રકારી નીતિ નહોતી, પરંતુ તે સદીઓ જૂની સામાજિક, આર્થિક અને સુરક્ષાત્મક જરૂરિયાતોમાંથી જન્મેલી એક વ્યવસ્થા હતી. પ્રાચીન સમયમાં જ્યારે શારીરિક બળ જ જીવન ટકાવી રાખવા, શિકાર કરવા અને પરિવારની સુરક્ષા કરવાનો મુખ્ય આધાર હતું, ત્યારે પુરુષની ભૂમિકા પરિવારના 'રક્ષક' અને 'રોજીરોટી કમાનાર' તરીકે નિર્ધારિત થઈ. સામે પક્ષે, બાળઉછેર અને ઘરની સંભાળની જવાબદારી સ્ત્રીના ફાળે આવી. આ શ્રમવિભાજન શરૂઆતમાં વ્યવહારુ હતું, પરંતુ સમય જતાં આ વ્યવહારુ વ્યવસ્થાએ એક રૂઢિચુસ્ત સામાજિક ઢાંચાનું રૂપ લઈ લીધું. આ ઢાંચામાં સત્તા અને નિર્ણય લેવાના અધિકારો પુરુષના હાથમાં કેન્દ્રિત થતા ગયા અને અહીંથી જ પિતૃસત્તાત્મક માનસિકતાનો જન્મ થયો.

જોકે, આ માનસિકતાના પોષણ અને વહનમાં માત્ર પુરુષો જ ભાગીદાર છે તેવું માનવું એ સામાજિક વાસ્તવિકતાની એકતરફી વ્યાખ્યા ગણાશે. જો ઊંડાણપૂર્વક નિરીક્ષણ કરવામાં આવે તો પિતૃસત્તા એ કોઈ પુરુષ જાતિ નથી, પણ એક સંસ્કાર અને કન્ડિશનિંગ છે, જેનો શિકાર પુરુષ અને સ્ત્રી બંને એકસરખી રીતે થાય છે. ઘરમાં જ્યારે દીકરા અને દીકરી વચ્ચે ભેદભાવ થાય છે, ત્યારે મોટાભાગના કિસ્સાઓમાં એ નિર્ણય કે વ્યવહાર ઘરની વડીલ સ્ત્રીઓ - જેવી કે માતા કે દાદી - દ્વારા થતો જોવા મળે છે. વંશવેલો આગળ વધારવા માટે દીકરાનો જ આગ્રહ રાખવો, દીકરીને ચોક્કસ મર્યાદાઓમાં રહેવાની શિખામણ આપવી, અથવા પુત્રવધૂ પર ચોક્કસ સામાજિક નિયમો લાદવા - આ બધું જ ઘણીવાર સ્ત્રીઓ દ્વારા જ સ્ત્રીઓ પર લાદવામાં આવે છે. એટલે કે, પિતૃસત્તાત્મક સોચનું સિંચાઈ અને જતન સ્ત્રીઓ દ્વારા પણ એટલા જ ઉત્સાહથી થયું છે જેટલું પુરુષો દ્વારા થયું છે. બીજી તરફ, આ જ પિતૃસત્તાત્મક વ્યવસ્થાના નામે પુરુષોનું શોષણ પણ ઓછું નથી થયું. સામાન્ય રીતે માનવામાં આવે છે કે પિતૃસત્તાથી માત્ર પુરુષોને જ ફાયદો થયો છે, પરંતુ વાસ્તવમાં આ વ્યવસ્થાએ પુરુષો પર પણ અમાનવીય અને ભારે અપેક્ષાઓનો બોજ નાખી દીધો છે. 'પુરુષ ક્યારેય રડે નહીં', 'પુરુષે હંમેશા મજબૂત રહેવું પડે', 'પરિવારની તમામ આર્થિક જવાબદારી પુરુષની જ છે' - આ એવી માનસિકતા છે જેણે પુરુષો પાસેથી તેમની સંવેદનશીલતા અને લાગણીઓ વ્યક્ત કરવાનો હક છીનવી લીધો છે. કોઈ પુરુષ જો આર્થિક રીતે સફળ ન થાય, તો સમાજ તેને એક નિષ્ફળ વ્યક્તિ તરીકે જુએ છે. આ માનસિક દબાણ એટલું તીવ્ર હોય છે કે પુરુષો પોતાની લાગણીઓ અંદર ને અંદર દબાવી રાખે છે, જેના પરિણામે પુરુષોમાં માનસિક તણાવ અને આત્મહત્યાના કિસ્સાઓ પણ વધતા જોવા મળે છે. આમ, જે વ્યવસ્થાને પુરુષપ્રધાન કહેવાય છે, તે જ વ્યવસ્થા ઘણીવાર પુરુષો માટે એક અદ્રશ્ય જેલ બની જાય છે.

અહીં એ - ' પણ ઉપસ્થિત થાય છે કે શું આ માનસિકતાના નામે 'ચરી ખાવામાં' આવ્યું છે? હા, સામાજિક અને રાજકીય સ્તરે આ વ્યાખ્યાનો દુરુપયોગ જરૂર થયો છે. એક તરફ, પરંપરાવાદી માનસિકતા ધરાવતા લોકોએ પોતાના સ્વાર્થ અને વર્ચસ્વને ટકાવી રાખવા માટે પિતૃસત્તાને 'સંસ્કૃતિ' અને 'પરંપરા'નું રૂપ આપીને તેનો દુરુપયોગ કર્યો. તો બીજી તરફ, આધુનિક સમયમાં કેટલાક વર્ગો દ્વારા દરેક સામાજિક કે વ્યક્તિગત નિષ્ફળતાનો દોષ ટોપલો 'પિતૃસત્તા' અને આખી પુરુષ જાતિ પર ઢોળી દેવાની સરળ રીત અપનાવવામાં આવી છે. કોઈપણ જટિલ સામાજિક સમસ્યાને કેવળ 'પુરુષશાહી' કહીને સરળ બનાવી દેવી એ પણ એક પ્રકારની બૌદ્ધિક આળસ છે. પુરુષોને સામૂહિક રીતે ગુનેગાર ઠેરવી દેવાથી વાસ્તવિક સમસ્યાનો ઉકેલ આવતો નથી, બલ્કે તેનાથી સમાજમાં પુરુષ અને સ્ત્રી વચ્ચે સંવાદના બદલે અવિશ્વાસ અને સંઘર્ષ ઊભો થાય છે. આજના આધુનિક અને શિક્ષિત સમાજમાં જરૂરિયાત એ વાતની છે કે આપણે પિતૃસત્તાને 'પુરુષ વિરુદ્ધ સ્ત્રી'ના ચશ્માથી જોવાનું બંધ કરીએ. પિતૃસત્તા એ લિંગ (Gender) આધારિત સમસ્યા નથી, પરંતુ વિચારસરણી આધારિત સમસ્યા છે. એક સ્ત્રી પણ પિતૃસત્તાત્મક સોચ ધરાવતી હોઈ શકે છે જો તે અન્ય સ્ત્રીની સ્વતંત્રતાને નકારે; અને એક પુરુષ સંપૂર્ણપણે પિતૃસત્તાથી મુક્ત હોઈ શકે છે જો તે સમાનતા અને સ્ત્રીના આત્મસન્માનમાં વિશ્વાસ ધરાવતો હોય.

આ માનસિકતામાંથી બહાર નીકળવાનો માર્ગ એકબીજા પર દોષારોપણ કરવાનો નથી, પણ સહિયારી જવાબદારી સ્વીકારવાનો છે. પરિવારોમાં ઉછેરની પ્રક્રિયાથી જ પરિવર્તન લાવવું પડશે. દીકરાઓને માત્ર 'કમાઉ દીકરો' બનવાના બદલે સંવેદનશીલ માનવી બનવાનું શીખવવું પડશે અને દીકરીઓને માત્ર સહનશીલ બનવાના બદલે આત્મનિર્ભર બનવાનું પ્રોત્સાહન આપવું પડશે. શ્રમ અને જવાબદારીઓની વહેંચણી લિંગના આધારે નહીં, પણ ક્ષમતા અને ઈચ્છાના આધારે થવી જોઈએ. ઈનશોર્ટ, પિતૃસત્તાત્મક માનસિકતા એ કોઈ એક જાતિ દ્વારા લાદવામાં આવેલો અત્યાચાર નથી, પરંતુ માનવ સમાજે પોતાની વિકાસયાત્રા દરમિયાન ઊભી કરેલી એક એવી વ્યવસ્થા છે જે હવે આજના સમયમાં અપ્રાસંગિક અને નુકસાનકારક બની ગઈ છે. પુરુષો કે સ્ત્રીઓ - બંનેમાંથી કોઈએ પણ આ માનસિકતાનો ભોગ બનવાની કે તેના નામે એકબીજા સામે આંગળી ચિંધવાની જરૂર નથી. જ્યારે સમાજ પુરુષને તેના અપેક્ષાઓના અતિશય ભારમાંથી મુક્ત કરશે અને સ્ત્રીને તેના અધિકારો અને નિર્ણયશક્તિ આપશે, ત્યારે જ એક સ્વસ્થ, સમતુલિત અને સાચા અર્થમાં સમાન સમાજનું નિર્માણ થઈ શકશે.

# સંસ્કૃત અને સંસ્કૃતિના જતનમાં યુવાનોની ભૂમિકા

**દુનિયાને ફેશન શીખવનાર દેશ ભારત છે, માથે ત્રાંસુ મોરપીંછ રાખીને ફેશનની શરૂઆત કરનાર શ્રીકૃષ્ણ ભારતીય સંસ્કૃતિના પૂર્ણ પુરુષોત્તમ છે, પથ્થરને પગ અડાડીને શિલામાંથી અહલ્યા બનાવનારા શ્રીરામ ભારતીય છે, સ્ત્રીઓની લાજ બચાવવા માટે પોતાનું સર્વ સમર્પિત કરી દેનારા શિવાજી ભારતીય છે, વિશ્વને અર્થશાસ્ત્ર શીખવનારા ચાણક્ય ભારતીય છે, શૂન્ય વગર બધું જ શૂન્ય છે,**

મનનમ્

ડો. યોગેશ ગોરાને
આચાર્ય
વિનય મંદિર, દાંડી



**ભારતસ્ય પ્રતિષ્ઠે દ્વે—સંસ્કૃતં સંસ્કૃતિસ્તથા।**

ભારતની મહાનતા અને પ્રતિષ્ઠા બે જ વાતો પર ટકેલી છે એક આપણી દેવભાષા સંસ્કૃત અને બીજી આપણી મહાન સંસ્કૃતિ.

જ્યારે આપણે 'સંસ્કૃત' અને 'સંસ્કૃતિ' શબ્દ સાંભળીએ છીએ, ત્યારે કેટલાક લોકોનાં મનમાં પ્રશ્ન થાય છે કે આ એકવીસમી સદીના AI, ટેકનોલોજી અને સ્પેસ એજમાં આ પ્રાચીન બાબતોનું શું મહત્વ? પણ મિત્રો, યાદ રાખજો—જે વૃક્ષ પોતાના મૂળિયાં કાપી નાખે છે, તે ક્યારેય ગગનચુંબી ઊંચાઈઓ પ્રાપ્ત કરી શકતું નથી. સંસ્કૃત આપણી સંસ્કૃતિનું મૂળ છે અને સંસ્કૃતિ આપણી આત્મા છે.

આ એ ભાષા છે જેણે વિશ્વને માત્ર શસ્ત્ર જ નથી આપ્યા, શાસ્ત્ર પણ આપ્યા છે, જેણે દુનિયાને યુદ્ધ નથી આપ્યું, પણ 'બુદ્ધ' અને શાંતિનો સંદેશ આપ્યો છે. આપણી સંસ્કૃતિએ સમગ્ર વિશ્વને એક પરિવાર માનવાની ઉદારતા શીખવી છે. આપણી સંસ્કૃત ભાષા માત્ર ધાર્મિક વિધિઓ પૂરતી મર્યાદિત નથી, તે વિજ્ઞાન, ગણિત, ખગોળશાસ્ત્ર, આયુર્વેદ અને અર્થશાસ્ત્રનો મહાસાગર છે. નૃત્યો, ગીતો, શિલ્પકલા અને સ્થાપત્યનો અજોડ ખજાનો છે.

આજના ડિજિટલ યુગમાં આપણો યુવાન પશ્ચિમી સંસ્કૃતિનાં અંધાનુકરણ તરફ દોડી રહ્યો છે. એ મોર્ડન થવાના ભ્રમમાં સંસ્કૃતિથી દૂર થઈ રહ્યો છે ત્યારે એ સમજવું જરૂરી છે કે આપણે મોર્ડન બનવું છે, પણ પોતાની ઓળખ ગુમાવીને નહીં!

સંસ્કૃત ભાષા આપણને આધુનિકતાની સાથે સાંસ્કૃતિક સમૃદ્ધિ પણ સમજાવે છે કારણ કે સંસ્કૃત કોઈ એક ધર્મ કે સંપ્રદાયની જ ભાષા નથી, એ માનવ જીવનની ભાષા છે, શસ્ત્ર અને શાસ્ત્રની ભાષા છે, વિજ્ઞાન અને ટેકનોલોજીની ભાષા છે. એટલે જ તો નાસા (NASA) જેવી વૈજ્ઞાનિક સંસ્થાઓ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને કમ્પ્યુટર કોડિંગ માટે સંસ્કૃતને સૌથી ચોક્કસ અને સ્પષ્ટ ભાષા ગણે છે.

આજે યુવાનો સર્વ દિશામાંથી ફુંકાઈ રહેલા પશ્ચિમી પવનને કારણે અંધ બની રહ્યા છે ત્યારે એ વિચારવું જરૂરી છે કે દુનિયાન ફેશન શીખવનાર દેશ ભારત છે, માથે ત્રાંસુ મોરપીંછ રાખીને ફેશનની શરૂઆત કરનાર શ્રીકૃષ્ણ ભારતીય સંસ્કૃતિના પૂર્ણ પુરુષોત્તમ છે, પથ્થરને પગ અડાડીને શિલામાંથી અહલ્યા બનાવનારા શ્રીરામ ભારતીય છે, સ્ત્રીઓની લાજ બચાવવા માટે પોતાનું સર્વ સમર્પિત કરી દેનારા શિવાજી ભારતીય છે, વિશ્વને અર્થશાસ્ત્ર શીખવનારા ચાણક્ય ભારતીય છે, શૂન્ય વગર બધું જ શૂન્ય છે, એવું શૂન્યનું મહત્વ સમજાવનારા આર્યભટ્ટ ભારતીય છે, આજે કમ્પ્યુટરનો પાયો ગણાતી દ્વિઅંકી પદ્ધતિ-બાયનરી કોડ (૦ અને ૧) પદ્ધતિ આપનાર પિંગલા નામના ગણિતશાસ્ત્રી ભારતીય છે, રોગોનું મૂળ માત્ર શરીર નહીં પણ મન છે અને કોઈપણ વનસ્પતિ ઔષધ નથી એવું નથી એવી શ્રેષ્ઠ છતાં સહજ ઉપચાર પદ્ધતિ આપનાર આયુર્વેદ ભારતીય છે, આજથી હજારો વર્ષ પહેલા પ્લાસ્ટિક સર્જરી કરનાર મહર્ષિ સુશ્રુત ભારતીય છે, માનવ જીવનને સરળતાથી સમૃદ્ધ બનાવનાર આવી અનેકાનેક વૈજ્ઞાનિક શોધના સર્જક ભારતીય છે.

આ સૌ શોધોનું મૂળ પ્રાચીન સંસ્કૃત ભાષા અને સંસ્કૃતિમાં જ છે. આથી આજે આપણે યુવાનોએ યોગવિદ્યા, આયુર્વેદ અને સનાતન જીવનશૈલીના ગ્લોબલ બ્રાન્ડ એમ્બેસેડર બનવું પડશે.

ટેકનોલોજીના માધ્યમથી સંસ્કૃતના શ્લોકો અને ભારતીય કલાને વિશ્વના ખૂણે-ખૂણે પહોંચાડવી પડશે. આજે સમગ્ર વિશ્વ જ્યારે ગ્લોબલ વૉર્મિંગ અને પ્રદૂષણના સંકટથી ધ્રૂજી રહ્યું છે, ત્યારે આપણી ભારતીય જીવનશૈલી જ જગતને બચાવી શકે તેમ છે. કારણ આપણી સંસ્કૃતિ જ નદીને 'માતા' કહે છે, પીપળા અને તુલસીમાં પરમાત્મા જુએ છે અને પૃથ્વીને 'માતા' માનીને પ્રણામ કરે છે - માતા ભૂમિઃ પુત્રો અહં પૃથિવ્યાઃ

યુવાનોએ સાંસ્કૃતિક સભ્યતા જેવા પ્રકૃતિપ્રેમને આધુનિક સ્વરૂપ આપવું પડશે. નદીઓની સ્વચ્છતા, પ્લાસ્ટિકનો ત્યાગ, વૃક્ષારોપણ અને પ્રાકૃતિક સંસાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ એ જ આપણી સંસ્કૃતિનું ખરું જતન છે.

પશ્ચિમી સંસ્કૃતિનાં આંધળા અનુકરણને બદલે ભારતની શાસ્ત્રીય અને લોકનૃત્ય શૈલીઓ (જેમ કે ગરબા, કથક, ભરતનાટ્યમ) તેમજ શાસ્ત્રીય સંગીત શીખવા અને તેનો પ્રચાર કરવો. તેને ટકાવી રાખવા પ્રયત્ન કરવો પડશે. આજે સમય ડિજિટલાઈઝેશનનો છે ત્યારે માત્ર પ્રાચીન સંસ્કૃતિ કે સભ્યતા વિશે જાણીએ એટલું પૂરતું નથી પણ પ્રાચીન ગ્રંથો, હસ્ત-તો અને કલાકૃતિઓને ડિજિટલ સ્વરૂપમાં સાચવવા માટે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવો પડશે. પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં છુપાયેલા આયુર્વેદ, ખગોળશાસ્ત્ર, સ્થાપત્ય અને ગણિત જેવા જ્ઞાન પર સંશોધન કરી તેને આધુનિક વિજ્ઞાન સાથે જોડેવુ પડશે, માત્ર તેને કંકુ ચોખા લગાડીને પૂજા પૂરતું સીમિત ન રાખવું જોઈએ. આ સાથે જ 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ'ના ભારતીય સંસ્કૃતિનાં મૂળસ્તંભ સમાન 'સંયુક્ત પરિવાર'ની ભાવના અને વડીલોનાં સન્માનના સંસ્કારો (વસુધૈવ કુટુંબકમ) જાળવવા પ્રયત્ન કરવા પડશે, માત્ર વાતો કરવાથી સંસ્કૃતિ નહીં બચે, એ માટે આપણા તહેવારો, કળા અને મૂલ્યોને આડંબર વગર તેના મૂળ પવિત્ર રૂપમાં ઉજવાય અને તેમનું વૈજ્ઞાનિક અને પ્રાકૃતિક રહસ્ય વિશ્વ સમક્ષ આવે તે માટે આપણી યુવા પેઢીએ આગળ આવીને સુકાન સંભાળવું પડશે. એની શરૂઆત આપણી પરંપરા, વડીલો પ્રત્યેનો આદર, નૈતિક મૂલ્યો અને પર્યાવરણનું જતન આપણા રોજિંદા વર્તનમાં દેખાવા જોઈએ.

# ધરમપુર-કપરાડા-નાનાપોંઢા તાલુકા વિશેષ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913

● ધરમપુર
● નાનાપોંઢા
● કપરાડા
● મોટાપોંઢા

## ધરમપુર શ્રીમદ રાજચંદ્રની શૈક્ષણિક સંસ્થાઓની 'ટાઇપ-એ' શ્રેણીમાં પસંદગી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૩૦ :** શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર (SRMD)ની શૈક્ષણિક સંસ્થાઓની ભારત સરકારના યુવા બાબતો અને રમત-ગમત મંત્રાલય હેઠળના મેરા યુવા ભારત (MY Bharat) દ્વારા આયોજિત 'રાષ્ટ્રીય ખેલ દિવસ ૨૦૨૬-ખેલો ઈન્ડિયા સંવાદ, ખેલ કી બાત-PM કે સાથ' કાર્યક્રમની 'ટાઈપ-A' શ્રેણીમાં પસંદગી કરવામાં આવી છે. કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લાઈવ વર્ચ્યુઅલ સંબોધનમાં SRMDના ૮૦૦ વિદ્યાર્થીઓ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર ખાતે જોડાયા હતા. બાદમાં ખેલ ઈકોસિસ્ટમ, ૨૦૩૬ ઓલિમ્પિક્સ માટે પ્રતિભા નિર્માણ, યુવા સહભાગિતા અને વિકસિત ભારત@૨૦૪૭ જેવા મુદ્દાઓ પર રાષ્ટ્રીય સ્તરે સંવાદ યોજાયો હતો. આ પ્રસંગે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ સ્વાગત સંબોધન કર્યું હતું. કાર્યક્રમ પૂર્વે આશ્રમ ખાતે બે દિવસીય રેસિડેન્શિયલ રિટ્રીટમાં પોસ્ટર મેકિંગ, ઝુમ્બા, પેનલ ડિસ્કશન તથા ક્રિટિકલ થિંકિંગ, AI અને સોશિયલ મીડિયા અંગેના સત્રો યોજાયા હતા.પૂજ્ય ગુરુદેવ રાકેશજીની પ્રેરણાથી કાર્યરત શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ, સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, વિદ્યાવિહાર અને ગુરુકુળમાં શિક્ષણ સાથે મૂલ્યો, શિસ્ત, આધ્યાત્મિકતા, તંદુરસ્તી અને રાષ્ટ્રપ્રેમ પર ભાર મૂકવામાં આવે છે. વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં જિલ્લા અને રાજ્ય સ્તરે સિદ્ધિ મેળવનારી સંસ્થાઓની રાષ્ટ્રીય કાર્યક્રમ માટેની પસંદગીને ગૌરવપૂર્ણ સન્માન માનવામાં આવી રહી છે.

## કપરાડામાં પ્રથમવાર ફોટોગ્રાફી-વિડિયોગ્રાફી વર્કશોપ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૩૦ :** કપરાડા તાલુકાના યુવાનોને ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફીના ક્ષેત્રમાં રોજગારની નવી તકો મળી રહે તે હેતુથી કપરાડામાં પ્રથમવાર ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. Nikon તેમજ Sonali Photosના ઓનર નિલુભાઈ દ્વારા આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક યુવા આગેવાન વત્સલ જોગારી તેમજ યોગેશ હિલીમના સહયોગથી યોજાયેલા આ વર્કશોપમાં કપરાડા વિસ્તારના યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વર્કશોપ દરમિયાન ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી સહિતના ક્ષેત્રમાં જરૂરી ટેકનિકલ કૌશલ્યો અને વ્યવસાયિક તકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. યુવાનો પોતાની પ્રતિભા અને કૌશલ્યનો ઉપયોગ કરીને સ્વરોજગાર તરફ આગળ વધી શકે અને આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવી શકે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કપરાડા જેવા અંતરિયાળ વિસ્તારમાં પ્રથમવાર આ પ્રકારનો વર્કશોપ યોજાતા સ્થાનિક યુવાનોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

આયોજકો દ્વારા ભવિષ્યમાં પણ યુવાનોના કૌશલ્ય વિકાસ અને રોજગારલક્ષી પ્રવૃત્તિઓ માટે આવા કાર્યક્રમો યોજવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## ઝરિયામાં આદિમજૂથ સમાજની બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૩૦ :** ધરમપુર તાલુકાના ઝરિયા ગામે દૂધ ડેરી હોલ ખાતે વલસાડ જિલ્લા આદિમજૂથ સમાજની વિશેષ બેઠક યોજાઈ હતી. દિલીપભાઈ ભુરકુંડની આગેવાની હેઠળ યોજાયેલી બેઠકમાં ધરમપુર, કપરાડા અને નાનાપોંઢા તાલુકાના સમાજના વિવિધ પડતર પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં યુવાનોના શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને રોજગારની તકો અંગે માર્ગદર્શન અપાયું હતું. ઓફિસર ઉર્જાબેન દેવલપર દ્વારા ITIમાં ST યુવાનો માટે ઉપલબ્ધ વિનામૂલ્યે તાલીમ, વિવિધ ટ્રેડ, પ્રવેશ લાયકાત અને રોજગારની તકો અંગે માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત ધરમપુરના ઓઝરપાડા સ્થિત Atul Institute of Vocational Excellence ખાતે ST ઉમેદવારો માટે ડેટા એન્ટ્રી, સીવણ, CCTV, ઈલેક્ટ્રિશિયન, મોબાઈલ રિપેરિંગ, નર્સિંગ આસિસ્ટન્ટ, વેલ્ડિંગ, JCB અને ફોર્કલિફ્ટ ઓપરેટર સહિતના વિવિધ મફત તાલીમ અભ્યાસક્રમોની માહિતી પણ આપવામાં આવી હતી.

બેઠકમાં પ્રવીણભાઈ આહીર સહિત દિલીપભાઈ, લક્ષ્મણભાઈ, રામદાસભાઈ, જયેશભાઈ, નામદેવભાઈ સહિત સમાજના આગેવાનો, કાર્યકરો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. અંતે સમાજના પ્રશ્નોના ઉકેલ અને વિકાસ માટે સંગઠિત રહીને કામગીરી કરવાનો સંકલ્પ વ્યક્ત કરાયો હતો.

## ધરમપુર પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધન પર્વ ઉજવાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૩૦ :** રક્ષાબંધન પર્વ નિમિત્તે ધરમપુરની રાષ્ટ્ર સેવિકા સમિતિની બહેનો અને બાળકીઓ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ અધિકારીઓ તથા જવાનોને રક્ષા સૂત્ર બાંધી મોં મીઠું કરાવી પર્વની ઉજવણી કરી હતી. સમાજની સુરક્ષા માટે તહેવારોમાં પણ ફરજ પર અડીખમ રહેતા પોલીસ જવાનો પ્રત્યે સન્માન અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાના હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ધરમપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. નિખિલ ભોયાએ બહેનો અને બાળકીઓ સાથે સંવાદ કરી માર્ગદર્શન આપ્યું હતું. રાષ્ટ્ર સેવિકા સમિતિના આ કાર્યક્રમથી પોલીસ અને સમાજ વચ્ચેનું આત્મીય જોડાણ વધુ મજબૂત બને તેમજ સેવા અને રાષ્ટ્રભાવનાની લાગણીને પ્રોત્સાહન મળે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

## બાલચોંઢીમાં ભજન સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૩૦ :** બાલચોંઢી ગામે પરંપરાગત ભજન સ્પર્ધા યોજાઈ, આસપાસના ૯ ગામોની ભજન મંડળીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.




નાનાપોંઢા તાલુકાના બાલચોંઢી ગામે ભક્તિ, સંગીત અને ગ્રામ્ય સંસ્કૃતિનો અનોખો સંગમ સર્જાયો હતો. માં રેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભૂલાતી જતી ભજનની પરંપરાને જાળવી રાખવા અને નવી પેઢીને આપણી સાંસ્કૃતિક ધરોહર સાથે જોડવાના હેતુથી પરંપરાગત ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ભજન સ્પર્ધામાં બાલચોંઢી સહિત આસપાસના ૯ ગામોની વિવિધ ભજન મંડળીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભજન મંડળીઓ દ્વારા પરંપરાગત ભજનોની સુંદર રજૂઆત કરવામાં આવતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ગ્રામ્ય જીવન સાથે જોડાયેલા ભજનોના સૂર અને તાલે ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતાં.

ખાસ કરીને આદિવાસી કલાકારો અને ભજન મંડળીઓની આગવી રજૂઆતો આકર્ષણનું કેન્દ્ર બની હતી. ભજનના સૂર થકી નવી પેઢીને પોતાની સંસ્કૃતિ અને પરંપરાના મૂળ સાથે જોડવાનો આ પ્રયાસ ઉપસ્થિત સૌએ સરાહ્યો હતો. આ કાર્યક્રમ માત્ર ભજન સ્પર્ધા પૂરતો સીમિત ન રહેતા ગ્રામ્ય લોકસંસ્કૃતિ, સંગીત અને પરંપરાના સંવર્ધન માટે એક સુંદર પહેલ બની રહ્યો હતો. આયોજન બદલ માં રેવા ચેરીટેબલ ટ્રસ્ટની કામગીરીને ઉપસ્થિત લોકોએ બિરદાવી હતી.

## જીરવલનું 'વન ટ્રી' આકર્ષણનું કેન્દ્ર બન્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનીધ)

**કપરાડા, તા. ૩૦ :** નાનાપોંઢા તાલુકા ના જીરવલ ગામે આવેલ કાંડોળ ડુંગરી કુદરતી સોંદર્ય થી સોળે કળા એ ખીલી ઉઠી છે. આ ડુંગરની ટોચ પર એક માત્ર વૃક્ષ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. એટલું જ નહીં પણ આ ટેકરીને યુવાઓ એક અનોખું નામ આપ્યું છે. વન ટ્રી આજે આ નામ વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ ઉપરાંત સોશિયલ મીડિયા માં ફેલાયેલું છે. કપરાડા, નાનાપોંઢા તાલુકા અને દાદરા નગર હવેલી વિસ્તારમાં વન ટ્રી નામે પ્રસિદ્ધ પામેલું આ સ્થળે મોટી સંખ્યા માં યુવાઓનો ઘસારો જોવા મળે છે. સેલ્ફી માટે ઉત્તમ સ્થળમાનું આ સ્થળ એક હોવાનું યુવાઓ જણાવી રહ્યા છે. આ ડુંગર પર એક માત્ર વૃક્ષ સાથે આજુબાજુના વિસ્તારનું આહલાદક અને મનમોહક વાતાવર મોજ માંણતા યુવાઓ માટેનું કેન્દ્ર બની ગયું છે. દૂર દૂરથી લોકો અહીં આવે છે અને કુદરતી સોંદર્યનો આનંદ ઉઠાવે છે. હાલે ચોમાસાની ઋતુમાં તો આ ડુંગર અને આજુબાજુ વિસ્તારનું વાતાવરણ ખૂબ જ સુંદર લાગે છે. ચારે તરફ જાણે ધરતીએ લીલી ચાદર ઓઢી લીધી હોય એવું દશ્ય લોકોને જાણે કે બધી જ ઈન્દ્રિયોને આનંદ આપી રહી હોય એવું લાગી રહ્યું છે. પ્રતિદિન અહીં મોટી સંખ્યામાં લોકો આવે છે. જેમાં ખાસ કરીને યુવાઓ માટે આ વન ટ્રી સેલ્ફી પોઈન્ટ બની ચૂક્યું છે. એમ કહેવું કોઈ ખોટું નથી.

## નાનાપોંઢા તાલુકામાં પાવરલાઈનને લઈ ખેડૂતોમાં ભારે રોષ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૩૦ :** નાનાપોંઢા તાલુકાના કાજલી, વારોલી, જામગભાન, જીરવલ અને વાડધા ગામમાંથી ખાવડાથી મહારાષ્ટ્ર તરફ જતી ૭૬૫ KV પાવર ગ્રીડ લાઈન પસાર થવાની છે. પાવરલાઈનથી અસરગ્રસ્ત ખેડૂતોને ૪ જુલાઈ ૨૦૨૬ના પરિપત્ર મુજબ મળનારા વળતરને લઈને ખેડૂતોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. આ મુદ્દે વારોલી ગ્રામ પંચાયત પાસે યોજાયેલી બેઠકમાં પાંચેય ગામના ૧૫૦થી વધુ અસરગ્રસ્ત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતાં. બેઠકમાં વળતર અને ૨૫ વર્ષના એગ્રીમેન્ટ સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ખેડૂતોના જણાવ્યા મુજબ ૨૫ વર્ષ બાદ ફરી વળતર મળશે કે નહીં તથા એગ્રીમેન્ટ પૂર્ણ થયા બાદ કંપની દ્વારા પાવરલાઈનના થાંભલા અને તાર દૂર કરવામાં આવશે કે નહીં તે અંગે પરિપત્રમાં સ્પષ્ટતા જરૂરી છે.

હાલ થાંભલા માટે ૨૦૦ ટકા અને ROW માટે ૩૦ ટકા વળતરની જોગવાઈ સામે ખેડૂતો નારાજ છે. ખેડૂતોની માગ મુજબ થાંભલા માટે ૪૦૦ ટકા અને ROW માટે ૨૬૦ ટકા વળતર આપવામાં આવે. ઉપરાંત પાવરલાઈનની બંને તરફના ૬૭ મીટરના વિસ્તારમાં આવતા કુવા-બોરને નુકસાન થાય તો તેના વળતરની પણ સ્પષ્ટ જોગવાઈ કરવાની માગ ઉઠી છે.

## બામટીમાં પરીક્ષાના મફત તાલીમ વર્ગનો પ્રારંભ



**ધરમપુર, તા.૩૦ :** બામટી-લાલડુંગરી ગ્રામ પંચાયત હોલ ખાતે આદિવાસી ધોડિયા સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ, ધરમપુરના ઉપક્રમે GPSC, GSSSB, SSC, રેલવે સહિતની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને વર્ગ-૩ની ભરતીની તૈયારી માટે મફત તાલીમ વર્ગનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે ૧૧૦ વિદ્યાર્થીઓને પાંચ-પાંચ પુસ્તકોનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારમાં જ યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી શરૂ કરાયેલો તાલીમ વર્ગ દર શનિવાર અને રવિવારે યોજાશે અને આશરે ૯૦ દિવસ સુધી પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવામાં આવશે. અભ્યાસ આયોજન, વિષયવાર તૈયારી, પ્રશ્ન પત્રની સમજ અને પરીક્ષાની પદ્ધતિ અંગે માર્ગદર્શન અપાશે. બામટી ઉપરાંત આસપાસના ગામોના વિદ્યાર્થીઓ પણ તાલીમનો લાભ લઈ શકશે. ટ્રસ્ટના પ્રમુખ વિજયભાઈ નારણભાઈ પાનેરિયા સહિત નગરપાલિકા શિક્ષણ સમિતિના ચેરમેન નરેશભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, માજી નગરપાલિકા સભ્ય ધીરજભાઈ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, રાહુલભાઈ પટેલ, ટ્રસ્ટના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### એન્કર બાય પેનાસોનિક અને બિસલ્ડ બાયફ કપરાડા દ્વારા

## માતુનિયામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા.૩૦ :** માતુનિયા ગામ ખાતે એન્કર બાય પેનાસોનિક સી.એસ.આર. અને બિસલ્ડ - બાયફ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં કુલ ૩૬૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું, જેમાં ૬૦ નંગ આંબા કલમ અને ૩૦૦ નંગ જંગલના ઝાડ જેવા કે વાંસ, સીવણ, જાંબુ, બંગાળી બાવળ, નીલગીરી વગેરેનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે એન્કર બાય પેનાસોનિક થાણેથી શ્રી કિરણભાઈ મોરે સાહેબ, પેનાસોનિક દમણ કંપનીના HR વિભાગ તથા ૮૮ ભાઈઓ અને બહેનો સ્ટાફ ગણ, બિસલ્ડ બાયફ સાઉથ ગુજરાતના જીતીન સાઠે (ACPE), કપરાડા રિજનલ ઓફિસર કુંજનભાઈ પટેલ, બાયફ સ્ટાફ ગણ તથા માતુનિયા ગામના સ્વસહાય જૂથના ૨૧૫ બહેનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમ દરમિયાન મહાનુભાવો દ્વારા પર્યાવરણ જાળવણી, જમીન ધોવાણ અટકાવવા અને આવનારી પેઢી માટે હરિયાળું ગામ બનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગામની બહેનોએ વાવેલા દરેક ઝાડનું જતન કરી ઉછેરવાની જવાબદારી લીધી હતી. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહભેર અને સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

## કપરાડા-નાનાપોંઢાના ખેડૂતોને ટ્રાન્સમિશન ટાવરનું વળતર ક્યારે મળશે?

ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ દ્વારા મસ મોટા ટ્રાન્સમિશન ટાવરો ઊભા કરવા અને ખેડૂતોને બજાર કિંમત કરતા ૨૦૦ ટકા જમીન, પાક, ફળાઉ ઝાડો તથા અન્ય વૃક્ષોને થયેલુનું નુકશાન કામ શરૂ પહેલા યોગ્ય મૂલ્યાંકન કરી ચૂકવવા ના સરકાર દ્વારા પરિપત્ર પ્રસિદ્ધ કરી જે તે કંપનીઓને સોંપવામાં આવ્યું હોવાની વિગત મળવા પામી છે. છતાં વલસાડ જિલ્લા ના કપરાડા - નાનાપોંઢા તાલુકા અસંખ્ય ગામો અને દાદરાનગર હવેલીના રાંધા ગામ વિસ્તારમાંથી પાવરગ્રીડ કંપનીના મસ મોટા ટ્રાન્સમિશન ટાવરો ઊભા કરી દેવામાં આવ્યા હતાં. અસંખ્ય ગરીબ આદિવાસી ખેડૂતોની જમીન, પાક, ફાળવ ઝાડો તથા અન્ય ઝાડોને નુકશાન થયું હતું. લાઈનો નાંખી વર્ષ વિતી ગયું હોવા છતાં ખેડૂતોને જમીન અંગે નું વળતર ચૂકવવા માં આવ્યું નથી હોવાની વિગત મળવા પામી છે. જે અંગે કપરાડા - નાનાપોંઢા તાલુકાના અને દાદરા નગર હવેલીના ખેડુતો દ્વારા તંત્ર સામે વિરોધ નોંધાવી એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્ય સરકારને રજૂઆત કરવાના નિર્ણય લેવાયો હતો. સરકાર તાત્કાલિક યોગ્ય ન કરે તો આગામી દિવસોમાં આંદોલન કરવાના મૂડમાં ખેડુતો જોવા મળ્યા હતાં.

પ્રાપ્ય વિગતો મુજબ ભારતીય વિદ્યુત અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૬૭ અને કલમ ૬૮ની જોગવાઈઓ સાથે ભારતીય ટેલિગ્રાફ એક્ટ ૧૮૮૫ની કલમ ૧૦ અને કલમ ૧૬માં થયેલ જોગવાઈ મુજબ વ્યાખ્યાયિત નુકશાન માટે અસરગ્રસ્ત વ્યક્તિઓએ (ખેડુતો / જમીનમાલિકો)ને તેઓની જમીન, પાક, ફાળવ ઝાડો તથા અન્ય વૃક્ષોને થયેલું નુકશાન પેટે વળતર આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. સરકારે દ્વારા સમયાંતરે વંચાણે લીધેલ વિવિધ ઠરાવોથી વળતર ચૂકવવાનું નિર્ધારિત કરવામાં આવેલ છે. આ આ ઉપરાંત ખેડુતો દ્વારા વખતો વખત વળતર અંગેની રજૂઆતને પગલે સરકાર દ્વારા ટેરિફમાં થનાર સંભવિત વધારાને સંતુલિત કરી અસરગ્રસ્તોની ન્યાયી વળતર મળી રહે તે માટેનું સરકાર સુચારુ બનાવવા માટેની માર્ગદર્શિકામાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. છતાં કંપનીઓના મનસ્વી અને ખેડૂતોને છેતરવાના વલણના કારણે નાનાપોંઢા - કપરાડાના અસંખ્ય ગામોમાં ટ્રાન્સમિશન ટાવરો ઊભા કરી દેવામાં આવ્યા છે. છતાં વળતર ચૂકવવા માટે



**કપરાડાનો પત્ર**
જગદીશ ભોયા, કપરાડા

સરકારની વળતર અંગેની માર્ગદર્શિકાના નિયમોને ધોઈને પી ગયા હોવાનું જોવા મળે છે. એક જાણકારી મુજબ ખેડૂતોને પાક, ફળાઉ ઝાડો અને અન્ય વૃક્ષોનું વળતર ચૂકવવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. જેમાં પણ સરકારના નીતિનીઓ પ્રમાણે ચૂકવ્યું નથી હોવાની વિગત મળવા પામી છે. કંપની દ્વારા ગરીબ આદિવાસી ખેડૂતોને રીતસરને છેંતરી રહ્યા હોવાની ફરિયાદો ઉઠી રહી છે. કપરાડા - નાનાપોંઢા તાલુકા અને દાદરા નગર હવેલીના રાંધા સહિતના ગામોના અસંખ્ય ગરીબ ખેડુતો જમીનમાંથી મસમોટા ટ્રાન્સમિશન ટાવરો ઊભા કરી દેવાયા છે. કેટલાક નાના ખેડુતોને તો ખેતી કરવાની જમીન પણ રહી નથી. તેવા ખેડુતોને જમીન અંગેનું વળતર ચૂકવવામાં ન આવતા ખેડૂતોની હાલત દયનીય બની છે. ટાવર આધારિત વિસ્તાર (ચાર પાયા વચ્ચેનું ભાગ)ની જમીનના નુકશાન પેટે માર્કેટ રેટ કમિટી ( M.R.C) દ્વારા નિર્ધારિત જમીનની બજાર કિંમતના ૨૦૦ ટકા (બે ગણો) જેટલું વળતર ચૂકવવાનું રહશે .આ ઉપરાંત ચાર પાયા નું વાસ્તવિક વિસ્તાર ઉપરાંત દરેક બાજુ ૧ મીટરનું વધારાનું વિસ્તરણ ધ્યાને લેવામાં આવશે. આમ ટ્રાન્સમિશન ટાવરોમાં અસંખ્ય ખેડૂતોની જમીન ગઈ છે. જેમાં માપમાં પણ ચાર પાયા ઉપરાંત દરેક બાજુ ૧ મીટરનું માપ પણ ઓછું બતાવી ખેડૂતોને છેતરવામાં આવી રહ્યા હોવાની વિગત મળવા પામી છે.


આ ઉપરાંત ખેડૂતોના ખેતરોમાંથી પસાર થયેલા ટાવરોના રેશાઓની પહોળાઈ અને લંબાઈના આધારે ખેડૂતોને મળવાપાત્ર વળતર ચૂકવવા માટે સરકારની માર્ગદર્શિકામાં ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું જાણવાળે છે. પરંતુ કંપનીઓ રેષાનું વળતરથી ખેડૂતોને અજાણ રાખી એક પણ ખેડૂતને વળતર ચૂકવ્યું નથી. હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે.

આમ કપરાડા - નાનાપોંઢા તાલુકા અને દાદરા નગર હવેલીના રાંધા ગામ વિસ્તારમાંથી પસાર થયેલી ટ્રાન્સમિશન ટાવરોની લાઈન નાખતા પહેલા વળતર ચૂકવવાનો સરકારનો નિયમને ધોઈને પી જનારી કંપની ખેડૂતોને છેંતરી રહી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. જે અંગે ભારે વિરોધ વચ્ચે મીટીંગો યોજાઈ રહી છે. જે અંગે રાજય સરકારને રજૂઆતો કરવા ઉપરાંત આગામી દિવસોમાં આંદોલન કરવા જેવા નિર્ણયો લેવાઈ રહ્યા હોવાનું જાણવા મળે છે.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Monday 31, August 2026

# વિકાસ અને કુદરત વચ્ચે સંતુલન જાળવવાની તાકીદ

હિમાલયે વધુ એક વખત માનવીને ચેતવણી આપી છે. આ ઉન્નત પર્વતમાળાના સતત બગડી રહેલાં પ્રાકૃતિક સંતુલનથી કુદરતી આફતો સતત વધી રહી છે. બુધવારે નેપાળમાં તિબેટ તરફથી અચાનક આવેલાં ભયંકર પૂરમાં હિમાલયનાં રૌદ્ર સ્વરૂપે વધુ એક વખત દુનિયાને હચમચાવી મૂકી છે. રસુવા ખાતે ભોટેકાશી નદીમાં આવેલા પ્રલયકારી પૂરના પ્રવાહમાં સંખ્યાંબંધ મકાન, પુલ અને જળ વિદ્યુત પ્રોજેક્ટ તણાઈ ગયા હતા. ૧૫૭થી વધુ લોકોનાં મોત થઈ ચુક્યાં છે અને મરણાંક હજી વધે એવી અમંગળ આશંકા છે. આ પૂરમાં ૧૦૦થી વધુ ભારતીય લાપતા હોવાના અહેવાલ પણ છે. પ્રાથમિક અહેવાલો અને ઉપગ્રહની તસવીરેના પ્રારંભિક વિશ્લેષણ મુજબ નેપાળ અને તિબેટની સરહદે હિમાલયની પર્વતીય શિલાઓ ખસકવાને લીધે પૂર આવ્યું હતું. આની પાછળનું મૂળ કારણ તો હિમાલયના પર્વતીય વિસ્તારોમાં વિકાસ અને પ્રકૃતિનાં સતુલનને જાળવવા તરફ સેવાતું દુર્લક્ષ હોવાનું સ્પષ્ટ છે. બુધવારની કુદરતી આફતે ફરી એક વખત બતાવી આપ્યું છે કે, તેની સામે માનવજાત સાવ બેબસ બની જાય છે. હિમાલયને વિકાસની પ્રયોગશાળા બનાવી મુકનારાઓએ હવે કુદરતની જાળવણી અને માવજત પર પણ પ્રમાણિકપણે ધ્યાન આપવું જોઈશે. હાલત એવી થઈ છે કે, હિમાલયના નેપાળ હોય કે ભારતના વિસ્તારોમાં વિકાસનાં નામે કુદરતની અવગણના થતી રહી છે. રસ્તા બનાવવા પહાડોને કાપી નંખાય છે, વીજળી માટે નદીઓને રોકીને જળવિદ્યુત મથક ખડાં કરી દેવાય છે અને પ્રવાસન માટે નદીઓ કે જંગલો સુધી બાંધકામ કરી દેવાય છે. આધુનિક સમયમાં સવાલ એ નથી કે, વિકાસ થવો જોઈએ કે નહીં, પણ સવાલ એ છે કે, આપણે કુદરત અને હિમાલયની ક્ષમતાને અનુરૂપ વિકાસ કરીએ છીએ કે નહીં ? આજે દુનિયા આખી જળવાયુ પરિવર્તનને લીધે ગ્લોબલ વોર્મિંગના ખતરનાક જોખમનો સામનો કરી રહી છે. વાતવરણમાં ગરમી વધતાં હિમાલયથી માંડીને એન્ટાર્ટીકા સુધીના ઠંડા પ્રદેશોમાં બરફના ગ્લેશીયર જોખમી રીતે પીગળી રહ્યા છે. ઊંચાઈવાળા વિસ્તારોમાં ગ્લેશીયર ઓગળવાને લીધે સરોવરો સર્જાવા લાગ્યાં છે, જે હવે જોખમી કદ ધારણ કરવા લાગ્યા છે. હિમાલયના કુદરતી અતિક્રમણને લીધે જે રીતે વિનાશક ઘટનાઓ વધી રહી છે, તે જોતાં આવનારા નજીકના ભવિષ્યમાં આ વિસ્તારોમાં રહેણાક ભારે જોખમી બની જશે. આ વખતની આપદાએ વધુ એક જોખમી પરિમાણ છતું કર્યું છે. હિમાલયના પર્વતીય વિસ્તારોના વિનાશક પૂરના પ્રકોપને હવે ભારતના તળેટીનાં મેદાની વિસ્તાર સુધી અનુભવાયો હતો. બિહાર, ઉત્તરપ્રદેશ અને ગંગાના તટપ્રદેશમાં પૂરની આશંકાએ લોકોના જીવ પડીકે બંધાયા હતા. હવે, જ્યારે હિમાલયમાં કુદરતી આફતનું જોખમ સતત વધી રહ્યંક્ક છે, ત્યારે ભારતે આગોતરી ચેતવણી માટેની સુદઢ વ્યવસ્થા પર ધ્યાન આપવાની અનિવાર્યતા છતી થઈ છે. જળસ્તર માપક યંત્રો, ઉપગ્રહ આધારિત સતત ચાંપતી નજર રાખવા ઉપરાંત પર્વતો પર સેન્સર અને રડારનાં નેટવર્કને ભારત, ચીન અને નેપાળે સાથે રહીને ખડું કરવાની ખાસ જરૂરત છે. આ નેટવર્ક એકમેક સાથે સંકલન દ્વારા સતત કાર્યરત રાખીને કુદરતી આફતોની આગોતરી ચેતવણી મળતી થાય તે હવે સમયની માંગ છે. સાથોસાથ આ ત્રણે દેશે પોતપોતાના હિમાલય વિસ્તારના પર્વતો પરના વિકાસને સંતુલિત રાખીને કુદરતની માજવત પર ધ્યાન આપવું જોઈએ.




## સેમ્બકોર્પ ગ્રીન ઈન્ફ્રાએ આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું


**સુરત, તા. ૩૦ :** સેમ્બકોર્પ ગ્રીન ઈન્ફ્રા લિમિટેડ, જેભારતની અગ્રણી રિન્યુએબલ એનર્જીક્ષેત્રની સ્વતંત્ર વીજ ઉત્પાદક કંપનીઓમાંની એક છે, તેણે તેના સૂચિત આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપીફાઈલ કર્યું છે.સૂચિત આઈપીઓમાં કુલ રૂ. ૩,૭૫૦ કરોડ સુધીના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ સામેલ છે અને તેમાં ઓફર ફોર સેલ (ઓએફએસ)નો કોઈ હિસ્સો નથી.ભારતમાં મોટા પાયાના અને જટિલ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સના વિકાસ, બાંધકામ, સંચાલન અને જાળવણીના ક્ષેત્રે કાર્યરત છે. ૩૧ માર્ચ, ૨૦૨૬ની સ્થિતિએ કાર્યરત ક્ષમતાના આધારે ભારતની ટોચની ૧૦ સૌથી મોટી રિન્યુએબલ આઈપીપી કંપનીઓમાં સામેલ છે. કંપનીના પોર્ટફોલિયોમાં ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૧૦૫ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે, જેમાંથી ૮૪ પ્રોજેક્ટ્સ કાર્યરત હતા.

## વૈભવ સૂર્યવંશીને સિનિયર ટીમની કેપ્ટનશીપ મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦ : સેન્ટ્રલ ઝોન સામેની દુલીપ ટ્રોફી સેમિફાઈનલ મેચ દરમિયાન મેદાન પર ખરેખર ઐતિહાસિક દ્રશ્ય સર્જાયું. પૂર્વ ઝોનના નિયમિત કેપ્ટન ઈશાન કિશનને અચાનક ઈજાને કારણે મેદાન છોડવું પડ્યું ત્યારબાદ ૧૫ વર્ષીય ઉભરતા સ્ટાર વૈભવ સૂર્યવંશીએ ટીમના કાર્યકારી કેપ્ટન તરીકે જવાબદારી સંભાળી. સેન્ટ્રલ ઝોનની પ્રથમ ઈનિંગની ૧૯મી ઓવર દરમિયાન જ્યારે વૈભવે કેપ્ટનશીપ સંભાળી, ત્યારે તેના ચહેરા પર આત્મવિશ્વાસપૂર્ણ સ્મિત સ્પષ્ટપણે દેખાતું હતું.

આ ઘટના ત્યારે બની જ્યારે વિકેટકીપિંગ કરતી વખતે પૂર્વ ઝોનના કેપ્ટન ઈશાન કિશનના જમણા કાંડા પર એક ઝડપથી બોલ વાગ્યો. પીડાથી કણસતા ઈશાનને તાત્કાલિક ફિઝિયોની સહાયની જરૂર પડી, પ્રાથમિક સારવાર બાદ તેને વધુ સારવાર માટે મેદાન છોડીને જવું પડ્યું. બાદમાં ઈશાન તેના હાથ પર પાટો બાંધેલો જોવા મળ્યો, જે બાદ કુમાર કુશાગ્રે વિકેટકીપિંગની જવાબદારી સંભાળી. મેચની વાત કરીએ તો, પૂર્વ ઝોને ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. ત્રિપુરાના ફાસ્ટ બોલર અભિજીત સરકારે શરૂઆતની ઓવરોમાં ઘાતક સ્પેલ ફેંક્યો, સેન્ટ્રલ ઝોનના ઓપનર અમન મોખડે અને કુણાલ ચંદેલાને આઉટ કર્યા.

# કચ્છની પાક. સરહદે રુ. ૪૩૨ કરોડના ખર્ચે સુરક્ષા માળખું ઉભું કરાશે




**પાકિસ્તાન સરહદે માત્ર જવાનોની તૈનાતી નહીં પરંતુ હવે પાણી-જમીન વચ્ચે આખું ઓપરેશનલ માળખું ઊભું કરવા મેગા ટેન્ડર જાહેર કરાયું : પાંચ ક્રીકમાં ચોકીથી જેટી અને નિરીક્ષણ ટાવર સુધીનું બાંધકામ કરવા નિર્ણય**

અમારા પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૩૦ : કચ્છની પાકિસ્તાન સરહદે હવે સુરક્ષાની લડાઈ માત્ર સરહદ પર ઊભેલા જવાનો અને તેમની સતત નજર સુધી સીમિત રહેવાની નથી. જ્યાં એક તરફ રણ, કાદવ, ખારાશ અને ક્રીકનું બદલાતું ભૂગોળ સુરક્ષા દળો માટે સતત પડકાર ઊભો કરે છે, ત્યાં બીજી તરફ કેન્દ્ર સરકારે આ જ દુર્ગમ સરહદી પટ્ટાને મજબૂત માળખાકીય આધાર આપવાની દિશામાં રુ. ૪૩૨.૦૯ કરોડના ખર્ચે સુરક્ષા વ્યવસ્થા માટેનું મહાકાય કામ હાથ ધર્યું છે. આ -ોજેક્ટમાં માત્ર સરહદી ચોકીઓ ઊભી કરવાની વાત નથી. જેટી, પહોંચ માર્ગો, કલ્વર્ટ, ઊંચા નિરીક્ષણ ટાવર, ડ્રેજિંગ, પાણી સંગ્રહ, જનરેટર અને આંતરિક વીજળીની સુવિધાઓ સાથે સરહદી કામગીરી માટે જરૂરી સમગ્ર માળખું ઊભું કરવાની યોજના છે.

આ માટે કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગે કચ્છના ભારત-પાકિસ્તાન સરહદના ક્રીક વિસ્તારમાં આ માટે પ્લાનિંગ, સામગ્રીની ખરીદી અને બાંધકામ કરીને તૈયાર -ોજેક્ટ સરકારને સુપરત કરે તે આધારિત પદ્ધતિથી ટેન્ડર બહાર પાડ્યું છે. આ કામ ૩૨ મહિનામાં પૂરું કરાશે. આ -ોજેક્ટની સૌથી મહત્વની બાબત એ છે કે, કચ્છના ક્રીક વિસ્તારમાં સરહદી સુરક્ષા માટે જરૂરી અલગ અલગ સુવિધાઓને છૂટાછવાયા કામ તરીકે નહીં પરંતુ એક જ મોટા માળખાકીય પેકેજ તરીકે વિકસાવવાની કવાયત થઈ રહી છે એટલે કે સરહદી ચોકી ઊભી થશે પરંતુ તે ચોકી સુધી પહોંચવાનો માર્ગ પણ હશે. પાણીના વિસ્તારમાં કામગીરી માટે જેટી પણ હશે, ઊંચાઈ પરથી નજર રાખવા માટે નિરીક્ષણ ટાવર પણ હશે અને મુશ્કેલ જળ-દેશમાં જરૂરી ડ્રેજિંગની કામગીરી પણ કરવામાં આવશે.

કચ્છની ભારત-પાકિસ્તાન સરહદનો ક્રીક વિસ્તાર સામાન્ય જમીની સરહદ જેવો નથી. અહીં સુરક્ષા વ્યવસ્થાને એકસાથે જમીન અને જળ-દેશ બંનેની વાસ્તવિકતા સાથે કામ કરવું પડે છે. આવી સ્થિતિમાં સરહદી ચોકી સુધી માણસો, વાહનો અને સામગ્રી પહોંચાડવી હોય કે જળમાર્ગથી કામગીરી કરવી હોય, તો માત્ર ચોકીની ઈમારત પૂરતી નથી. આ જ સંદર્ભમાં નવા -ોજેક્ટમાં જેટી અને ડ્રેજિંગનો સમાવેશ કરાયો છે.

જેટી જળમાર્ગ આધારિત અવરજવર અને કામગીરી માટે જરૂરી માળખું પૂરું પાડશે. જ્યારે ડ્રેજિંગનો સમાવેશ ક્રીકના જળમાર્ગને કામગીરીલાયક રાખવા સાથે સંબંધિત છે.

ટેન્ડરમાં આ બંને કામને સરહદી ચોકીઓ સ્ન્ફ્રુત્ર્ પહોંચવા માટેના માર્ગો અને અન્ય સુવિધાઓ સાથે જોડી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત આવા પહોંચ માર્ગો સાથે કલ્વર્ટનું કામ પણ થવાનું હોવાથી ક્રીક વિસ્તારમાં જમીની જોડાણ મજબૂત કરવાની દિશામાં પણ આ -ોજેક્ટ મહત્વનો બની શકે છે એટલે કે, આ આખી યોજના મૂળભૂત રીતે 'ચોકી બનાવો'થી આગળ વધીને 'ચોકીને સતત કાર્યરત રાખવા માટે જરૂરી આખું માળખું બનાવાશે.

વાસ્તવમાં ક્રીક વિસ્તારમાં સુરક્ષા એ સૌથી મોટો પડકાર છે કેમકે અહીં જમીન અને પાણી વચ્ચેની સરહદ આ -ોજેક્ટને મોટું બનાવે છે. જે પાંચ અલગ ક્રીક વિસ્તારમાં વહેંચાયેલો છે. જે મુજબ રામેશ ચેનલ, ઈશ્વર ચેનલ, દેવેન્દ્ર ચેનલ, વિક્રમ ચેનલ અને દાફા-ત્ત. એટલે રુ. ૪૩૨.૦૯ કરોડનું રોકાણ કોઈ એક સરહદી ચોકી કે એક જ સ્થળ પૂરતું નથી પરંતુ દરેક સ્થળે ચોક્કસ કેટલા માળખા ઊભા થશે. ટૂંકમાં આ પાંચેય ક્રીક વિસ્તારમાં સરહદી ચોકીઓ સાથે જોડાયેલી અનેક સુવિધાઓનો વિકાસ એક જ ગ્ર્ - ઈપીસી પેકેજમાં કરવામાં આવશે.

આ બાબત કચ્છ માટે ખાસ મહત્વ ધરાવે છે, કારણ કે અહીં સરહદી કામગીરીનું અંતર અને ભૌગોલિક મુશ્કેલી બંને સામાન્ય મેદાની સરહદ કરતાં જુદી છે. દૂરના વિસ્તારોમાં માળખાકીય સુવિધા ઊભી થાય એટલે માત્ર બાંધકામ નહીં પરઁ તુ પુરવઠો, અવરજવર અને કામગીરીની સતત ક્ષમતા પણ સુધરી શકે છે.

### અમેરિકામાં RSS પ્રમુખ બોલ્યા

## ભારતમાં મુસ્લિમો ન હોવા જોઈએ, તેવું વિચારનારા હિન્દુ નથી: મોહન ભાગવત



(સંપૂર્ણ સમાચાર સેવા)
ન્યૂયોર્ક, તા.૩૦:ન્યૂયોર્કમાં "એક વિશ્વ, એક માનવતા" કાર્યક્રમને સંબોધતા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે કહ્યું કે જે કોઈ એવું માને છે કે દેશમાં મુસ્લિમો માટે કોઈ સ્થાન ન હોવું જોઈએ તે હિન્દુ ન હોઈ શકે.

મોહન ભાગવતે કહ્યું કે હિન્દુત્વ મુસ્લિમો વિના ભારતની કલ્પના કરતું નથી, અને જો તમે પોતાને હિન્દુ કહેવા માંગતા હો, તો તમારે એ પણ સ્વીકારવું જોઈએ કે બધા માર્ગો અલગ છે. દરેકના ધાર્મિક શિસ્ત અને પૂજા પદ્ધતિઓ અલગ હોઈ શકે છે, પરંતુ અંતિમ સત્ય અને માનવતા સમાન છે. મનુષ્યો વચ્ચે કોઈ ભેદભાવ નથી.

મોહન ભાગવતે આ કાર્યક્રમમાં કહ્યું કે ભારતીય પરંપરા લાંબા સમયથી એવી માન્યતા ધરાવે છે કે ધર્મો અલગ હોઈ શકે છે, માનવતા એક છે અને સત્ય પણ એક છે. માનવતા આ સત્યનું ઉત્પાદન છે. તેમણે કહ્યું કે RSSની જવાબદારી છે કે તે વિશ્વના વિવિધ ભાગોમાં પ્રવાસ કરે અને લોકોને સમજાવે કે વિવિધતા હોવા છતાં, માનવતા એક છે.

મોહન ભાગવતે RSSના હિન્દુ રાષ્ટ્રના વિચાર અંગે કહ્યું કે, જો કોઈ હિન્દુ એવું વિચારે છે કે ભારતમાં કોઈ મુસ્લિમ ન હોવા જોઈએ, તો તે હિન્દુત્વની મૂળ ભાવનાને સમજી શકતો નથી. તેમણે કહ્યું કે હિન્દુ વિચારધારામાં સત્યના ઘણા રસ્તા હોઈ શકે છે, પરંતુ તેમનું અંતિમ લક્ષ્ય એક જ છે.

કાર્યક્રમમાં ભીડને સંબોધતા મોહન ભાગવતે કહ્યું કે, ઘણી ભારતીય પરંપરાઓના અલગ અલગ નામ છે, પરંતુ સત્ય એક છે જે આપણને બધાને એક કરે છે. આપણા શરીર, કપડાં અને પૂજા પદ્ધતિઓ અલગ અલગ હોઈ શકે છે, પરંતુ જેમ માળાના માળા એક જ દોરા પર ગૂંથેલા હોય છે, તેમ આ આત્મા દરેકમાં હાજર છે અને તે આપણને બધાને એક કરે છે.

RSS વડા મોહન ભાગવતે ન્યૂ યોર્કના મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં આયોજિત યુનિવર્સલ યુનિનેસ સેલિબ્રેશન કાર્યક્રમમાં બોલતા અમેરિકામાં રહેતા ભારતીયોને સંબોધતા કહ્યું કે, અમેરિકામાં રહેતા ભારતીય મૂળના લોકોનું તેમના કાર્યભૂમિ પ્રત્યે ફરજ છે, અને તેમણે તેને પૂર્ણ કરવું જોઈએ.

વધુમાં ઈજીજી વડાએ જણાવ્યું કે, તેમણે પોતાની કર્મભૂમિ પ્રત્યે વફાદાર રહેવું જોઈએ. ભારત તેમનું જન્મસ્થળ હોવાથી, જો તેઓ કંઈક કરવા માંગતા હોય, તો તેઓ તેમની કર્મભૂમિ પ્રત્યેની ફરજ નિભાવ્યા પછી તે કરી શકે છે. આમ કરવા પર કોઈ પ્રતિબંધ નથી, પરંતુ તે ફરજિયાત નથી. તમારું જન્મસ્થળ અપેક્ષા રાખે છે કે તમે તેણે શીખવેલા મૂલ્યો અનુસાર જીવો.

### ભાગવતના હિન્દુ-મુસ્લિમવાળા નિવેદન પર વિપક્ષ આક્રમક

## વિદેશમાં સારી સારી વાતો અને દેશમાં મૌન... વિપક્ષ

**કપિલ સિબ્બલે કહ્યું કે શબ્દો નહીં, કામ બોલવા જોઈએ, જ્યારે અલ્વીએ તેને છબી સુધારવાનો ઢોંગ ગણાવ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦ : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પ્રમુખ મોહન ભાગવતના અમેરિકામાં આપવામાં આવેલા 'વિવિધતામાં એકતા' વાળા નિવેદન પર રાજકીય પ્રતિક્રિયાઓ સામે આવી છે. મોહન ભાગવતે કહ્યું હતું કે જો કોઈ હિન્દુ એવું વિચારે છે કે ભારતમાં કોઈ મુસ્લિમ ન હોવો જોઈએ, તો તે પોતે પણ હિન્દુ રહેશે નહીં. જેના પર રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે રવિવારે ભાગવતના નિવેદન પર નિશાન સાધતા કહ્યું કે માત્ર શબ્દો મહત્વ નથી ધરાવતા, પરંતુ કામ પણ દેખાવું જોઈએ. તો બીજી તરફ, કોંગ્રેસ નેતા રાશિદ અલ્વી, તૃણમૂલ કોંગ્રેસ (TMC) સાંસદ સોગત રોય અને ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB)ના કાર્યકારી સભ્ય મૌલાના ખાલિદ રશીદ ફિરંગી મહલીએ પણ ભાગવતના નિવેદન પર પોતાની પ્રતિક્રિયા આપી. કોંગ્રેસ નેતા રાશિદ અલ્વીએ કહ્યું, પહેલો સવાલ એ છે કે અમેરિકા જઈને આ બોલવાની જરૂર કેમ પડી રહી છે? જો ભારતમાં હિન્દુ-મુસ્લિમનો કોઈ મુદ્દો જ નથી તો અચાનક ત્યાં જઈને બોલવાની શું જરૂર? તેનો અર્થ એ છે કે સમસ્યા છે. ઈજીજીના મુખિયા પોતાની છબી બનાવવા માટે ઢોંગ કરી રહ્યા છે. કપિલ સિબ્બલે સોશિયલ મીડિયા પર ભાગવતના નિવેદનને લઈને લખ્યું- ન્યૂયોર્કમાં ભાગવતે કહ્યું- વિવિધતા આપણી મૂળ એકતાનો શણગાર છે. તેની રક્ષા થવી જોઈએ. વિદેશમાં સમજદારીભરી વાતો, પરંતુ ઘરમાં ચૂપકીદી. શબ્દો મહત્વ નથી ધરાવતા, કામ બોલવું જોઈએ. સિબ્બલની આ પ્રતિક્રિયા ભાગવતના ન્યૂયોર્કમાં આપેલા સંબોધનના એક દિવસ પછી આવી. ભાગવતે ન્યૂયોર્કના મેડિસન સ્કવેર ગાર્ડનમાં ભારતીય-અમેરિકન સમુદાય અને વિવિધ ધર્મોના નેતાઓની ૬૦૦૦થી વધુ લોકોની સભાને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું હતું કે 'વિવિધતામાં એકતા' ભારતના દ્વદ્ધછનો ભાગ છે.

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સોગત રોયે ભાગવતના નિવેદનને સકારાત્મક ગણાવ્યું. તેમણે કહ્યું, આ ખરેખર સારી વાત છે. મોહન ભાગવત RSSના પ્રમુખ છે, જે એક હિન્દુ સંગઠન છે. જો તેઓ અન્ય સમુદાયો પ્રત્યે સહિષ્ણુતા અને મિત્રતાની વાત કરે છે તો તે સારી વાત છે. જોકે, રોયે ઈજીજીની વિચારધારા સામે સવાલો પણ ઉઠાવ્યા. તેમણે કહ્યું કે ઈજીજી એક અત્યંત કટ્ટર હિન્દુ સંગઠન છે. ભાગવત આ વાત કહી રહ્યા છે, પરંતુ તેઓ ખરેખર તેના પર વિશ્વાસ કરે છે કે નહીં, તે તેઓ નથી જાણતા.

## મોદીને ઉઝબેકિસ્તાનનું સર્વોચ્ચ સન્માન



(સંપૂર્ણ સમાચાર સેવા)
ઉઝબેકિસ્તાન, તા.૩૦ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઉઝબેકિસ્તાનનો સર્વોચ્ચ રાજ્ય પુરસ્કાર, ઓલી દરાજલી દુસ્તલિક એનાયત કરવામાં આવ્યો છે. ઉઝબેક રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવે વ્યક્તિગત રીતે પીએમ મોદીને આ પુરસ્કાર અર્પણ કર્યો.

રાષ્ટ્રપતિ મિર્ઝીયોયેવ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત દરમિયાન, પીએમ મોદીએ કહ્યું કે, મેં તમારું પુસ્તક જોયું, જેમાં તમે બધા મુખ્ય ક્ષેત્રોમાં પ્રોજેક્ટ્સ ઓળખ્યા છે અને અમારા દ્વિપક્ષીય આર્થિક સહયોગને આગળ વધારવા માટે સમયરેખા નક્કી કરી છે. હું આ પહેલની પ્રશંસા કરું છું. મને વિશ્વાસ છે કે સાથે મળીને અમે આમાં ઝડપી પ્રગતિ કરીશું. પીએમ મોદીએ કહ્યું કે ગઈકાલે રાત્રે રાત્રિભોજન દરમિયાન, અમે અર્થપૂર્ણ ચર્ચા કરી અને ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા. અમારી ટીમો પણ આ બાબતો પર સર્વસંમત છે. અમે પરસ્પર સહયોગના તમામ પાસાઓને માર્ગદર્શન આપવા માટે વિદેશ મંત્રી સ્તરે એક સંકલન પરિષદની સ્થાપના કરીશું. અમે અમારા સંયુક્ત કમિશનને સચિવ સ્તરથી મંત્રી સ્તર સુધી ઉન્નત કરીશું. બંને પક્ષો સંયુક્ત રીતે બંને દેશોના વ્યાપાર નેતાઓને સમાવિષ્ટ કરીને એક વ્યાપાર સમિટનું આયોજન કરશે.પ્રધાનમંત્રીએ કહ્યું કે, અમે યુરેનિયમના પુરવઠા માટે લાંબા ગાળાની વ્યવસ્થા સ્થાપિત કરીશું. આજે, અમે ત્રણ સિસ્ટર-સિટી અને સિસ્ટર-સ્ટેટ વ્યવસ્થા સ્થાપિત કરી રહ્યા છીએ. આપણે તેમની ક્ષમતાને સંપૂર્ણ રીતે સાકાર કરવા માટે એક રોડમેપ બનાવવો જોઈએ. તમારા દેશમાં "ન્યૂ તાશ્કંદ" જેવા મેગા-પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે; ભારતમાં, અમે ગુજરાતમાં ૈંહ્વ સિટી બનાવ્યું છે. તમારા દેશના એક પ્રતિનિધિમંડળનું સ્વાગત કરવામાં અમને આનંદ થશે જે ટેકનોલોજીના ઉપયોગનો અભ્યાસ કરી શકે છે.

## નેપાળમાં ફરી પૂરનું એલર્ટ, મોતનો આંકડો પહોંચ્યો ૬૭૪ને

(સંપૂર્ણ સમાચાર સેવા)
કાઠમંડુ, તા.૩૦
બુધવારના વિનાશક પૂર બાદ નેપાળ માં પરિસ્થિતિ ગંભીર છે. મધ્ય નેપાળમાં અચાનક આવેલા પૂરથી મૃત્યુઆંક વધીને ૬૭૫ થયો છે, જ્યારે ૨,૪૦૦ થી વધુ લોકો હજુ પણ ગુમ છે. આ બધી પરિસ્થિતિ વચ્ચે નેપાળમાં હવામાન વિભાગે ફરી ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદની ચેતવણી જાહેર કરી છે આ સાથે પૂરનું પણ એલર્ટજાહેર કર્યુંછે. આ હવામાનની આગાહીએ ચિંતા વધારી છે કારણે હજુ પણ રાહત અને બચાવનું કાર્ય ચાલી રહ્યું છે.

ત્યારે આ કાર્યમાં ભારે વરસાદ વિઘ્નરૂપ બની શકે છે. નેપાળના

**બે હજારથી વધુ ગુમ**

તમામ ૮ જિલ્લામાં યુધ્ધના ધોરણે લાપતા લોકોનું સર્ચ ઓપરેશન થઈ રહ્યું છે. પૂર પ્રભાવિત આઠ જિલ્લાઓમાંથી અત્યાર સુધીમાં ૬૭૫ મૃતદેહો મળી આવ્યા છે. બચાવ ટીમો યુદ્ધ જેવી કામગીરી કરી રહી છે. National Disaster Risk Reduction and Management Authorityની ટીમ સતત લોકોને બહાર કાઢી રહી છે અને ગુમ થયેલા લોકોને શોધી રહી છે.

એ નોંધવું જોઈએ કે નેપાળ-તિબેટ સરહદ નજીક ગ્લેશિયર તૂટ્યા પછી, બરફ અને ખડકોનો કાટમાળ નીચે તરફ ધસી આવ્યો. મધ્ય નેપાળના ઘણા વિસ્તારોમાંથી મોટા પ્રમાણમાં પાણી, કાદવ અને કાટમાળ વહેતો થયો. આ પ્રવાહે શહેરો અને ગામડાઓને તબાહ કરી દીધા, મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓને નુકસાન પહોંચાડ્યું અને અનેક જળવિદ્યુત પ્રોજેક્ટ્સનું પણ ધોવાણ થઈ ગયું છે. બચાવ કામગીરી દરમિયાન અત્યાર સુધીમાં લગભગ ૨,૫૦૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે,

જેમાં ૧૬૩ વિદેશી નાગરિકોનો સમાવેશ થાય છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત વરસાદના કારણે રાહત અને બચાવ કામગીરીમાં પડકારો ઉભા થઈ રહ્યા છે.

## નેપાળમાં ત્રાસદી બાદ મહામારીનો ખતરો

(સંપૂર્ણ સમાચાર સેવા)
કાઠમંડુ, તા.૩૦
નેપાળમાં અચાનક આવેલી વિનાશક પૂરની હોનારત બાદ ચાલતી રાહત અને બચાવ કામગીરી વચ્ચે અત્યાર સુધીમાં ૬૦૦થી વધુ મૃતદેહો મળી આવ્યા છે.

જોકે, મોટાભાગના મૃતદેહોની ઓળખ ન થઈ શકવાના કારણે તેમનો અંતિમ સંસ્કાર અટકી પડ્યો છે. હવે આ મૃતદેહો કોહવાઈ રહ્યા હોવાથી પૂર પ્રભાવિત વિસ્તારોમાં રોગચાળો અને ભયાનક મહામારી ફેલાવાનો મોટો ખતરો ઉભો થયો છે.

માત્ર ચિતવન જિલ્લામાંથી જ અત્યાર સુધીમાં ૧૭૮ મૃતદેહો રિકવર કરવામાં આવ્યા છે, જેમાં પુરુષો, મહિલાઓ અને નાના

**હોસ્પિટલ હાઉસફૂલ અને મૃતદેહો સડવા લાગ્યા**

બાળકો પણ સામેલ છે. ચિતવનના મુખ્ય જિલ્લા અધિકારી ગણેશ આર્યલના જણાવ્યા મુજબ, હોસ્પિટલોમાં જગ્યા ઓછી પડતાં મૃતદેહોને સરકારી ઓફિસમાં રાખવાની નોબત આવી છે. યોગ્ય કોલ્ડ સ્ટોરેજ સુવિધાના અભાવે આ મૃતદેહોમાંથી ભયાનક દુર્ગંધ આવી રહી છે.

મહામારીના ખતરાને પહોંચી વળવા માટે નેપાળ સરકાર હવે વગર ઓળખાયેલા તમામ મૃતદેહોના ડીએનએ (DNA) સેમ્પલ સુરક્ષિત રાખીને તેમના ઝડપી અંતિમ સંસ્કાર કરવાની દિશામાં આગળ વધી રહી છે. જેથી ભવિષ્યમાં સ્વજનો ઓળખ માટે આવે તો ડીએનએ મેચ કરી શકાય અને હાલમાં ફેલાતી દુર્ગંધ તેમજ ચેપને અટકાવી શકાય.

નેપાળ ગૃહ મંત્રાલયના ઉપ પ્રવક્તા રમા આચાર્ય સુબેદીના જણાવ્યા મુજબ, રસુવા, નુવાકોટ, ધાદિંગ, ગોરખા અને ચિતવન જેવા વિસ્તારોમાંથી સતત મૃતદેહો મળી રહ્યા છે. મહામારી રોગ નિયંત્રણ વિભાગના ડિરેક્ટર ડૉ. અનુજ ભટ્ટાચને જણાવ્યું કે સ્થાનિક સ્તરે સાધનોની અછત હોવાથી ધાદિંગથી મળેલા મૃતદેહોને કાઠમંડુ અને પોખરા ખસેડવામાં આવી રહ્યા છે, જેથી ત્યાં ઉપલબ્ધ રેફ્રિજરેશન સુવિધાનો ઉપયોગ કરી શકાય.

### મોદીએ 'મન કી બાત'ના ૧૩૭મા એપિસોડમાં

# 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત' અભિયાન ઝડપથી આગળ વધી રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે (૩૦ઓગસ્ટ ૨૦૨૬) 'મન કી બાત'ના ૧૩૭મા એપિસોડમાં દેશવાસીઓને નશા સામેના અભિયાનને મજબૂત કરવાની અપીલ કરી. તેમણે કહ્યું કે 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત' અભિયાન ઝડપથી આગળ વધી રહ્યું છે અને મોટી સંખ્યામાં યુવાનો આની સાથે જોડાઈ રહ્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે આ અભિયાનનો લક્ષ્ય સ્પષ્ટ છે. આપણે દેશના યુવાનોને નશાથી દૂર રાખવા અને ભારતને ડ્રગ્સથી મુક્ત બનાવવું છે. તેમણે કહ્યું કે નશાની લત માત્ર એક વ્યક્તિને પ્રભાવિત કરતી નથી, પરંતુ તેની અસર સમગ્ર પરિવાર અને સમાજ પર પડે છે. પ્રધાનમંત્રીએ એ લોકોની પ્રશંસા કરી જેઓ નશા સામે જાગૃતિ ફેલાવવા અને નશાની સમસ્યાથી ઝઝૂમી રહેલા લોકોની મદદ કરવા માટે આગળ આવી રહ્યા છે. તેમણે યુવાનોને અપીલ કરી કે તેઓ નશા મુક્ત ભારત માટે નવા અને સર્જનાત્મક રસ્તા અપનાવે. પીએમ મોદીએ યુવાનોને મજબૂત નારા બનાવવા, ડ્રગ્સથી દૂર રહેવાનો સંદેશ આપતા ગીતો તૈયાર કરવા અને વિદ્યાર્થીઓ તથા થિયેટર ગ્રુપોને એવા નાટકો તૈયાર કરવા કહ્યું, જેમાં નશાના નુકસાનની સાથે આનાથી બહાર નીકળવાનો રસ્તો પણ બતાવવામાં આવ્યો હોય. પીએમ મોદીએ કહ્યું કે આવા પ્રયાસો યુવાનો સુધી નશા સામેનો સંદેશ પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. 'મન કી બાત'માં પ્રધાનમંત્રીએ ભારતના ઈતિહાસને સરળ રીતે સમજાવતી એક વેબસાઈટનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે સોશિયલ મીડિયા પર તેમને આ વેબસાઈટ વિશે માહિતી મળી હતી. પીએમ મોદીના જણાવ્યા અનુસાર, મુંબઈમાં રહેતા કૃષ્ણા શેષાદ્રીએ ભારત રાજ્ય નામથી આ વેબસાઈટ તૈયાર કરી છે. વેબસાઈટ પર કોઈ પણ વ્યક્તિ કોઈ ખાસ વર્ષને પસંદ કરીને એ જોઈ શકે છે કે તે સમયે ભારતના અલગ-અલગ ભાગોમાં કોનું શાસન હતું. પ્રધાનમંત્રીએ આ પ્રયાસને રસપ્રદ ગણાવતા કહ્યું કે ઈતિહાસને આ રીતે સરળ અને રોચક રીતે લોકો સુધી પહોંચાડવાના પ્રયાસની માહિતી વધુમાં વધુ લોકો સુધી પહોંચવી જોઈએ.

# સુરતમાં સ્નેપડીલના સેલર બેઝમાં એક વર્ષમાં લગભગ ત્રણ ગણો વધારો



(દમણગંગા ટાઈમ્સ)
વાપી, તા. ૩૦ : વેલ્યુ ફેશન પર કેન્દ્રિત માર્કેટપ્લેસ સ્નેપડીલે આજે 'પ્રોજેક્ટ ગતિ' શરૂ કરવાની જાહેરાત કરી છે. આ ૪૫ દિવસનો એક્સીલરેશન પ્રોગ્રામ છે, જેનો હેતુ નવા સેલર્સને આગામી તહેવારોની ખરીદીની સિઝન માટે તૈયાર કરવામાં મદદ કરવાનો છે. સ્નેપડીલે ભારતના ગ્રાહકો માટે ફેશન પ્રોડક્ટ્સ શોધવાની અને ખરીદી કરવાની પ્રક્રિયાને વધુ સરળ અને સ્વાભાવિક બનાવવાના હેતુથી એઆઈ આધારિત વિવિધ સુવિધાઓની શ્રેણી પણ રજૂ કરી છે.આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે સ્નેપડીલ સમગ્ર ભારતમાં મેન્યુફેક્ચરિંગ અને સોર્સિંગના મુખ્ય કેન્દ્રોમાં પોતાના સેલર ઈકોસિસ્ટમનો ઝડપથી વિસ્તાર કરી રહી છે. સુરતમાં સ્નેપડીલના એક્ટિવ સેલર્સની સંખ્યામાં છેલ્લા એક વર્ષમાં લગભગ ત્રણ ગણો વધારો થયો છે. હવે શહેરનો સ્નેપડીલના સમગ્ર ભારતના એક્ટિવ સેલર બેઝમાં ૨૭.૨ ટકા હિસ્સો છે અને તે દેશભરના કુલ વેચાણમાં ૩૧.૩ ટકા યોગદાન આપે છે.

સુરતનું સુવ્યવસ્થિત અને વૈવિધ્યસભર મેન્યુફેક્ચરિંગ તથા સોર્સિંગ ઈકોસિસ્ટમ સ્નેપડીલના માર્કેટપ્લેસ પર ઉપલબ્ધ વિવિધ પ્રકારની પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણીમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. સુરતના સેલર્સ મહિલાઓના એથનિક વેર, જેમ કે સાડી, સલવાર સૂટ, કુર્તી, લહેંગા, ગાઉન અને એથનિક ફેબ્રિક્સ ઉપરાંત પુરુષો અને બાળકોના વિવિધ પ્રકારના વસ્ત્રો માટે મજબૂત પસંદગી પૂરી પાડે છે.એકંદરે, ગુજરાતમાં સ્નેપડીલના એક્ટિવ યુઝર છેલ્લા એક વર્ષમાં લગભગ ત્રણગણા વધ્યા છે જેમાં રાજ્ય હવે સમગ્ર ભારતના વેચાણમાં ૩૪.૯ ટકાનું યોગદાન આપે છે.

# ૮ સપ્ટે. મોદી વડોદરાના મહેમાન બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
વડોદરા, તા.૩૦ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૮ સપ્ટેમ્બરના રોજ સંસ્કારી નગરી વડોદરાના મહેમાન બનવા જઈ રહ્યા છે, જેને લઈને સમગ્ર શહેરમાં ઉત્સાહ અને તડામાર તૈયારીઓનો માહોલ જોવા મળી રહ્યો છે. ગુજરાતના વિકાસને હંમેશા પ્રાધાન્ય આપનારા પીએમ મોદી આ મુલાકાત દરમિયાન વડોદરા અને મધ્ય ગુજરાતની જનતાને હજારો કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોની ભેટ આપે તેવી પ્રબળ શક્યતાઓ છે.

આ ભવ્ય કાર્યક્રમો થકી શહેરની માળખાગત સુવિધાઓ, પરિવહન વ્યવસ્થા, શિક્ષણ અને ઉદ્યોગ જગતને વધુ વેગ મળશે તેવું મનાય છે. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીથી જ પીએમ મોદીનું વડોદરા શહેર અને અહીંની જનતા સાથે એક અતૂટ અને વિશેષ આત્મીય જોડાણ રહ્યું છે.

વડાપ્રધાનના આ મહત્વપૂર્ણ અને ભવ્ય પ્રવાસને પગલે રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટી તંત્ર સંપૂર્ણપણે સાબદું થઈ ગયું છે. તૈયારીઓનો તાગ મેળવવા અને તમામ વ્યવસ્થાની સઘન સમીક્ષા કરવા માટે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ વડોદરાની વિશેષ મુલાકાત લીધી હતી.

તેમણે શહેરના હાર્દસમાન અને ઐતિહાસિક એમ.એસ. યુનિવર્સિટી (સ્જી યુનિ.) પેવેલિયન ગ્રાઉન્ડ ખાતે પહોંચીને સભા સ્થળનું અત્યંત ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ સમીક્ષા અને નિરીક્ષણ દરમિયાન તેમની સાથે વડોદરાના ઉત્સાહી સાંસદ હેમાંગ જોશી તેમજ પોલીસ, પાલિકા અને જિલ્લા વહીવટી તંત્રના તમામ ઉચ્ચ અધિકારીઓ પણ ખાસ જોડાયા હતા. હર્ષ સંઘવીએ મુખ્ય મંચની બનાવટ, લાખોની સંખ્યામાં આવનારા નાગરિકો માટે બેઠક વ્યવસ્થા, પાર્કિંગ સુવિધા અને શહેરના ટ્રાફિક મેનેજમેન્ટ અંગે અધિકારીઓને જરૂરી અને કડક સૂચનો આપ્યા હતા.

અત્રે એ નોંધનીય છે કે, પીએમ મોદીની આ ઓચિંતી મુલાકાતથી તમામ સુરક્ષા એજન્સીઓ પણ હાઈ અલર્ટ પર આવી ગઈ છે. દેશના વડાપ્રધાનની સુરક્ષામાં કોઈ પણ પ્રકારની સામાન્ય ચૂક પણ ન રહી જાય તે સુનિશ્ચિત કરવા માટે એસપીજી (SPG) સહિતની કેન્દ્રીય અને રાજ્યની ગુપ્તચર તેમજ સુરક્ષા એજન્સીઓએ વડોદરામાં ધામા નાખ્યા છે. આ ઉપરાંત, સ્થાનિક પોલીસ દ્વારા પણ સઘન પેટ્રોલિંગ અને ચેકિંગની કવાયત યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. સમગ્ર કાર્યક્રમ સ્થળ અને તેની આસપાસના મુખ્ય માર્ગોને અભેદ્ય સુરક્ષા છાવણીમાં ફેરવી દેવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

# અલ નીનોના કારણે અનેક રાજ્યોમાં દુષ્કાળ જેવી હાલાત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦ : દેશના ઘણા ભાગોમાં ઓગસ્ટમાં અપેક્ષા કરતાં વધુ સારો વરસાદ પડ્યો હતો, પરંતુ આ રાહત ચોમાસાની ઘટાડોનું મોટું ચિત્ર બદલવામાં ફેલ થઈ. હવામાન વિભાગના તાજેતરના આંકડા અનુસાર, ૩૧ જુલાઈ સુધીમાં ૧૩ ટકા ઘટાડો હતો, તે ઓગસ્ટ સુધીમાં વધીને લગભગ ૧૪ ટકા થઈ ગયો છે. પેસિફિક મહાસાગરમાં અલ નીનો ઘટનાને કારણે, બિહાર, આંધ્રપ્રદેશ અને ઉત્તરપૂર્વના ૧૨ રાજ્યોમાં દુષ્કાળની સ્થિતિ પ્રવર્તી રહી છે, જે ખરીફ પાકના વાવેતરને અસર કરી શકે છે. સૌથી મોટો ફટકો ચોખા અને મકાઈના વાવેતરને પડ્યો છે. મકાઈના વાવેતર વિસ્તારમાં ઘટાડો દેશના ઈથેનોલ મિશ્રણ કાર્યક્રમ પર દબાણ વધારશે, જ્યારે ચોખાના ઉત્પાદનમાં ઘટાડો થવાની શક્યતા ખાદ્ય સુરક્ષા અને ફુગાવા અંગે ચિંતા ઊભી કરી શકે છે.

વરસાદનો અભાવ ઉનાળાના પાકના વાવેતર પર સીધી અસર કરી રહ્યો છે. દેશના મુખ્ય મોસમી પાક ચોખા હેઠળના વિસ્તારમાં ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ૩ ટકાથી વધુનો ઘટાડો થયો છે. આ દરમિયાન, ઈથેનોલ ઉત્પાદન માટે સૌથી મહત્વપૂર્ણ કાચા માલ તરીકે ગણવામાં આવતા મકાઈ હેઠળના વિસ્તારમાં ૪ ટકાથી વધુનો ઘટાડો થયો છે. મકાઈના વાવેતરમાં આ ઘટાડો ભવિષ્યમાં ઈથેનોલ ઉત્પાદન માટે શેરડીના ઉપયોગ પર દબાણ વધારી શકે છે.

શુક્રવાર, ૨૮ ઓગસ્ટ સુધીના ડેટા અનુસાર, બધા ખરીફ પાક હેઠળનો કુલ વિસ્તાર ગયા વર્ષ કરતા આશરે ૨ ટકા ઓછો હતો. જો કે, જુલાઈના અંતમાં આ ઘટાડો આશરે ૩ ટકા હતો. ચોમાસાના બે સૌથી ઉત્પાદક મહિના જુલાઈ અને ઓગસ્ટમાં અસમાન વરસાદને કારણે, પાકના વાવેતર વિસ્તારમાં કોઈ નોંધપાત્ર સુધારો થયો નથી.

અલ નીનોની ચેતવણીઓ છતાં દેશના ઘણા વિસ્તારોમાં સામાન્ય વરસાદ પડ્યો હોવા છતાં, ૧ જૂનથી ૧૨ રાજ્યોમાં ૨૦ ટકાથી વધુ વરસાદની ઘટાડો નોંધાઈ છે. બિહાર, આંધ્રપ્રદેશ અને ત્રણ ઉત્તરપૂર્વીય રાજ્યો મેઘાલય, મણિપુર અને અરુણાચલ પ્રદેશમાં ૧ જૂનથી ૨૯ ઓગસ્ટ દરમિયાન ૪૦ ટકાથી વધુ વરસાદની ઘટાડો જોવા મળી હતી.

અલ નીનો એ પેસિફિક મહાસાગરમાં એક કુદરતી સમુદ્રી અને હવામાનશાસ્ત્રીય ઘટના છે જે વિશ્વભરમાં હવામાન પેટર્નને વિક્ષેપિત કરે છે. સરળ શબ્દોમાં કહીએ તો, તે પેસિફિક મહાસાગરના અસામાન્ય ગરમ પાણી છે. જ્યારે આ ઘટના બને છે, ત્યારે ભારત જેવા દેશોમાં ચોમાસાની ઋતુ પર તેની સૌથી પ્રતિકૂળ અસર પડે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઓગસ્ટના છેલ્લા બે દિવસમાં પૂર્વ ભારતમાં સારો વરસાદ આ પ્રદેશમાં ઘટાડોને થોડો ઘટાડી શકે છે, પરંતુ તેની રાષ્ટ્રીય અસર નોંધપાત્ર રહેશે નહીં. ૨૯ ઓગસ્ટ, શનિવારના રોજ, હવામાન વિભાગે ભવિષ્યવાણી કરી હતી કે આગામી અઠવાડિયામાં દ્વીપકલ્પીય ભારતમાં વરસાદની પ્રવૃત્તિ ઓછી રહેશે.

દક્ષિણ અને દ્વીપકલ્પીય ભારતમાં અત્યાર સુધીમાં કુલ ૨૩ ટકાથી વધુ વરસાદની ઘટાડો નોંધાયો છે, જેના કારણે સમગ્ર ચોમાસાની ઋતુ દરમિયાન આંધ્રપ્રદેશ, કર્ણાટક અને કેરળના મોટા ભાગો સુકો રહ્યા છે. જો કે, IMDએ ઉત્તરપશ્ચિમ બંગાળની ખાડી અને નજીકના પશ્ચિમ બંગાળ-ઉત્તર ઓડિશા કિનારા પર રચાયેલા ઓછા દબાણવાળા ક્ષેત્રના પ્રભાવને કારણે આગામી બેથી ત્રણ દિવસ પૂર્વી ભારતમાં સારા વરસાદની ભવિષ્યવાણી કરી છે. આ અંતર્ગત, રવિવારે ગંગા પશ્ચિમ બંગાળ, સોમવારે ઝારખંડ અને ૧ સપ્ટેમ્બર સુધીમાં ઓડિશામાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.

**૨૦% કે તેથી વધુ ઘટાડો ધરાવતા રાજ્યો**

મેઘાલય - ૫૮% ઘટાડો
મણિપુર - ૪૩% ઘટાડો
બિહાર - ૪૨% ઘટાડો
આંધ્ર પ્રદેશ - ૪૧% ઘટાડો
અરુણાચલ પ્રદેશ -૪૧% ઘટાડો
પંજાબ - ૩૬% ઘટાડો
ગોવા - ૩૪% ઘટાડો
આસામ - ૨૫% ઘટાડો
કર્ણાટક - ૨૩% ઘટાડો
રાજસ્થાન - ૨૨% ઘટાડો
કેરળ - ૨૧% ઘટાડો
મિઝોરમ - ૨૦% ઘટાડો

**CHANGE OF NAME**

OLD NAME
PATEL BHAVIN DILIP
NEW NAME
BHAVINKUMAR
DILIPBHAI PATEL
ADD. H. NO, B,, 9/3
POST VARKUND
RINGANWADA NANI
DAMAN 396210

# અનિમા આનંદકુમારને ટાઈમની AI ક્ષેત્રની ૧૦૦ પ્રભાવશાળી હસ્તીઓમાં સ્થાન


(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦ : ભારતીય મૂળના વિજ્ઞાની પ્રોફેસર અનિમા આનંદકુમારે વૈશ્વિક સ્તરે ભારતનું ગૌરવ વધાર્યું છે. ટાઈમ મેગેઝિન દ્વારા દુનિયાના ૧૦૦ સૌથી પ્રભાવશાળી AI ક્ષેત્રના લોકોની યાદી TIME100 AI બહાર પાડવામાં આવી છે, જેમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમણે હવામાનની સચોટ આગાહી, ન્યૂક્લિયર ફ્યુઝન, દવાનો વિકાસ અને ક્વોન્ટમ ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં એઆઈ અને વિજ્ઞાનના જોડાણ (AI for Science) પર ક્રાંતિકારી સંશોધનો કર્યા છે. પ્રોફેસર અનિમા આનંદકુમારની સૌથી મોટી અને મહત્ત્વની સિદ્ધિ ન્યુરલ ઓપરેટર્સ નામની ટેકનોલોજી વિકસાવવાની છે. આ ટેકનોલોજીના આધારે એઆઈને સાયન્સ અને ફિઝિક્સના નિયમો શિખવાડવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા એક દાયકાથી ભૌતિક દુનિયાના સિમ્યુલેશનને ઝડપી કરવા માટે એઆઈનો ઉપયોગ કરવો એ જ તેમના જીવનનું મુખ્ય લક્ષ્ય રહ્યું છે.તેમણે ટેકનોલોજી ક્ષેત્રે અનેક મહત્ત્વના પ્રદાન કર્યા છે. એમેઝોનમાં કામ કરતી વખતે તેમણે અત્યંત પ્રખ્યાત એઆઈ ટૂલ સેગમેકર (SageMaker) બનાવવામાં મદદ કરી હતી. આ ઉપરાંત, તેઓ ૨૦૧૭માં કેલ્ટેક (Caltech) ખાતે પ્રોફેસર બન્યા હતા અને તેમણે અગ્રણી ટેક કંપની એનવિડિયા (NVIDIA) માં AI સંશોધનના સિનિયર ડિરેક્ટર પદે પણ સફળતાપૂર્વક સેવાઓ આપી હતી.મૈસૂરના વતની એવા પ્રોફેસર અનિમાએ ભારતની પ્રતિષ્ઠિત આઈઆઈટી મદ્રાસ (IIT Madras) માંથી બી.ટેક અને અમેરિકાની કોર્નેલ યુનિવર્સિટીમાંથી પીએચડીની ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ તેમણે એમઆઈટી (MIT) માં સંશોધન કર્યું હતું. વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે અભૂતપૂર્વ કાર્ય કરવાની સાથે અનિમા આનંદકુમાર એક ઉત્કૃષ્ટ ભરતનાટ્યમ ડાન્સર પણ છે.

# દીપકે, સૌરવ દાસ કોઈ સંત નથી કે તેમને મહત્વકાંક્ષા ન હોય :સોનમ વાંગચુક

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૩૦ : દિલ્હીના જંતર-મંતર પર ૨૬ દિવસ સુધી અનશન કરનારા પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકે કૉકરોચ જનતા પાર્ટીના અભિજિત દીપકે, સૌરવ દાસ અને આશુતોષ રંકા અંગે મોટો ખુલાસો કર્યો છે. તેમણે એક પૉડકાસ્ટમાં કહ્યું કે, આ લોકોની રાજકીય મહત્ત્વકાંક્ષા છે.

સોનમ વાંગચુકે કહ્યું કે, 'તમને યાદ હશે કે, આ લોકો રાજકીય પાર્ટીમાંથી આવ્યા હોવાનું લોકો કહેતા હતા. કેટલાક લોકો કહેતા હતા કે, તેઓ આમ આદમી પાર્ટીમાંથી આવ્યા છે. કોઈએ ભૂતકાળમાં શું લખ્યું હતું, તેને હું કોઈ મુદ્દો બનાવવા માંગતો નથી. પરંતુ કોઈ રાજકીય પક્ષ સાથે જોડાવાની બાબત મને કોઈ ખોટી લાગતી નથી.'

તેમણે કહ્યું કે, 'કેટલાક લોકો કહે છે કે, CJPના નેતાઓમાં રાજકીય મહત્ત્વકાંક્ષા છે કે નહીં? તો હું કહેવા માંગું છું કે, તેઓમાં રાજકીય મહત્ત્વકાંક્ષા છે. જ્યારે મેં તેઓને પારખ્યા તો મને તેમનામાં આ બાબતો જોવા મળી, પરંતુ આ કોઈ ખોટી વાત નથી. તેઓએ મને કંઈ કહ્યું નથી, પરંતુ હું પારખી શકું છું કે, તેઓમાં કેટલી મહત્ત્વકાંક્ષા છે અને આ લોકો કોઈ સંત પણ નથી કે તેમને કંઈ જોઈતું ન હોય. તેઓમાં જરૂર કોઈ રાજકીય મહત્ત્વકાંક્ષા હશે અને હોવી પણ જોઈએ. તેમાં કોઈ ખોટું પણ નથી.'



તેમણે વધુમાં કહ્યું કે, 'હું એમ પણ કહેવા માંગું છું કે, જો આ પ્લેટફોર્મને રાજકીય પક્ષ તરીકે શરૂ કરવામાં આવ્યું નથી, તો તેની પવિત્રતા જાળવી રાખવી જોઈએ. જો આ પ્લેટફોર્મને એક તટસ્થ અને રાજકીય પાર્ટી પર દબાણ લાવતું ગ્રૂપ બનાવીને રાખશો તો વધુ કામ થઈ શકશે. આ પ્લેટફોર્મ રાજકીય નહીં બને તો લોકો તેમના પર વધુ આસ્થા રાખશે. બાકી તો તમે આગામી સમયમાં કોઈ રાજકીય પાર્ટીમાં જોડાઈ શકો છો અથવા નવી રાજકીય પાર્ટી શરૂ પણ કરી શકો છો.' વાંગચુકે કહ્યું કે, 'લોકોએ આ પ્લેટફોર્મને ભાજપ, કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા મંચ તરીકે જોયું નથી. લોકોએ તેને માત્ર એક વિદ્યાર્થી આંદોલન તરીકે જોયું છે. તેથી તેને કોઈ રાજકીય રંગ આપવો સારી વાત નથી. ક્યારેક લોકો મને કહે છે કે, અમે તમને (વાંગચુક) જોઈને અહીં આવ્યા છીએ. હું તો CJPના નેતાઓને જાણતો પણ ન હતો. જો આ લોકો આગામી સમયમાં કોઈ ખોટું કરશે તો અમે તમને પકડીશું. હું એમ પણ ન કહી શકું કે, તેઓ ભ્રષ્ટ નહીં થાય, તેઓ રાજકીય રીતે સ્વાર્થી નહીં બને. હું આ બાબતો જાણતો નથી.'

**નામ બદલ્યું છે.**

આથી હું જણાવું છું કે મારું **જુનું નામ : રાજિવ પવન સરાયણ** થી બદલીને મારું **નવું નામ : રાજીવ પવન સરાયણ** રાખેલ છે અને હવે થી હું નવા નામ તરીકે જ ઓળખાઇશ જેની સૌએ નોંધ લેવી.
**લિ. રાજીવ પવન સરાયણ**
**સરનામું :** ૪૦૧, સામ્રાજ્ય - ૪ - રોયલ રેસીડેનસી, ગોકુલ વિહાર ટાઉન શીપ, વાપી, જીલ્લો - વલસાડ

**નામ બદલ્યું છે.**

આથી હું જણાવું છું કે મારું **જુનું નામ : રિદ્ધિ રાજિવ સરાયણ** થી બદલીને મારું **નવું નામ : રિદ્ધિ રાજીવ સરાયણ** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઇશ જેની સૌએ નોંધ લેવી.
**લિ. રિદ્ધિ રાજીવ સરાયણ**
**સરનામું :** ૪૦૧, સામ્રાજ્ય - ૪ - રોયલ રેસીડેનસી, ગોકુલ વિહાર ટાઉન શીપ, વાપી, જીલ્લો - વલસાડ













દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com



દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા
માટે વેબસાઈટની
મુલાકાત લો
www.damangangatimes.com

Monday 31, August 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઈમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## પારડીમાં ૬ ઈસમોનો પોલીસકર્મી પર હુમલો : હાથ ભાંગી નાંખ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૩૦ :** પારડી પોલીસ સ્ટેશનમાં છ જેટલા ઈસમોએ હંગામો કરી પોલીસકર્મી સાથે ઝપાઝપી કરી મારામારીમાં હાથ ભાંગી નાંખ્યો હતો.

તા.૨૯ ઓગસ્ટની રાત્રે કલસર બે માઈલ ખાતે આવેલી મુન વિલા હોટલમાં રૂમ ભાડે લેવા બાબતે ઈરફાન ઈશાક પઠાણ તથા તેની સાથે આવેલા ત્રણ પુરુષો અને ત્રણ મહિલાઓનો હોટલના કર્મચારીઓ સાથે વિવાદ થયો હતો. હોટલના કર્મચારીઓએ આ તમામને પારડી પોલીસ સ્ટેશન ખાતે લાવ્યા હતાં. પોલીસે ઈરફાન પઠાણને સમગ્ર બનાવ અંગે પૂછપરછ કરતાં તેણે હોટલમાં રૂમ લેવા માટે આઈડી માંગવામાં આવતા આધારકાર્ડ આપ્યું હોવાનું અને ત્યારબાદ હોટલ કર્મચારીએ મહિલાઓ-પુરુષોના જૂથને રૂમ આપવાનો ઈનકાર કરતાં બોલાચાલી થઈ હોવાનું જણાવ્યું હતું. દરમિયાન પોલીસ સ્ટેશન ખાતે વાતચીત ચાલતી હતી ત્યારે ઈરફાન સાથે આવેલા એક શખ્સ નશાની હાલતમાં હોવાનું જણાતા પોલીસે તેની સામે કાર્યવાહી કરવાની તૈયારી કરી હતી. આ સમયે સાથે આવેલા લોકો ઉશ્કેરાઈ ગયા હતાં. પોલીસ કોન્સ્ટેબલ ઈન્દ્રજીતસિંહ માધુભા દ્વારા સદર શખ્સને તપાસવાનો પ્રયાસ કરવામાં આવતા ઈરફાન તથા તેની સાથેના અન્ય લોકો અને બે મહિલાઓએ ઉશ્કેરાઈ જઈ કોન્સ્ટેબલ સાથે ઝપાઝપી શરૂ કરી જમણો હાથ પોલીસ સ્ટેશનના લોકઅપના સળિયા સાથે અથડાવી દેતા કોન્સ્ટેબલને તાત્કાલિક પારડીની કુરેશી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતાં. તબીબે તેના જમણા હાથમાં ફ્રેક્ચર અને ગંભીર ઈજા હોવાનું સામે આવ્યું હતું. પારડી પોલીસ ફરિયાદમાં ઈરફાન ઈશાક પઠાણ, વૈભવ પ્રદીપ ભોસલે, હિરન્મય સુભાષિષ સોનગુપ્તા, દિલપ્રિતસિંઘ જગદેવસિંઘ વિર્ક, પ્રેરણા સુરજ અધિકારી અને રીચા સુનિતા ખાટુ સામે આક્ષેપો કરવામાં આવ્યા છે. તમામ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી બનાવી પોલીસ સાથે બોલાચાલી કરી, પોલીસકર્મી સાથે ઝપાઝપી કરી તથા સરકારી ફરજમાં રૂકાવટ ઉભી કરી પોલીસકર્મીને ગંભીર ઈજા પહોંચાડ્યાના આક્ષેપસર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૨૧(૨), ૨૨૧ તથા ૧૮૯(૨)(૩) હેઠળ ફરિયાદ નોંધાઈ છે. પારડી પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## વાપીની કંપનીમાંથી કોપર ચોરીની ઘટનામાં એક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૩૦ :** વલસાડ જિલ્લામાં મિલકત સંબંધી અને વાહન ચોરીના ગુનાઓ અટકાવવા સુરત રેન્જ આઈજી અને વલસાડ એસપી યુવરાજસિંહ જાડેજાની સૂચના મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જે અંતર્ગત વલસાડ એલસીબી પીઆઈ એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે.જી. વસાવા અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે મળેલી સંયુક્ત બાતમીના આધારે વાપીના છીરી નહેર પાસે સનરાઈઝ રેસીડેન્સીની બાજુમાં ખુલ્લી જગ્યામાંથી એક શખ્સને ઝડપી પાડ્યો હતો.

પકડાયેલ આરોપી અસરફ મન્જરઅલી મનીહાર (ઉ.૨૩) રહે. છીરી રણછોડનગર, વૃંદાવન એપા. રૂમ નં.૧૦૪, વાપી, મૂળ રહે. કરજાવ પોસ્ટ-ખરસડી, તા. ઈટાવા, જી.સિદ્ધાર્થનગર છે.



તેની પાસેથી વાપી જીઆઈડીસીની બંધ કંપનીમાંથી ચોરી કરેલો મુદ્દામાલ મળી આવ્યો હતો. જેમાં બજાજ ઓટો રીક્ષા GJ-15-TT-0166 કિ.૧ લાખ, ઓટોની પાછળની સીટમાં પ્લાસ્ટિકની થેલીઓમાં ભરેલા ૧૮૦ કિ.ગ્રા કોપરના વાયર અને પ્લેટો કિ. રૂા.૧,૮૦,૦૦૦ અને એક મોબાઈલ કિ. રૂા.૫,૦૦૦ મળી કુલ રૂ.૨,૮૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. કબજે કરેલ મુદ્દામાલ અને આરોપીને વધુ તપાસ અર્થે ડુંગરા પોલીસને સુપરત કરવામાં આવ્યા છે. આ કામગીરી એલસીબીના પીએસઆઈ જે.જી. વસાવા, મહેન્દ્ર ગુરજીભાઈ અને પો.કો હિતેશ, તેજપાલસિંહ, સ્વપ્નીલની ટીમે કરી હતી.

## વાપી જીઆઈડીસી પોલીસે આંતરરાજ્ય ચોરી-સ્નેચિંગ કરતા ગેંગના ૪ ઝડપ્યા

**વાપી ટાઉન, નાનાપોંઢા, દમણ, સેલવાસ સહિત કુલ ૧૪ જેટલા ગુનાઓની કબૂલાત, કુલ રૂા.૫.૨૫ લાખથી વધુનો મુદ્દામાલ કબજે**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૩૦ :** વલસાડ જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓને અટકાવવા અને બનેલા ગુનાઓનો ભેદ ઉકેલવા માટે સુરત રેન્જના પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના મુજબ વાપી ડિવિઝનમાં સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે વાપી જીઆઈડીસી પોલીસને મોટી સફળતા મળી છે.

વાપી જીઆઈડીસી, વાપી ટાઉન, દમણ, સેલવાસ અને દાદરા નગર હવેલી વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી બાઈક પર આવી મોબાઈલ સ્નેચિંગ, ચેઈન સ્નેચિંગ અને લૂંટની ઘટનાઓને અંજામ આપતી ગેંગ સક્રિય થઈ હતી. ગત તા.૧૦/૦૮/૨૦૨૫ના રોજ વાપી જીઆઈડીસી વિસ્તારમાં એક વ્યક્તિ પાસેથી ૧.૪૦ લાખનો આઈફોન ઝૂંટવી જવાની ઘટના બાદ પોલીસે ગંભીરતા દાખવી હતી.

વાપી ડીવાયએસપી બી.એન. દવેના માર્ગદર્શન હેઠળ જીઆઈડીસી પીઆઈ એસ.પી. ગોહિલની ટીમે ૨૦૦થી વધુ સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલીજન્સના આધારે વોચ ગોઠવી હતી. પો.કો. રાકેશભાઈ ગોપાલભાઈ અને કપીલદેવ ભૂપેન્દ્રભાઈને મળેલી ચોક્કસ બાતમી આધારે પોલીસે ૪ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.ઝડપાયેલા આરોપીઓમાં મોહમ્મદ હનીફ ઉર્ફે મુન્ના અંસારી (રહે. મોરા, વાપી), આનંદ ઉર્ફે ગુણા પટેલ (રહે. લવાછા), વિશાલ ઉર્ફે કાલુ સહાની (રહે. લવાછા) અને કરણ પરિહાર (રહે. કરમખલ) નો સમાવેશ થાય છે. પૂછપરછ દરમિયાન આ ગેંગે વાપી જીઆઈડીસીના ૨, વાપી ટાઉન, નાનાપોંઢા, દમણ, સેલવાસ સહિત કુલ ૧૪ જેટલા ગુનાઓની કબૂલાત કરી છે. પોલીસે તેમની પાસેથી ૧૨ નંગ મોબાઈલ ફોન કિં.રૂા.૩.૬૫ લાખ, એક પલ્સર બાઈક કિં.રૂ.૧.૧૦ લાખ અને એક એક્સેસ મોપેડ કિં.રૂ.૫૦ હજાર મળી કુલ રૂા.૫.૨૫ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. વધુ તપાસ ચાલુ છે.

## તિથલ કાંઠે મૃત ડોલ્ફિન તણાઈ આવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** દક્ષિણ ગુજરાતના પ્રખ્યાત પ્રવાસન સ્થળ એવા વલસાડના તિથલ દરિયાકિનારે આજે વધુ એક મૃત ડોલ્ફિન માછલી તણાઈ આવતાં ચકચાર મચી ગઈ છે. દરિયાકિનારે સહેલગાહ માટે આવતા પ્રવાસીઓ અને સ્થાનિક લોકોમાં આ દ્રશ્ય જોઈને ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી.



વલસાડમાં જાણીતા એવા તિથલ તેમજ આસપાસના દરિયાકિનારે છેલ્લા કેટલાક સમયથી અવારનવાર ડોલ્ફિન, દુર્લભ ઓલિવ રીડલી કાચબા તેમજ અન્ય માછલીઓ મૃત હાલતમાં મળી આવવાની ઘટનાઓ સતત વધી રહી છે. સ્થાનિકો અને પર્યાવરણ પ્રેમીઓમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં કાર્યરત કેમિકલ કંપનીઓ દ્વારા શુદ્ધિકરણ વગરનું ઝેરી કેમિકલયુક્ત પાણી દરિયામાં ઠાલવવામાં આવી રહ્યું છે, જેના કારણે દરિયાઈ જીવોના મોત થઈ રહ્યા છે. તિથલ કિનારે વારંવાર દરિયાઈ જીવોના મોત થવા છતાં તંત્ર હજુ સુધી કોઈ નક્કર કારણ શોધી શક્યું નથી. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા દરિયાના પાણીના સેમ્પલ લઈને ઝેરી કેમિકલ છોડતી એકમો સામે કડક કાર્યવાહી કરવામાં કેમ ઢીલી નીતિ અપનાવવામાં આવી રહી છે તેવા સવાલો ઉઠી રહ્યા છે.

વન વિભાગ દ્વારા મૃત ડોલ્ફિનનો કબજો મેળવી તેનું પોસ્ટમોર્ટમ કરાવી મોતનું સાચું કારણ જાહેર કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. જો પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કેમિકલ માફિયાઓ સામે તાત્કાલિક ધોરણે કડક પગલાં નહીં લેવાય, તો આગામી દિવસોમાં તિથલ દરિયાકિનારાની જૈવવિવિધતા સંપૂર્ણપણે નષ્ટ થવાની ભીતિ સેવાઈ રહી છે.

## સેલવાથી દારૂનો વોન્ટેડ આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે નાસતા ભાગતા આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. તે દરમિયાન એલસીબી ટીમને મળેલી બાતમી કે વલસાડ સીટી પોલીસ મથકમાં દારૂના ગુનાનો વોન્ટેડ આરોપી સેલવાસમાં હોવાની માહિતી મળતા પોલીસે છાપો મારતા વોન્ટેડ આરોપી ભાવેશ પટેલ (ઉં.વ. ૨૬)રહે બાલદેવી, ડાંગર ફળીયાને ઝડપી પાડ્યો હતો.

## વાપી આરપીએફ જીઆરપીએ પાંચ ચોરને ઝડપી પાડ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૩૦ :** વાપી રેલવે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષાને લઈને ચલાવવામાં આવી રહેલા ઓપરેશન યાત્રી સુરક્ષા અંતર્ગત આરપીએફ વાપી અને જીઆરપી વાપીએ સંયુક્ત રીતે અસરકારક કામગીરી કરી છે. તા.૯થી ૨૬ ઓગસ્ટ દરમિયાન સીસીટીવી નિગરાની અને શંકાસ્પદોના ચેકિંગ દરમિયાન ૫ આરોપીઓને ઝડપી પાડી રૂા.૧.૫૪ લાખનો મુદ્દામાલ રીકવર કર્યો છે.

ગત તા. ૯મી ઓગસ્ટે ઈસ્ટ બુકિંગ કાઉન્ટર પાસેથી મોબાઈલ ચોરી કરતા શખ્સ પાસેથી રિયલમી ફોન કબજે કરાયો હતો. તા. ૨૧મીએ બોરીવલીના અંકિત દુબે (૨૯)ને મુસાફરનો ટેકનો મોબાઈલ ચોરી ભાગતા ઝડપી લેવાયો હતો.

તા. ૨૩મીએ ડુંગરાના જય દાસ (૨૫)ની પૂછપરછમાં સેમસંગ અને આઈફોન ૧૩ મીની મળી રૂા.૯૫ હજારના બે ફોન રીકવર થયા હતા. તા.૨૪મીએ સુરતના સુભાષ પારેખ પાસેથી રોકડ રૂા.૫૬૫૦ ભરેલું પર્સ મળ્યું હતું, જ્યારે તા.૨૬મીએ ગીતાનગરના ઉમેશ રામ પાસેથી વીવો અને ઓપ્પોના બે ફોન કબજે કરાયા હતાં. તમામ આરોપીઓ સામે જીઆરપી વાપીમાં BNS ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે.

## ધરમપુર ચર્ચ પાસેથી દારૂ સાથે ચીખલીનું દંપતી ઝડપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૩૦ :** વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમ બાતમી આધારે ધરમપુર રોડ પર સેન્ટ જોસેફ ટીચીંગ હાઈસ્કુલ સામેથી કારમાં ચોરખાનું બનાવી દારૂની હેરાફેરી કરતાં ચીખલીના એક દંપતીને દારૂ, કાર અને મોબાઈલ મળી કુલ ૫,૭૪,૨૯૬નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને LCB પી.આઈ. એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ LCB સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન મળેલી બાતમીના આધારે, વલસાડ ધરમપુર રોડ પર સફેદ કલરની મારુતિ બ્રેઝા કાર GJ-15-CG-8311ને અટકાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. કારની સીટ નીચે બનાવેલા ચોરખાનામાંથી દારૂની ૨૮૨ બોટલો કિંમત રૂપિયા ૬૪,૨૯૬, મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તથા કારની કિંમત રૂપિયા ૫ લાખ મળી કુલ ૫,૭૪,૨૯૬ રૂપિયાના મુદ્દામાલ સાથે સંજયભાઈ ઠાકોરભાઈ આહિર ઉં.વ. ૩૬, અને પત્ની વર્ષાબેન સંજયભાઈ આહિર ઉં.વ. ૩૫, રહે. રૂઝવણી, ઝાડી ફળીયા, તા. ખેરગામ, જી. નવસારીની ધરપકડ કરી છે. જયારે મિલનભાઈ રહે. દમણ દારૂનો જથ્થો ભરાવી આપનાર ગણપતભાઈ પટેલ રહે. ચીખલી, તા. ચીખલી, જી. નવસારીને દારૂનો જથ્થો મંગાવનારને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે. જે અંગે વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી ઝડપાયેલા આરોપીઓ અને મુદ્દામાલને આગળની વધુ તપાસ અર્થે વલસાડ સીટી પોલીસ મથકે સોંપવામાં આવ્યા છે.

## સાપુતારા-માલેગામ માર્ગ પર એસટી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૩૦ :** ડાંગ જિલ્લાના સાપુતારા-માલેગામ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ફોરેસ્ટ રેસ્ટ હાઉસ નજીકના ઉતરાણવાળા વળાંકમાં આજે ગુજરાત એસટી નિગમની નાસિક-સુરત બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.સદનસીબે બસમાં સવાર તમામ મુસાફરોનો ચમત્કારિક બચાવ થતાં મોટી જાનહાનિ ટળી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, મહારાષ્ટ્રના નાસિકથી સુરત તરફ જઈ રહેલી ગુજરાત એસટી નિગમની નાસિક-સુરત બસ સાપુતારા-માલેગામ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરથી પસાર થઈ રહી હતી.તે દરમિયાન માલેગામ ફોરેસ્ટ રેસ્ટ હાઉસ નજીકના ઉતરાણવાળા યુટર્ન વળાંકમાં પાછળથી પૂરઝડપે આવી રહેલા ટ્રકે એસટી બસને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. પ્રાથમિક માહિતી મુજબ, ટ્રકની બ્રેક ફેઈલ થઈ જતાં ચાલકે ટ્રક પરનો કાબૂ ગુમાવ્યો હતો અને બેકાબૂ બનેલો ટ્રક બસ સાથે અથડાયો હતો. ટક્કરના પગલે એસટી બસ માર્ગની સાઈડમાં ઉતરી જતાં બસમાં સવાર મુસાફરોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ અકસ્માતને પગલે બંને વાહનોને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. જોકે, બસમાં સવાર તમામ મુસાફરોનો ચમત્કારિક બચાવ થતાં મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાની જાણ થતાં સંબંધિત તંત્ર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## કપરાડા પોલીસનો વોન્ટેડ બાઈક ચોર ઝડપાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૩૦ :** કપરાડા પોલીસ સ્ટેશનના છેલ્લા બે વર્ષથી બાઈક ચોરીના બે ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે.

કપરાડા PI ડી.એન. વાંઝાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ સુધારપાડા ઓપી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે અ.હે.કો. આશિષભાઈ અર્જુનભાઈ (બ.નં.૭૬૫)ને મળેલી ચોક્કસ બાતમી આધારે કાર્યવાહી કરાઈ હતી. પોલીસે આરોપી જ્ઞાનેશ્વર ઉર્ફે તાત્યા સુરેશ હરી શાહુલ (ઉ.૩૧) ધંધો મજૂરી, રહે.નનાસી, હનુમાન મંદિર પાસે, તા.ડિંડોરી, જી.નાશિક (મહારાષ્ટ્ર) ને પકડી પાડ્યો હતો. તેની સામે કપરાડા પો.સ્ટેમાં બાઈક ચોરીના બે ગુના નોંધાયેલા છે.

## પારડી સ્મશાન ગૃહ ખાતે ચક્ષુદાતા સ્વ.જયંતભાઈ ચાપાનેરીની પ્રતિમાનું લોકાર્પણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૩૦ :** પારડી લાયન્સ ક્લબ ઓફ પારડી રત્ન અને શ્રી પારડી સ્મશાન ગૃહ દ્વારા આજરોજ પારડીના સમાજસેવક સ્વર્ગસ્થ જયંતભાઈ ચાંપાનેરી ની આલોકીક પ્રતિમાનો અનાવરણ પારડીના ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. પારડીના સમાજસેવક સ્વર્ગસ્થ જયંતભાઈ ચાપાનેરી કે જેમણે બ્લડ બેન્કની સ્થાપના કરી વાત્સલ્ય શાળાના બાળકો માટે વાત્સલ્ય શાળા નું નિર્માણ કરાવ્યું ખાસ પ્રોજેક્ટ કરીને સ્મશાન ભૂમિ નો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો એમનો બીજો પ્રોજેક્ટ હતો ચક્ષુદાન આસન કે લોકોને તેઓએ આંખ નો દાન કરાવી લોકોને જેમને દેખાતું ની હોય એમને નવો જીવનદાન આપ્યો હતો. આ સિવાય એમના ઘણા બધા સેવાકીય કાર્યો હતા જેનાથી એવો સમાજસેવક તરીકે જાણીતા થયા હતા. એમની સામે સેવા ને યાદ કરી આજ રોજ પારડીની પવિત્રવાય વાયકુંઠધામ એટલે કે સમસાન ભૂમિ ના પટાંગણમાં એમની આલોકીક અદભુત પ્રતિમાનું આના વર્ણન પાર્ટીના લોકપ્રિય ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈના વરદ હસ્તે અને સ્વર્ગસ્થ જયંત



ભાઈ ચાંપાનેરીના દીકરા ચેતનભાઈ ચાપાનેરી સહીત ચાંપાનેરી પરિવાર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માનવ આરોગ્ય સેવા કેન્દ્રના ચેરમેન દિનેશભાઈ સાકરીયા ટ્રસ્ટી દિનેશભાઈ શાહ વરિષ્ઠ નાગરિક મંડળના પ્રમુખ એન. કે. દેસાઈ, પ્રફુલભાઈ પ્રજાપતિ, જીવદયા ગ્રુપના પ્રમુખ અલી અન્સારી, ડો. ઠોસર, શરદભાઈ દેસાઈ સાથે દરેક સમાજના હોદ્દેદારો પારડી નગરપાલિકાના હોદ્દેદારો સાથે વિશાળ સંખ્યામાં નગરજનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન લાયન્સ ક્લબ ઓફ પારડી રત્નાના સેક્રેટરી રાજેશભાઈ પરમાર એ કર્યો હતો. સ્વ. જયંતભાઈ ચાંપાનેરીના પરિવારજનો એ દરેક મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## દુનેઠાના જગન્નાથ મંદિરમાં રક્ષાબંધન પર્વ ઉજવાયો



**દમણ, તા.૩૦ :** દુનેઠા સ્થિત જગન્નાથ મંદિર અનંતમ ખાતે ભગવાન શ્રી જગન્નાથને સમર્પિત શ્રાવણ પૂર્ણિમા નિમિત્તે ભગવાન શ્રી બલભદ્રજીનો જન્મોત્સવ, રક્ષાબંધન તથા શ્રાવણ પૂર્ણિમાનો પર્વ ભક્તિભાવ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મંદિર પરિસરમાં ભક્તોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ જોવા મળી હતી. ભગવાન શ્રી બલભદ્રજીના જન્મોત્સવની ખુશીમાં ભક્તોને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું. મહિલાઓ તથા પુરુષ સહયોગીઓ દ્વારા સુંદર ભજનની રજૂઆત કરવામાં આવી હતી. સાંજે વિશેષ આરતી, ચંદ્ર પૂજન તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂર્ણિમાની રાત્રે ચંદ્રનો લાલ, નારંગી અને પીળો આભાસ ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આ અવસરને આધ્યાત્મિક ચિંતન, આંતરિક જાગૃતિ અને સકારાત્મક ઊર્જાના અનુભવ સાથે જોડવામાં આવ્યો હતો. શ્રી જગન્નાથ મંદિર સેવા સંસ્થાન, દુનેઠા-દમણના અધ્યક્ષા સુશ્રી અંજલિ નંદા બહેને જણાવ્યું હતું કે સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ ભગવાનના ચિંતન દ્વારા ચેતનાનું જાગરણ, આધ્યાત્મિકતાનો વિસ્તાર તથા માનસિક અને આધ્યાત્મિક જાગૃતિને પ્રોત્સાહન આપવાનો છે. ભગવાન શ્રી બલભદ્રજીના જન્મોત્સવ નિમિત્તે ભક્તો સાથે ખુશીઓ વહેંચવાના આ આયોજનને સૌએ આનંદ અને ભક્તિભાવપૂર્વક માણ્યું હતું.

## સાદકપોરથી કારમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

**ચીખલી, તા.૩૦ :** ચીખલી પોલીસ સ્ટેશનના સર્વેન્સ સ્ટાફને બાતમી મળી હતી કે ખેરગામ તરફથી દારૂ ભરેલી એક ઈનોવા ક્રિષ્ટા ગાડી નંબર gj 15 cm 7872માં દારૂનો જથ્થો આવી રહ્યો છે. જે બાતમીના આધારે ચીખલી ખેરગામ માર્ગ ઉપર વોચ રાખી હતી. દરમિયાન બાતમીવાળી કાર પોલીસની નજરે ચઢતા પોલીસે કારને આંતરવાનો પ્રયાસ કરતા ચાલકે કારને પૂરઝડપે ભગાવી મૂકી હતી. દરમિયાન પોલીસે મોબાઈલ દ્વારા અન્ય પોલીસ સ્ટાફને જાણ કરતા તેમના દ્વારા ચીખલી કાવેરી નદીના પુલ પાસે વાહનોની આડસ ઊભી કરી દેવામાં આવતા કારચાલક પુનઃ ખેરગામ તરફ નાસી છૂટ્યો હતો. પરંતુ નાકાબંધી કરી રહેલી પોલીસે કારને આંતરિ લીધી હતી. જોકે ઈનોવા કારના ચાલકે ખાનગી વાહનને પણ વારંવાર ટક્કર મારી હતી. પોલીસે કારની તલાસી લેતા કારમાંથી વિસ્કીની નાની મોટી બોટલો તેમજ ટીન બિયરનો જથ્થો કુલ ૧૪૧૬ જેની કિંમત રૂપિયા ૩,૪૩,૨૦૦ તેમજ ઈનોવા ગાડીની કિંમત રૂપિયા ૧૦ લાખ તથા એક નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૩,૫૩,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા
માટે વેબસાઈટની
મુલાકાત લો
www.damangangatimes.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**